R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : CA અશ્વિન માલદે ❋ CA ચંદ્રકાન્ત નંદુ ❋ CA સંજય છેડા

VOL.65 ISSUE NO. 3 - JUNE 2022 - 68 PAGES - RS. 15/-



KALO DUNGAR, KUTCH

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 00
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
**Gada & Haria Pvt Ltd**
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

જૂન ૨૦૨૨

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| ચાલો સમાજની બહાર ડોકિયું કરીએ | CA અશ્વિન માલદે........................ | ૫ |
| પ્રમુખશ્રીની કલમે | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૯ |
| પગ મેં ભમરી............................................... | લીલાધર માણેક ગડા .................. | ૧૩ |
| માણસનો માણસમાં વિશ્વાસ | | |
| એકલો અટૂલો ............................................. | ડૉ. ગિરીશ વીછીવોરા ................. | ૧૮ |
| કચ્છી ભાષાના બે-મિસાલ કવિ સ્વ. 'તેજ'.......... | પ્રવિણચંદ્ર શાહ............................ | ૨૧ |
| કભી કિસીકો મુકમ્મલ જહાઁ નહીં મિલતા............. | CA સંજય વિસનજી છેડા.............. | ૨૬ |
| સોનાર બાંગ્લાની માટી અને માનુષ.................. | જ્યોતિ મોતા............................... | ૩૦ |
| 'હોવું' અને 'થવું' ......................................... | શાંતિલાલ ગઢિયા......................... | ૩૬ |
| આપણી ધરોહર, આપણી સંસ્કૃતિ...................... | શિલ્પા સમીર વોરા....................... | ૩૭ |
| સાહિત્ય અમૃત ............................................. | આલેખન : CA ચંદ્રકાન્ત નંદુ ........ | ૩૯ |
| વાત છે મારી-તારી-આપણી ........................... | હેમા વીરા ................................. | ૪૪ |
| લગ્ન તથા પ્રેમ લગ્નમાં ભંગાણ........................ | ડૉ. મંજુલા શાહ અને તરલાબેન છેડા | ૪૬ |
| પગદંડીને પત્ર | | |
| જાહેર સ્થળોએ શૌચાલયો...................... | વસંતલાલ ગડા .......................... | ૪૯ |
| હમ દો ઔર હમારે..... ......................... | જ્યોતિ ગિરીશ છેડા..................... | ૪૯ |
| વસ્તી વધારો....................................... | રાજેશ સાવલા............................ | ૫૦ |
| ઉર્મિલલહર.................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૫૨ |
| ક.વી.ઓ. સેવા સમાજ અપડેટ - ક્રિકેટ ઉત્સવ..... | ................................................. | ૫૭ |
| કચ્છી શબ્દ મેળો - ૪..................................... | ................................................. | ૬૨ |
| સાંત્વન....................................................... | ................................................. | ૬૫ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
ગાલા કેટરર્સ નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ
# ડેસ્ટીનેશન વેડિંગ
આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

# કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે
૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spec.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in
Google | Google play

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

## તંત્રીસ્થાનેથી

# ચાલો સમાજની બહાર ડોકિયું કરીએ

આપણો સમાજ સુગઠિત સમાજ છે.

કોઈ પણ સમાજમાં ન થતી હોય એટલી પ્રવૃત્તિઓ સમાજની સંસ્થાઓ દ્વારા સમાજની વ્યક્તિઓ માટે થઈ રહી છે.

કોઈ પણ ક્ષેત્રનું નામ લો :

શૈક્ષણિક

વૈદ્યકીય

આવાસ યોજના

સ્ત્રી ઉત્કર્ષ યોજના

ક્રિકેટ અને અન્ય રમતો

સાંસ્કૃતિક

શૈક્ષણિક માર્ગદર્શન, વ... વ...

બધામાં હજરાજૂર.

પરંતુ આજે સંસ્થાઓની વાત નથી કરવી.

સંસ્થાઓની ચૂંટણી અને એની રસાકસીની વાત નથી કરવી.

વાત કરવી છે સમાજ માટે અન્ય પર્યાયની, સમાજ બહારની દુનિયાની, આપણાં શહેર, પ્રાંત અને રાષ્ટ્રની, સમાજની બહાર આપણા વિશેષ યોગદાનની, આપણી વિશિષ્ટ સિદ્ધિઓની.

શું એવું નથી લાગતું કે આપણે જ્ઞાતિના, સમાજના, ધર્મના વાડામાં બંધાઈ બંધિયાર બની રહ્યા છીએ.

શું એવું નથી લાગતું કે આપણે આપણી ક્ષિતિજો વિસ્તારી, બહાર નીકળી, ઊડતા પક્ષીની જેમ સ્વૈરવિહારી બનવાની.

શું એવું નથી લાગતું કે આપણે પોતાની જાતને અને આવનારી પેઢીને પાંખો આપીએ, મુક્ત ગગનમાં કંઈક વિશેષ કરવા પ્રેરીએ, એવું કંઈક કરવા માટે વૃત્તિ કેળવીએ.

ક્યાં છે આપણામાં કોઈ વૈજ્ઞાનિક, નવી સ્ટાર્ટ અપ શરૂ કરનાર, આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ, કોઈ કળામાં નિપુણ, કોઈ રાજકારણમાં, કોઈ જનહિતના વિષયમાં, સામાન્ય જન માટે અથવા એવા મુદ્દા માટે ઝઝૂમનાર (Activist).

ક્યાં નોંધ લેવાય છે આપણાં મંતવ્યોની, ક્યાં લેવાય છે સમાચાર પત્રોમાં આપણા સમાચાર નોંધ કે આપણી પ્રવૃત્તિઓની નોંધ.

ચાલો જાણીએ આપણા ભારતની જ વિશિષ્ટ વ્યક્તિઓને જેમણે પોતાના ક્ષેત્રમાં વિશિષ્ટ યોગદાન આપ્યું છે.

**અનુજા ચૌહાન :-** ફક્ત ૨૩ વર્ષની વયે પોતાની ઍડ. એજન્સી શરૂ કરી. **''યે દિલ માંગે મોર'', ''ટેઢા હૈં પર મેરા હૈં''** જેવા મશહૂર અને આકર્ષક સ્લોગનો આપી પોતાનો ડંકો વગાડી દીધો.

**મેઘના પંત :-** ફક્ત ૨૪ વર્ષની વયે **"ONE AND HALF WIFE"**નું પુસ્તક લખ્યું જે બેસ્ટ સેલર બન્યું અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અને પુરસ્કારો મેળવ્યાં.

**અભિરાજ ભાલ :- IIT કાનપુર**માંથી એન્જિનિયર થઈ કંઈક નવું કરવાનું વિચાર્યું અને પરિણામ **"URBAN CLAP"**. આજે આ કંપનીના કારીગરો રોજબરોજની જરૂરીયાતો માટે ઘરેઘરે પહોંચી રહ્યા છે.

**શૈલી ચોપડા :- E-T NOW**માં વ્યાપારિક સમાચારના એંકર. ૩૫ વર્ષની વયમાં ભારતની ૫૦ સૌથી વધુ પ્રભાવ ધરાવતી મહિલાઓમાં સમાવેશ.

**સુહાસ ગોપીનાથ :-** ૧૯૮૬માં જન્મેલ આ યુવાને ૧૪ વર્ષની વયે **Globals Inc** નામની કંપની બેંગલોરના સાયબર કાફેમાં શરૂ કરી. આજે ૨૦૦ જણાના સ્ટાફ સાથે ૧૧ દેશોમાં કાર્યરત.

**આનંદ ગંગાધરન :- Walkie Mobi Charger.** તમારા જોડામાંથી મોબાઈલ ચાર્જ કરવાનું ચાર્જર વિકસાવ્યું. જેમ ચાલો તેમ મોબાઈલ ચાર્જ.

**અંગદ દર્યાનાની :- 3D** પ્રિન્ટર બનાવનાર ભારતમાં પ્રથમ.

યાદી ન ખૂટે એવી છે.

આપણામાંથી પણ કોઈકે એવી વિશિષ્ટ સિદ્ધિ મેળવી હશે, જેનાથી માહિતગાર ન હોઈએ.

પરંતુ આવી વિશિષ્ટ વ્યક્તિઓની યાદીમાં આપણા સમાજની વ્યક્તિઓનાં પણ નામો આવે. વધુમાં વધુ આવે એવા પ્રયત્નો કરવાની શું જરૂર નથી લાગતી ?

શું આપણું સુરક્ષા કવચ આપણને આવા પ્રયાસો કરવા રોકી રહ્યું છે.

શું આ સુરક્ષા કવચના કારણે આપણે ઝઝૂમવાની ઝંખના છોડી દીધી છે.

આવી સિદ્ધિઓ મેળવવા માટે જરૂરી હોય છે, ઊંચા ધ્યેય અને ઊંચા મુકામ તરફ દૃષ્ટિ માંડવાની.

શું આપણી સંતોષવૃત્તિ આપણને અજાણ્યા પ્રદેશ તરફ પ્રયાણ કરતા રોકી તો નથી રહી.

અને આમ પણ

આપણે મહદ્ અંશે પરંપરાગત ધંધામાં છીએ, જેમ ક દુકાનો, નાના ઉત્પાદનકારો, બાંધકામ વગેરે ક્ષેત્રમાં.

પરંતુ વાતાવરણ ઝડપથી બદલાઈ રહ્યું છે.

આજના આપણા આ ધંધાઓના પરિમાણ કદાચ બહુ જલદીથી બદલાઈ જશે.

**Amazon, Flipkart** અને અન્ય ઓનલાઈન કંપનીએ રિટેલ ધંધાને મોટી અસર પહોંચાડી છે. આજે આ પરિસ્થિતિ મોટાં શહેરોમાં છે. કાલે નાનાં શહેરોમાં, પછી કદાચ ગામડાંમાં **D-Mart** નવા ને નવા ખૂલી રહ્યાં છે.

**Zomato** અને **swiggy**એ રેસ્ટોરેન્ટોને એમના પર અવલંબિત કરી દીધા છે.

**Uber** અને **Ola**એ ટૅક્સી વ્યવસાયને મોટો ધક્કો પહોંચાડ્યો છે.

**Pharmacy** જેવાએ દવાની દુકાનોને ડિસ્કાઉન્ટ આપતા કરી દીધા છે.

અને હવે તો બધા જ ધંધામાં **online**નો પ્રસાર વધતો જાય છે.

આજે આ સમયગાળો **VUCA**નો છે.

**Volatility, Uncertainity, Complexity and Ambiguity**

અસ્થિરતા, અનિશ્ચિતતા, જટિલતા અને અસ્પષ્ટતા.

અને આ બધી સમસ્યાઓ વ્યાપારીઓ કે ઉત્પાદકો માટે જ છે, એવું નથી. એ આજે નહીં તો કાલે બધાને સ્પર્શશે, **Professionals**ને પણ.

સમય સમયનું કામ કરશે.

પાણી પહેલાં પાળ બાંધવી જરૂરી છે.

આપણી માનસિકતા બદલવી જરૂરી છે.

આપણે પત્રિકાની વાહવાહીમાં મોટી સિદ્ધિ મેળવવાનો આનંદ માણીએ.

આપણી સિદ્ધિ એટલે સમાજની કોઈ, સામાજિક, ધાર્મિક કે કુળદેવીની સંસ્થામાં કોઈ હોદ્દો.

આપણાને આમાંથી બહાર આવવું જરૂરી છે.

સમાજની બહાર પણ ઘણુંબધું સારું થઈ રહ્યું છે.

સમાજની બહારની દુનિયામાં ડોકિયું કરવાનું જરૂરી છે.

**Whats App**ના સંદેશાઓ વગર વિચારે, વગર ચકાસે આગળ ધકેલવાની (forwards) વૃત્તિમાંથી બહાર આવવાની, ધાર્મિક પ્રવૃત્તિમાં સમતોલ બનવાની જરૂરત છે.

તર્કસગંત વિચારવાની વૃત્તિ કેળવવાની જરૂરત છે.

સહાયો પર અવલંબન ઓછું કરવાની જરૂરત છે.

નિશાન ચૂક માફ, પરંતુ નીચું નિશાન નહીં, ઊંચા નિશાનો, ઊંચા ધ્યેયો આપણી સમક્ષ રાખવાની જરૂરત છે.

અને એ માટે યથાયોગ્ય નહીં, અથાગ પ્રયત્નો જરૂરી છે. ધ્યયેપ્રાપ્તિ માટે સહાયરૂપ થાય એવું વર્તુળ કેળવવાની જરૂર છે.

સવાલો કરવાની વૃત્તિ કેળવવાની જરૂર છે અને જવાબોને પોતાની રીતે સમાસવાની ક્ષમતા કેળવવાની જરૂરત છે.

બધી જ ચીજોને પરંપરાગત રીતે સ્વીકારવાને બદલે દલીલ કરવાની ને એ યોગ્ય લાગે તો જ સ્વીકારવાની વૃત્તિ કેળવવાની જરૂરી છે.

અને જરૂરત છે...

મહત્ત્વાકાંક્ષી બનવાની.

**- CA અશ્વિન માલદે**

# પ્રમુખશ્રીની કલમે

✲ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ✲

સાદર પ્રણામ,

**પહેલું સુખ તે જાતે નર્યા**

આપણા લોકસાહિત્યમાં પણ તંદુરસ્તી અને સુખને કેવા સરસ રીતે જોડી અને એની સચોટ અને સરળ વ્યાખ્યા આપી છે.

આજના સંદર્ભમાં જોવા જઈએ તો આઝાદી પહેલાના ભારતના સામાન્ય માણસનું સરેરાશ આયુવયમાં સારા એવા પ્રમાણમાં વધારો થયેલ છે, પણ તંદુરસ્તીના સંદર્ભમાં ફેરવિચારણા કરવી પડે તેમ છે.

વરસો પહેલાં આપણે જ્યારે ખેતી કરી ગુજરાન ચલાવતા હતા, ત્યારની સાદગીભરી અને મહેનતથી સભર જીવનશૈલી આપણાને તંદુરસ્તી આપતી હતી. આજીવિકા માટે આપણે શહેર તરફ પ્રયાણ શરૂ કર્યું અને શહેરી જીવનમાં ગોઠવાતા ગયા. શારિરિક શ્રમ ધીરે ધીરે ઓછો થતો ગયો.

આપણાં ખોરાક અને જીવનશૈલીમાં આવેલ આમુલ પરિવર્તનના લીધે શારીરિક તંદુરસ્તીમાં બદલાવ આવતો ગયો અને આજની તારીખમાં ૫૦ વરસની ઉપરની વયની ૧૦૦ વ્યક્તિઓમાંથી ૫૦% થી વધારે વ્યક્તિઓ કોઈ ને કોઈ જાતની શારીરિક બીમારીઓથી પીડિત છે. આ એક ચોંકાવનારી બાબત છે અને જીવનશૈલીની સાથે સંકળાયેલ બીમારીઓ જેવી કે હાઈબ્લડ પ્રેસર/ડાયાબિટીસ અને હૃદયરોગ મોખરાની ભૂમિકા ભજવી રહ્યા છે.

તાજેતરના થોડાક સમયથી આપણી જ્ઞાતિ પત્રિકામાં આવતી મૃત્યુ નોંધમાં યુવાવયમાં હૃદયરોગથી મૃત્યુ પામેલાની સંખ્યામાં સારો એવો, પણ ચિંતાપ્રેરક વધારો જોવા મળે છે.

આવા રોગોના મૂળમાં બદલાયેલી જીવનશ્રેણીના ૩-૪ મુદ્દાઓ પ્રત્યે આપનું ધ્યાન દોરવું જરૂરી છે.

૧) **ખોરાક :** અન્ન તેવો ઓડકાર આ જૂની કહેવત ઘણું બધું કહી જાય છે. સાદી રસોઈથી જંક ફૂડ તરફ મારેલ હનુમાન કૂદકો ઘણા અંશે જવાબદાર હોઈ શકે. આપણું શરીર આ ફેરફાર સાથે મનમેળ કરી શકેલ નથી. આપણી રસોઈમાં તેલ/ઘી/સાકર/મેંદાનું પ્રમાણ વધતું જોવા મળે છે. પ્રોટીનજનક રસોઈનું પ્રમાણ ઓછું હોય છે. બહારના ખોરાકમાં વપરાતા ભેળસેળયુક્ત મસાલા- Preservative અને આર્ટિફિસિયલ કલર પણ લાંબે ગાળે શરીર પર અસર કરતા હોય છે.

૨) **બેઠાડું જીવનઃ** સખત મહેનત કરી રોટલો કમાવતા આપણે આજે એ.સી.-ડ્રોઈંગ રૂમમાં ટી.વી. જોતા થઈ ગયા છીએ. વૈજ્ઞાનિકોએ બનાવેલ ઢગલાબંધ Gadgetના લીધે રસોડા/ઘરનું કામ ખૂબ જ સરળ થઈ ગયેલ છે. કેટલાંક ઘરોમાં કામવાળાઓની સંખ્યા ઘરમાં રહેતા સભ્યો જેટલી થતી જોવા મળે છે.

પુરુષો પણ ઑફિસ કે પોતાના કાર્યાલયમાં બેસીને આરામજનક રીતે કામ કરતા થઈ ગયેલ છે. મહેનતભર્યાં કામો આપણી કઠિન જિંદગીમાંથી લગભગ નીકળી ગયાં છે. શારીરિક શ્રમની જગ્યાએ આરામજનક જીવનશૈલી ઘણા જ રોગોનું મૂળ બનતી જાય છે.

૩) **વ્યસનઃ** તમાકુ/દારૂનું વ્યસન ખૂબ જ સામાન્ય થઈ ગયેલ છે અને ખાસ કરીને યુવતીઓ પણ આમાં જોડાયેલી સાંભળીને ક્યારેક ચોંકી જવાય છે.

વ્યસનોના લીધે લીવર/ફેફસાં અને મોઢામાં થતા કૅન્સરના બનાવો આપણને લાલ લાઈટ બતાવે છે. વ્યસનમુક્ત સમાજ માટે જનજાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી બની જાય છે.

૪) **તનાવમુક્ત જીવનશૈલી :** મોંઘવારીની વિષજાળમાં ફસાયેલ આજનો સામાન્ય માણસ તનાવ હેઠળ જીવતો હોય છે. જીવનના દરેક તબક્કે વધુ પૈસા કમાવવાની લાલચ

આપણાને ક્યારેક આ દિશામાં લઈ જાય છે. ખાસ કરીને યુવાવર્ગને આ તનાવયુક્ત જીવન હૃદયરોગ અને ડીપ્રેસન જેવી બીમારીઓની ભેટ આપતા હોય છે.

આ ઉપરાંત ઘણાબધા અન્ય મુદ્દાઓ પણ આપણાને તંદુરસ્તીના સંદર્ભમાં ધ્યાન રાખવા જેવા છે.

આરોગ્ય પ્રત્યે સામાન્ય માણસ જાગૃત થાય અને એ પોતાની જીવનશૈલી અને ઉંમર અનુસાર પોતાના ડૉક્ટરની સલાહ મુજબ વૈદ્યકીય તપાસ કરાવતા રહે એ ઈચ્છનીય અને આજની જરૂરિયાત છે અને ઘણી બધી બીમારીઓના જીવલેણ કૉમ્પ્લીકેશનથી મહદ્ જ અંશે બચી જવાય.

આપણા સમાજની સ્ત્રીઓ ખાસ કરીને ગર્ભાશય અને સ્તનના કૅન્સર (Breast Cancer)ની અમુક તપાસો આ બીમારીની શરૂઆતના તબ્બકાને જાણ કરી શકે છે અને એ તપાસો તમારા ડૉક્ટરની સલાહ મુજબ કરાવવી હિતાવહ છે.

તાજેતરમાં શ્રી ક.વી.ઓ. સેવા સમાજ તરફથી આરોગ્ય સંપદાના નેજા હેઠળ ગર્ભાશયના મુખના કૅન્સર માટે Screening test ખૂબ જ આધુનિક કૉમ્પ્યુટરની મદદ વડે કરવા કૅમ્પો યોજાઈ રહેલ છે. અને એ માટેનો આંશિક સહયોગ સેવા સમાજના ભૂતપૂર્વ માનદ અધિકારી તરફથી મળેલ છે અને જણાવતા આનંદ થાય છે કે આપણા સમાજની લોકલ સંસ્થાઓએ ખૂબ જ સારો સહકાર આપેલ છે અને ઘણા વિસ્તારોમાં આગામી સમયમાં કૅમ્પોનું આયોજન કરવામાં આવશે.

અંતે આપણા સમગ્ર સમાજના સામાન્ય માણસોની તંદુરસ્તી માટે જાગૃતિ લાવવાનો ભગીરથ પ્રયાસ આપણે સૌએ સાથે મળીને કરવાનો છે. સમાજની બધી જ સંસ્થાઓ પોતાની રીતે આમ પહેલ કરશે તો આપણે જરૂર નક્કર પરિણામો લઈ આવી શકીશું અને શ્રી ક.વી.ઓ. સેવા સમાજ આમાં સૌને સાથ-સહકાર આપવા હરહંમેશ તત્પર છે અને રહેશે.

મો. ૯૩૨૨૯ ૫૫૮૮૦

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

લીલાધર માણેક ગડા-અધા

# માણસનો માણસમાં વિશ્વાસ

વીસ દિવસ અગાઉ વિચરતા સમુદાય સમર્થન મંચ - VSSMની સભામાં નિર્ણય લેવાયો હતો કે સંસ્થા હાલમાં ૪૭૦૦ પરિવારોને વિનાવ્યાજે આશરે રૂા. છ કરોડની લોન આપે છે. આ ૪૭૦૦ પરિવારો ગુજરાતના દશેક જિલ્લોઓમાં રહે છે. છેલ્લા ચાર વર્ષ દરમ્યાન કોરોનાના કપરા કાળમાં જ્યારે વ્યવસાયો ખોરંભાઈ ગયા હતા ત્યારે પણ લોનના હપ્તાઓ નિયમિતપણે આવતા હતા અને એક પણ રૂપિયો ખોટો નથી થયો. ભારતભરમાં અને કદાચ વિશ્વભરમાં એકમાત્ર દાખલો હશે જ્યાં નાનો શ્રમધારી, વ્યવસાય કે ફેરી કરનાર, ભેંસો-ગાયોનું દૂધ વેચી પેટીયું રળનાર, હાથગાડી, ઊંટગાડી ફેરવી આજીવિકા કમાનાર સમુદાયોએ વટવહેવાર અને વિશ્વાસને કાયમ રાખ્યો હોય અને ઉછીની લીધેલી લોન સમયસર પાછી કરી હોય. VSSM સંસ્થા આ સમુદાયોના, લોન-ધારકોમાંથી થોડીક વ્યક્તિઓનું જાહેરમાં સન્માન કરે. આ લોન વિતરણ કાર્યમાં, ૪૭૦૦ પરિવારોની જરૂરિયાત પારખી એમનામાં વિશ્વાસ દાખવી એમને લોન અપાવી હોય અને ત્યાર પછી એમની પાસેથી હપ્તાઓ ઉઘરાવી રકમ સંસ્થાની ઑફીસે જમા કરાવે, લેવડદેવડનો હિસાબ ચોખ્ખો રાખે એવા દશ જિલ્લાઓમાં કાર્ય કરતા સંસ્થાના કાર્યકરોનું પણ જાહેરમાં સન્માન કરે. આ કાર્યક્રમ વખતે જુદાજુદા સમુદાયોની આશરે ૫૦૦ વ્યક્તિઓને પણ સામેલ કરવી જેથી એમને પણ પ્રેરણા મળે.

આજથી આઠ વર્ષ અગાઉ સને ૨૦૧૪માં પાંચ પરિવારોને દરેકને પાંચ હજારનાં હિસાબે રૂા. પચીસ હજારનું ધિરાણ કર્યું હતું અને એનાથી આ પ્રવૃત્તિ ‘‘સ્વાવલંબન’’ શરૂ થઈ હતી. આજની તારીખે ૪૭૦૦ પરિવારોને આશરે છ કરોડનું ધિરાણ કરવામાં આવે છે. ધિરાણની રકમ પાંચ હજારથી લઈ રૂા. એક લાખ સુધી આપવામાં આવે છે. સંસ્થાએ આ કાર્યક્રમના સુચારું સંચાલન માટે સુંદર વ્યવસ્થા - Networkનું નિર્માણ કર્યું છે. વિચરતા સમુદાયોનો જ્યાં અસ્થાયી વસવાટ છે એવા દશ જિલ્લામાં સંસ્થાના કાર્યકરો ફરી વળે છે.

VSSM સંસ્થાના સભ્યો હોય એવા પરિવારોની યાદી તેમની પાસે હોય છે. દરેક પરિવારોની તમામ માહિતી કાર્યકરો પાસે છે અને તકલીફ કે મૂંઝવણમાં આવનાર પરિવારના મોભી કાર્યકરની મુલાકાત લે છે. આમ તો વારંવાર કાર્યકરો વિચરતા સમુદાયોના પરિવારો સાથે બેઠકો કરતા રહે છે. આ કાર્યકરોનું કાર્યક્ષેત્ર ઘણું છે. રાશન કાર્ડ, BPL કાર્ડ, ચૂંટણી કાર્ડ, આયુષમાન કાર્ડ ઉપલબ્ધ કરાવી આપવા, એમને માટે જરૂરી ડોક્યુમેંટો, અરજીપત્રકો તૈયાર કરી આપવા, એમનાં બાળકોને સ્થાનિક શાળામાં દાખલ કરવામાં, સરકારી યોજનાઓનો લાભ મેળવી આપવા, સરકાર પાસેથી ઘર નિર્માણ માટે પ્લૉટ અને સહાય મેળવવા ઈત્યાદિની કામગીરી આ કાર્યકરો કરે છે. વિધવા સહાય, વૃદ્ધ પૅન્શન સહાય, અપંગ સહાય જેવી સરકારી યોજનાઓનો લાભ મેળવી આપવાનું કામ પણ આ કાર્યકરો કરે છે. લગભગ બધા જ કાર્યકરો વિચરતા સમુદાયોના જ છે. જો કે સંસ્થા તેમને વેતન આપે છે, પરંતુ તેમને સંસ્થા પગાર પ્રોત્સાહન અને પ્રેરણા પણ આપે છે. પોતાના સમુદાયોની પીડા પારખી તેમને વર્તમાન પ્રવાહમાં લઈ આવવાની કામગીરી તેઓ હોંશેહોંશે કરે છે અને આવું સમાજ-ઉપયોગી કાર્ય કરવા માટે મિત્તલદીદી તેમને સતત પ્રેરણા વારી પાય છે.

આ કાર્યકરો પરિવારોની તકલીફો અને મૂંઝવણોથી પોતાને સતત વાકેફ રાખે છે. આ પરિવારો કેવી રીતે સ્વાવલંબી બની શકે તેની ખેવના કરે છે. એમની આર્થિક જરૂરિયાતોને સમાસે છે. આ કાર્યકરો પરિવારોને સ્વાવલંબન માટે નાના-મોટા વ્યવસાયો માટે સૂચન કરે છે, તેમના હાલનાં વ્યવસાયને વિસ્તૃત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. ટૂંકમાં આ કાર્યકરો વિચરતા સમુદાય પરિવારોના Friends, Philosopher and Guide છે. દરેક પરિવારની જરૂરિયાત પ્રમાણે સંસ્થા પાસેથી વગર વ્યાજુકી લોન અપાવી દેવાની સાથેસાથે કાર્યકર તેમને વ્યસનોથી મુક્ત થવાની સલાહ અને ફરજ પાડે છે. VSSMની વગર વ્યાજની લોન સામે વ્યસનમુક્તિ ફરજિયાત છે. આ કાર્યકરોનું રિપોર્ટિંગ પણ સમયસરનું અને કાબિલે દાદ છે. એમનું સંકલન પણ આશ્ચર્ય પમાડે તેવું છે. VSSM આજે સંસ્થા નથી, પણ પરિવાર બની ગઈ છે. છેલ્લાં ત્રણ-ચાર વર્ષોમાં ૪૭૦૦ લોનધારકોમાંથી એક પણ ડિફોલ્ટર નથી. નીરવ મોદી, મેહુલ ચોકસી, વિજય માલ્યા જેવા ભાગેડુઓ ડિફોલ્ટર બની જલસા કરે છે. આપણા સમાજમાં ચાર વર્ષ અગાઉ આવા ડિફોલ્ટરોની જમાત ઊભી થઈ હતી. જેઓએ વલણ નથી ચૂકવ્યું, પણ એમના

વૈભવી જીવનને તલભાર આંચ નથી આવી, જરી પણ ઘસરકો નથી પડ્યો. જ્યારે આકાશ ઓઢીને જમીનને પાથરણું કરી જીવન વ્યતીત કરતા આ પરિવારો પાસે કોઈ સાહેબી નથી, પણ સંસ્કારો ઊજળીયાત કોમ કરતા ઊંચા છે. આવા સમુદાયોની સંસ્થા સાથે સંકળાયેલા રહેવું એ મારું પરમ સૌભાગ્ય છે. પરસેવો પાડીને પૈસા સમયસર પરત કરનાર અને જીવનમાં પ્રથમ વખત અગાઉની સાત પેઢીઓને પ્રાપ્ત નહીં થયું હોય તેવું નાનકડું ઘર વસાવનાર વ્યક્તિઓના અને કાર્યકરોના સન્માન કાર્યક્રમમાં હાજર રહેવું એ મારા માટે ગૌરવ હતું. અભિવાદન કરવાના આ કાર્યક્રમને સ્વાવલંબન કાર્યક્રમ નામ આપવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમ શનિવાર, ૩૦ એપ્રિલનાં અમદાવાદ પંડિત દીનદયાળ ઉપાધ્યાય હૉલ ખાતે બપોરે ૩-૦૦ થી ૬-૦૦ દરમ્યાન યોજવામાં આવ્યો હતો.

કોણ હતા અનોખા સન્માનના અધિકારી? પ્રથમ કૅટેગરીમાં ત્રણ નામો હતા. અમલાભાઈ સલાટ અને રવજીભાઈ પરમાર ખભા પર ચાદરો તથા શાલો નાખી ગામેગામ ફેરી કરતા હતા. માલ સ્ટોરેજ કરવાની કોઈ સુવિધા નહીં એટલે પોતાના રહેણાક ઝૂંપડામાં જ ચાદરો શાલો સ્ટોર કરતા. અહીં તહીં ફરતા ઉંદરો ચાદરો કાતરી જાય એનું નુકસાન કોણ ભરપાઈ કરે. વરસાદમાં ઘાસની છત પરથી પાણી ચુવાક થાય અને માલ બગડે. માલ ઉધાર લાવવો પડે એટલે ભાવ વધારે આપવો પડે એટલે નફામાં ઘસારો ભોગવવો પડે. સંસ્થાએ આ ભાઈઓને સ્ટોર કરવા માટે સાધન લઈ દીધું અને માલ રોકડેથી ખરીદવા માટે લોન આપી. પાંચ વર્ષ દરમ્યાન સંસ્થાએ લોનની રકમમાં વધારો કર્યો જેથી અમલાભાઈ હવે ખભે ચાદરો મૂકી ફેરી કરવાને બદલે ટેમ્પો વસાવી લીધો છે. જૂની લોન સમયસર ભરપાઈ કરી. વધારે લોનની માગણી કરનાર અમલાભાઈને સંસ્થાએ ખભો આપી એમના ખભા પરથી ભાર ઉતારી નાખ્યો છે. અમલાભાઈએ રહેણાકનું ઘર સરખું કરી લીધું છે. બાળકોને શાળામાં ભણવા મોકલે છે. આજે એમની અસક્યામતો પાંચ લાખને વટાવી ચૂકી છે. રવજીભાઈએ એક નાની દુકાન કરી છે. હવે પોતે ફેરી કરવાને બદલે વિચરતા સમુદાયના ભાઈઓને બહુ કિફાયત ભાવે માલ આપે છે. જેથી તેઓ ફેરી કરી બે પૈસા વધારે કમાવે. આજે એમની હસ્તક પાંચ-છ જણ ગામે ગામ માલ વેચે છે. તુલસીભાઈ નિમ્ન મધ્યમ વર્ગને પોષાય તેવા શૃંગાર પ્રસાધનો વેચવાનું કામ કરે છે. આજે તેમની પોતાની દુકાન થઈ ગઈ છે. સંસ્થાએ એમને પ્રસાધનો રોકડેથી ખરીદવા લોન આપી હતી. શારદાબેન પણ

ફૂટપાથ પર શૃંગાર પ્રસાધનો વેચે છે અને ક્યારેક ખભા પર સાધનો ટિંગાડી ફેરી કરે છે. કોરોનામાં ધંધો પડી ભાંગ્યો, આવક ઘટી ગઈ, છતાં પણ ખાનદાની અકબંધ રહી. અડધે ભાણે જમીને પણ લોનનો હપ્તો સમયસર ચૂકવતાં હતાં. આજે શારદાબેન પાસે નાનું KIOSK છે. વિક્રમભાઈને ભેંસ ખરીદવા લોન આપવામાં આવી હતી. સંજોગવશાત બે વર્ષ અગાઉ એમની ભેંસ મરી ગઈ, પરંતુ વિક્રમભાઈની ખુદ્દારી અને મનની અમીરાત જીવતાં રહ્યાં. હપ્તાઓ સમયસર ચૂકવવા ખૂબ સંઘર્ષ કર્યો, મજૂરી કરી અને કુદરતે એમના પરિશ્રમનો બદલો વાળી દીધો. આજે એમની પાસે ચાર ભેંસો છે. સંસ્થાએ એમની પ્રામાણિકતાની કદર કરી એક લોન પૂરી થઈ એટલે બમણી લોન આપી અને આવા સેંકડો દાખલાઓ છે.

VSSM સંસ્થાએ વિચરતા સમુદાયોના વિવિધ જ્ઞાતિઓનાં આગેવાનોનું સન્માન પણ આજે કર્યું હતું. આ આગેવાનોએ પોતાના જ્ઞાતિજનોને સબળ નેતૃત્વ પૂરું પાડ્યું છે. કુરિવાજો દૂર કરવા અને વ્યસનમુક્તિને આંદોલન સ્વરૂપે સમાજમાં સ્વીકારવા માટેના સતત પ્રયાસ કર્યા. સમુદાયના લોકોને બચત કરવાની સલાહ આપી તથા પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાની પ્રેરણા આપી. આ બધાને પ્રશસ્તિપત્ર અને રૂા.૩,૦૦૧ થી રૂા.૧૦,૦૦૧નું માનધોન આપવામાં આવ્યું. ઍવોર્ડની રકમમાંથી અમુક રકમ સંસ્થાને ભેટ સ્વરૂપે પાછી આપી. આજના કાર્યક્રમમાં છેલ્લે સંસ્થાના ગ્રાસરૂટ (Grass Root) કાર્યકરો અને સ્વાવલંબન પ્રોગ્રામના ૪૭૦૦ પરિવારોના લોન વહેંચણીથી લઈ લોન પરતનાં હિસાબો વ્યવસ્થિત રાખનાર ઑફીસ સ્ટાફના બે સભ્યોનું સન્માન કરવામાં આવ્યું.

આમ સાદો સન્માન સમારંભ વિચરતા સમુદાય માટે વિશેષ કાર્યક્રમ હતો. જેની પડખે બેસવામાં કહેવાતો સભ્ય સમાજ નાનપ અનુભવે એ સમાજના સભ્યોનું આજે બહુમાન થવાનું હતું અને એ કાર્યક્રમમાં ગુજરાત સરકારના બબ્બે મંત્રીઓ હાજર રહેવાના હતા. શનિવાર ૩૦ એપ્રિલ બપોરે ૨ થી ૪ દરમ્યાન સ્નેહમિલન હતું અને ૪ થી ૬ સન્માન સમારંભ યોજાયો હતો, જેને સ્વાવલંબન કાર્યક્રમ નામ અપાયું હતું. સેંકડો કિ. મીટરનો પ્રવાસ ખેડી આશરે હજારેક લોક બપોરે બાર વાગ્યા પહેલાં દીનદયાલ સભાગૃહમાં ઉપસ્થિત રહેવાના હતા. આમ તો બપોરના ભોજનની વ્યવસ્થા સંસ્થાએ ગોઠવી હતી, છતાં ઘણા પરિવારો બપોરનું ટીમણ સાથે લાવ્યા હતા. પોતાના પારંપરિક વેશમાં, લઘરવઘર કપડાંમાં પણ મનોમન મોજથી સજ્જ થઈ લોક ભેગું

થયું હતું. બે વાગે હૉલ હકડેઠઠ્ઠ ભરાઈ ગયો હતો. સ્ક્રીન પર VSSMની પંદર વર્ષની સફળ યાત્રાનાં દૃશ્યો રજૂ થતાં હતાં. અને ઉદ્‌ઘોષક આ વિકટ યાત્રાનાં જુદાજુદા પડાવોની વાતો કરતા હતા. વચ્ચેવચ્ચે લાલ રાંભિયાનાં પ્રેરક નિવેદનો પણ ખરાં. એમને કંઠે શારદા સરસ્વતીનો વસવાટ છે.

મિત્તલનું ઉદ્‌બોધન હૃદય સોંસરવું ઊતરી જતું હતું. ૨૯ એપ્રિલની રાત્રે અઢી ડિગ્રી તાવમાં કણસતી મિત્તલ વળતા દિવસે સમારંભમાં હાજરી આપી શકશે કે નહીં તેની અવઢવ હતી. પોતાના ભાંડરુઓને નહીં મળી શકાય એના વસવસામાં એ રાતભર રડતી હતી. અડધી રાત્રે બબ્બે ડૉક્ટરોએ હેવી એન્ટિબાયોટિકસની સારવાર આપી, કારણકે નિદાન યુરીનરી ટ્રેક ઈન્ફેક્શનનું હતું. કરામત દવાની ટીકડીઓએ કરી કે મિત્તલના દૃઢ મનોબળે... સવારે એ ઊભી થઈ શકી અને બપોરે મિત્તલ દિનદયાલ હૉલમાં બાવરી બની સમુદાયનાં લોકો સાથે ઊઠબેસ કરતી હતી. બાહ્ય વસ્ત્રો એને ઉજળિયાત કહેડાવે, પણ એનું અંતરવલણ વિચરતા સમુદાય સાથે એની ઓળખ સ્થાપીત કરતું હતું . જેના માટે કાર્ય કરવું છે એના જેવા મન હૃદયથી થઈ રહેવું એ મિત્તલની મોટી સિદ્ધિ છે.

મિત્તલ માઈક પાસે આવી અને ગણગણાટ ઓછો થઈ ગયો. શિક્ષક સામે વિદ્યાર્થીઓ ડાહ્યાડમરા થઈ ચૂપ બેસી જાય એવો માહોલ સર્જાયો હતો. એમની તળપદી બોલીમાં મિત્તલ શીખના ચાર શબ્દો બોલી એનું સૌએ અંતરથી સ્વાગત કર્યું. વિચરતા સમુદાયો સાથે એકરસતા એટલી કેળવાઈ છે જેનું શબ્દોમાં વર્ણન શક્ય નથી. મિત્તલની વાતોમાં શીખ અને સમજાવટનું મિશ્રણ હતું.

સ્વાવલંબન અથવા સન્માન સમારંભ સમયસર શરૂ થયો. સભામાં મંત્રીશ્રી તથા માજી અધિકારીઓ પણ સમયસર આવ્યા હતા. પ્રસંગની વિશેષતા વિષે મારે બે શબ્દો કહેવાના હતા. હું આ સમારંભને સ્વાવલંબન કે સન્માન કાર્યક્રમ કહેવાને બદલે જણાવી શકે આજનો આ સમારંભ માણસનો માણસમાં વિશ્વાસ કાયમ કરે છે. ઉજળિયાત કોમોને આંટી દે એવી તરછોડાયેલી, ભટકતી આ પ્રજાઓમાં શારીરિક ભટકાવ હશે, પરંતુ મન સ્થિર છે. તેઓ સ્વભાવે ચંચળ હશે પરંતુ સંપત્તિ સંગ્રહમાં નિર્મોહી છે અને તેથી કપરા કાળમાં પણ માણસની પ્રતિષ્ઠા, અસ્મિતા જાળવી રાખે છે. આ સમુદાયોની જોગમાયા, પ્રેરણાદેવી મિત્તલને લાખલાખ વંદન.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

# એકલો અટૂલો

ડૉ. ગિરીશ વીછીવોરા

બેઠી દડીનું શરીર. પાઘડી, ચોરણું ને કેડિયું. કમરે વિંટળાયેલ ફાળિયું. અઠવાડિયાની વધેલી દાઢી. મોંમાં બીડી. દાંત અસ્તવ્યસ્ત, સહેજ લંગડાતી ચાલ! ઉઘાડપગી વ્યક્તિ આવતી દેખાય તો ગામનું નાનું છોકરું પણ કહી દે, માલસીકાકા આવે છે. હા, હાથમાં લાકડી કાકાને હંમેશાં હાથવગી હોય.

માંડવી વૃદ્ધાશ્રમમાં અવસાન પામ્યા પાંત્રીસેક વર્ષ પહેલાં, ત્યારે એંસી વર્ષના એ આયખા પર પૂર્ણવિરામ પડ્યો. ઘરડાઘરનાં અંતેવાસી થયા હતા છેલ્લાં પાંચેક વર્ષથી કોઈના અજાણ લાડકવાયાની જેમ એમનું કોઈ સ્વજન હાજર નો'તું માલસીકાકા સૌ સ્નેહીઓની ગેરહાજરીમાં દેહ પર કાળની ચાદર ઓઢી ચિરનિદ્રામાં પોઢી ગયા.

એમનું નજદીકનું સ્વજન કોઈ નહિ, ન મા-બાપ, ન ભાઈભાંડુ, ન પત્ની, ન બાળકો, એમના સ્નેહીજનમાં કહી શકાય એવા થોડા અમે દૂરનાં પિતરાઈઓ. માબાપ નાનપણમાં ગુજરી ગયાં હતાં. કહેતા કે એમને એક બહેન હતી જે નાનપણમાં જ સ્વર્ગે સિધાવી ગઈ. રહ્યા કાકા એકલા. કારમી ગરીબાઈ. રહેવા ન પોતાનું ઘર, ન કોઈ ઉપરાણું લઈ શકે એવી વડીલ વ્યક્તિ. કાકા જુવાન થયા. એમના એક પગમાં જરાક ખોડ. લંગડાતી ચાલ એમનું ઓળખચિહ્ન બની ગયું. કન્યાતિક્રયના એ જમાનામાં આવા યુવાનને કોણ પોતાની કન્યા પરણાવે? કાકા કુંવારા જ રહ્યા. આજીવન બ્રહ્મચર્ય વ્રત્ત ફરજિયાત એમના પર લાદવામાં આવ્યું. તે જમાનામાં આવા 'રહી ગયેલા' ગામમાં મળી આવતા.

કાકા કોઈના ડેલાના ભાડૂત બની રહે. સંપત્તિમાં થોડાં પિતળ કે માટીનાં ઠામડાં, બે-ચાર ગોદડાં ને પતરાની પેટી. પેટીમાં પોતાની વધેલી મૂડી મૂકે. ખેતીનું કામકાજ નાનપણમાં જ છોડ્યું. સંદેશવાહક બની ગયા. કોઈનો સંદેશો પરગામ પહોંચાડવો હોય, કોઈ દીકરી વહુને બીજે ગામ પહોંચાડવી હોય તો એસ.ટી. વિનાના એ જમાનામાં કાકાએ કામ કરે. પોતાનું મહેનતાણું લે કોઈ વ્યક્તિના મૃત્યુ પાછળ, ધાર્મિક કાર્યરૂપે પાંચાડાનાં બોતાળીસ ગામમાં સ્નાત્રપૂજાના પૈસા પહોંચાડવાનું કામ કરે. એમાં બે ફાયદા. મહેનતાણું તો મળે જ. રોટલા ટીપવાનો સવાલ ઉકેલાઈ જાય.

આવું કંઈ કામ ન હોય ત્યારે નિરાંતે ઓટલા પર બેસી ગામગપાટા મારે. સવારમાં

દેરાસરની મુલાકાત લઈ કાકા લાકડી હાથવગી કરી નીકળી પડે. અમારા ઘર તરફ અચૂક આવે. શાક, પાદંડું, છાસ લેવાનો એમને હક્ક. ઘરે જઈ રોટલા ટીપી કાઢે. બે ટંકની નિરાંત થાય. શુભ પ્રસંગે હર કોઈને ત્યાં કાકા હાજર. નાનું-મોટું કામ કરે ને જમે. કાકા વગરનો કોઈ પણ પ્રસંગ ગામવાસીઓને અધૂરો ભાસે. જેને ગાડે ચડે એનાં ગીત ગાય. આખા ગામની હલચલના તાજા સમાચાર એમને હાથવગા હોય. બીડી પીતાંપીતાં. ચાનો સબડકો લેતાં, ગપાટા હાંકતાં કાકા ચીંધેલું કામ કરતા જાય. કોઈ સ્થાનિક પ્રશ્ન પર પોતાનો વણમાગેલો અભિપ્રાય આપતા રહે. ક્યારેક બધાના ઉપહાસના પાત્ર બને. કાકા મૂંગે મોઢે બધું સહી લે. ઓટલા પર બેસી ગામગપાટા મારતા કાકા બહુ જ મૂડમાં આવી જાય. માંદાના ખબરઅંતર પૂછે. પોતાયોગ્ય કામ કરવા ખડેપગે હાજર રહે. કોઈને ત્યાં મહેમાન આવ્યા હોય ત્યાં અચૂક પહોંચી જાય. ગપાટા હાંકે ને ચા પીધા વિના પાછા ન ફરે. પગની ખોડને લીધે એ પગ લાંબો કરીને જ બેસે. ભીંતને અઢેલી બેઠેલા, બીડીના કસ લેતા, તડાકા મારતા, યા હામાં હા પુરાવતા કાકાને જોવાનો એક લહાવો હતો.

આખા ગામની મશ્કરીનું પાત્ર પણ કાકા. છોકરાઓ એમને ‘ઘરે કાકી વાટ જોતાં હશે’ કહી ચીડવે. છોકરાઓ કાકાને ચીડવવા એક જોડકણું બોલતા. ‘માલીઓ મંઢો ખેડે કંધો (ખેતરનું નામ) કંધે મેં લગી કાઠી, માલીએજી વહુ માઠી!’

બહુધા કાકા ગુસ્સે ન થાય. પોતા પર થતી આવી મશ્કરી સહેજ વિશાદભર્યું હસી, ભૂલી જાય. ક્યારેક બહુ ગુસ્સે થાય. લાકડીનો છૂટો ઘા કરે કોઈ છોકરાને વાગી પણ જાય. કોઈ ફરિયાદ ન કરે. કાકાને નાનાં બાળકો બહુ ગમે. એમને રમાડે કાલીઘેલી વાતો કરે. પીવાતી બીડી બાળકના મોંમાં મૂકી પીવડાવવાની ચેષ્ટા કરે. બીડી ફૂંકવી એમને મન મર્દાનગીભર્યું કામ હતું.

નાનપણમાં જ કાકા સાથે દોસ્તી જામી ગઈ. મારા માટે ક્યારેક ગોબિત કે પીપર લાવે. એવી જ દોસ્તારી મારા પિતરાઈ ભત્રીજા ને જિગરી દોસ્ત બાબુ સાથે પણ ખરી. એક દિવસ કાકાએ અમને એમને ઘરે બોલાવ્યા. અમને નવાઈ લાગી. લેશન કરી બન્ને કાકાને ઘરે ગયા. કાકાએ પ્રેમથી આવકાર્યા. કાકા માટે એ આનંદભર્યો અવસર હતો. માટીના હાંડલા ઉથલાવી કાકાએ અમારા માટે ખડીસાકર શોધી કાઢીને પ્રેમથી આપી. આજુબાજુના ગામમાં કોઈના મૃત્યુ બાદ પૂજાના પૈસા દેરાસરમાં ભરવા જાય. પૂજાની રસીદો નામ પ્રમાણે અલગ કરવાનું કામ સોંપે. કાકા નિરક્ષર અમને મઝા પડી જાય. ફટાફટ બધી રસીદો અલગ કરી નાખીએ. ત્યારે તો એ બધું રમતમાં કર્યું. અત્યારે એ બધું યાદ આવતા આનંદ ને અફસોસ થાય છે. એક નિરક્ષર વ્યક્તિ કેટલી

અસહાય હોય છે! કાકાએ ખીરજ બનાવેલી. અમને પ્રેમથી ખવડાવી. અમને હસીમજાક કરતા એ બધું કામ કરતાં. કાકા અમને એવી રીતે જોઈ રહ્યા હતા જાણે વિચારતા હોય કે પોતાને પણ આવા દીકરા હોય તો! કાકા અવારનવાર બોલાવતા.

મુંબઈ આવવા નીકળ્યો. કાકાને પગે લાગ્યો. કાકાએ એક ઢબુ (બે આના) હાથમાં આપતા આશીર્વાદ આપ્યા. કહે, બહુ ભણજે. બહુ મોટો થજે! જ્યારે પણ ગામમા જાઉં ત્યારે કાકા પોતાની એ જ રજવાડી ચાલે હાજર થઈ જાય. પોતાના ઘરે બોલાવે, ચા પીવડાવ્યા વગર ન છોડે.

મારા લગ્ન પ્રસંગે કાકાને ખાસ મુંબઈ બોલાવ્યા. લગ્નમાં કાકા મન મૂકી મહાલ્યા. લગ્ન બાદ થોડા દિવસ મુંબઈમાં ફેરવ્યા. કાકા મુંબઈમાં મુક્તમને ફર્યા. ડૉક્ટર થયેલો એમને એનું બહુ અભિમાન. દરેક આગળ એ વાત ઉપાડે. બોલતાં બોલતાં મોઢામાંથી ઊડતા થૂંકથી સામો ભીંજાઈ જાય તેની પરવા ન કરે.

છેલ્લે સાવ અપંગ થઈ ગયેલા. ખાટલાવશ કાકાને ગામલોક ખવડાવતા. છેવટે આશ્રમવાસી થયા. પાંચેક વર્ષ આશ્રમમાં રહ્યા. ત્યાં એમને એક જ વાર મળવાનું થયું.

કાકા ગયા. મારા મનમાં રંજ મૂકતા ગયા. એમની આખી જિંદગી પર નજર કરતાં સહેજ વિષાદ થાય છે. એકલા, અટૂલા, જિંદગીની કઠોર વાસ્તવિકતાઓ સામે ઝઝુમ્યા. ન મળી માતા-પિતા, ભાઈભાંડુની હૂંફ, ન મળ્યો સહધર્મચારિણીનો સથવારો. એ બધું પચાવી શક્યા, છતાં ગામલોકો ક્યારેક હળવી મશ્કરી કરતા ત્યારે એમના ચહેરા પર ફરી વળતો વિવાદ ક્યારેય પણ ભૂલી નહિ શકીશ. કાકાને કેવાકેવા અરમાનો હતાં. એમાંનું એક પણ અરમાન પૂરું ન થયું. એમનાં એ બધાં અરમાનો એમના પાર્થિવ દેહ સામે બળી રાખ થઈ ગયાં. કાકાની આખી એંસી વર્ષની જિંદગી એક સીધી, સમાન્તર લીટી જેવી ગઈ. ત્યાં ન આવી કોઈ આંટી ન કોઈ ચઢાણ કે ન ઢોળાવ; ન ભરતી ન ઓટ. લગાતાર સુનકાર ને ભેંકાર વાતાવરણ વચ્ચે ઝોલાં ખાતી પોતાના જીવનની નાવને હંકારતા રહ્યા. નાવ સાથે જ ડૂબી ગયા. એમણે એવું કોઈ મહાન કાર્ય ન કર્યું કે લોકો એમને એમના કાર્ય માટે સંભારે. જિંદગીનાં એંસી વર્ષ કોઈના સહારા વિના, એકલપંડે વિતાવવા, જે મુસીબતો આવી એને હસતે મોઢે સહેવી, પારકાને પોતાના કરી એમના પર પ્રેમ વરસાવવો એ મહાન કાર્ય નો'તું? કાકા ખરેખર મહાન હતા. એમના જીવનમાં સ્થિતપ્રજ્ઞ પુરુષનાં દર્શન થયા. કાકાને અંજલિ આપતાં એ જ આશા રાખું કે તેઓ સ્વર્ગમાં સુખી હશે ને સૌ પર પોતાની અમીનજર વર્ષાવતા હશે. વિદાય ટાણે - કાળની પછેડી ઓઢતા કાકા કહેતા ગયા: ''ખુશ રહો, અહલે વતન, હમ તો સફર કરતેં હૈં.''

## એક નમ્ર સ્મરણાંજલિ

# કચ્છી ભાષાના બે-મિસાલ કવિ સ્વ. 'તેજ'

પ્રવીણચંદ્ર શાહ

કચ્છી કવિ 'તેજ' શાશ્વત તેજ-પુંજમાં સમાઈ ગયા! (૨૦૨૧).

યાદ આવે છે, વર્ષ ૨૦૦૭.

કેન્દ્રીય સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હીએ કચ્છી ભાષા-સાહિત્યનું અસ્તિત્વ, સત્ત્વ, સૌષ્ઠવ અને સાંસ્કૃતિક મહત્ત્વ સમજવામાં અને સ્વીકારવામાં ૩૩ વર્ષો લઈ લીધેલાં. તેનો જાહેર એકરાર કરવામાં બે વધુ વર્ષો લઈ લીધેલા. એ પાંત્રીસેક વર્ષો વિતાવવા પછી પણ 'અકાદમી' દ્વારા 'માન્ય' કરાયેલી ચોવીસેક-છવ્વીસેક દેશ-ભાષાઓની યાદીમાં 'કચ્છી' ભાષાનો સમાવેશ કરવા સંબંધે 'અકાદમી'એ પોતાના બન્નો હાથ ઊંચા કરી દઈ, પોતાની અશક્તિ દર્શાવીનો કહ્યું: 'માન્યતા' No! પ્રોત્સાહન Yes! અર્થ સરળ હતો: 'કચ્છી ભાષાને પ્રોત્સાહન અપાશે; પણ 'માન્યતા' નહીં આપી શકીએ! સોરી! વેરી સોરી !

સૌથી પહેલી વારના પ્રોત્સાહન સ્વરૂપે ઈ. ૨૦૦૮ ના વર્ષ માટે દિલ્હી અકાદમીએ પસંદ કરેલા બે કચ્છી ભાષા સર્જકોમાં એક કવિ 'તેજ' હતા; બીજા માધવ જોષી 'અશ્ક' હતા. આ બન્નોને એક-એક લાખ રૂપિયાનું પ્રોત્સાહન પુરસ્કાર, તામ્રપત્ર અને પ્રમાણપત્ર એનાયત કરાયેલાં. કચ્છીભાષાની 'માન્યતા'નું કોકડું અકાદમીના શીતાગાર (કોલ્ડ સ્ટોરેજ)માં રાખી દેવાયેલું.

પુરસ્કૃત થયેલા બે કચ્છી સર્જકોમાંના એક કવિ 'તેજ'નું પૂરું નામ તેજપાલ ધારશી શાહ હતું. બીજા માધવ જોષી 'અશ્ક' નારાયણ સરોવર માતાના મઢવાળા 'માધુબાપા'ના સન્માનીય નામે જાણીતા હતા. કચ્છી ભાષાના ગૌરવને વધુ ઝળહળતું કરી બન્નો સાશ્વત પંચભૂતમાં સમાઈ ગયા છે.

કવિ 'તેજ', તેજપાલ ધારશી શાહ, કચ્છ જિલ્લાના અબડાસા તાલુકા કેન્દ્ર, નળિયા ગામમાં વિક્રમ સંવત ૧૯૯૩માં જન્મેલા. જ્યારે તેઓ પુરસ્કૃત થયા ત્યારે તેમની ૭૩ વર્ષની વયે પણ સુદૃઢ, મધ્યમ બાંધાવાળા, લગભગ કાયમી સ્મિતવદની અને હયાત રહ્યા, છેક ત્યાં સુધી કચ્છી માડુની જાણીતી ખુમારી ધરાવનારા હતા. એમનાં સર્જનોનો વ્યાપ વિશાળ રહ્યો છે. થોડામાં ઘણું કહી શકવાની એમની વિશિષ્ટતા રહી છે. એમના કેટલાંક સર્જનોમાં તો જનોઈવઢ ઘાની કાતિલતા પણ રહેલી છે.

## ઉછેર, અભ્યાસ

તેજપાલમાંથી 'કવિ તેજ' તો એ ઘણા પછીથી બનેલા. એમનું બાળપણ, શિક્ષણ અને ઉછેરની દાસ્તાં વિસ્મયજનક રહી છે. આદરણીય કવિ 'તેજ' બનવા પહેલાંના બાળપણ અને કુમાર અવસ્થાના દાયકાઓમાં ગામ નળિયાના જૈન કે જૈનેતર મહોલ્લાઓમાં, નિશાળમાં, નળિયા ગામની બજારમાં, ગામ પાદરના ચોર–ચૌટામાં કિશોર 'તેજ' તરીકે સંબોધાતો હતો. બચપણથી જ તેને કાનથી સાંભળી ન શકવાની, શ્રવણ-શક્તિની વિકલાંગતા હતી. કશું સાંભળી ન શકે, પણ બોલનારના હોઠોની હલચલ, ઉઘાડબીડ અને ચહેરાના કે અંગ-ઉપાંગના, 'બોડી લેંગ્વેજ'થી બોલનારના બોલવાનો અર્થ બરાબર, ચપ્પોચપ્પ પામી જાય એમનો પરિવાર લક્ષ્મીદેવીના આશીર્વાદવાળો નહોતો. કુમાર અવસ્થા સુધી તો વિદ્યાર્થી તેજાથી દેવી સરસ્વતી પણ બાર ગાઉ દૂર રહેવાનું જ પસંદ કરતાં હતાં. એટલે વિદ્યાર્થી તેજો લગભગ અર્ધશિક્ષિત કે અર્ધ-અભણ જ રહ્યા કર્યો. ગુજરાતી માધ્યમનો ગામઠી અભ્યાસ માત્ર પાંચેક ધોરણ સુધીની કચ્છી છાંટવાળી ગુજરાતીનો જ થયો. પોતાના પ્રારંભિક ઉછેર - અભ્યાસ માટે એમણે પો-તે-જ લખ્યું છે:

''....મારું બાળપણ એટલે બેફામ રખડપટ્ટી, સીમમાં, ગામમાં, તળાવની પાળે કે તળાવની અંદર, સવારે તળાવમાં નહાવા પડું, તે બે-ચાર કલાક બાદ જ્યારે ઠંડીથી શરીર થરથર ધ્રૂજે ત્યારે બહાર નીકળું. આમ પ્રકૃતિમાં, પ્રકૃતિને ખોળે રખડતા રહેવાની આદતે મને (ગુજરાતી) અભ્યાસમાં ત્રીજા ધોરણોથી પાંચમા ધોરણ સુધી પહોંચવામાં મા-ત્ર ન-વ-વ-ર્ષ લાગ્યાં હતાં! દરેક ધોરણમાં ત્રણ-ત્રણ વર્ષ રહ્યો છું. અલબત્ત, દરેક ધોરણમાંથી મને ઉપલા ધોરણે ઠેલવામાં આવ્યો છે, ચડાવવામાં આવ્યો છે, હું જાતે પાસ થ-યો ન-થી. અભ્યાસનાં પાઠ્યપુસ્તકો પણ મને ત્રણ-ત્રણ વર્ષ સુધી ટકતાં, કારણકે વપરાશ ઓછો, એટલે ઘસારો પણ ઓછો લાગે....!

તેજપાલના બાળપણના એક લંગોટિયા મિત્ર દામજી જીવરાજ શાહ, એમની કારકિર્દીમાં પછીથી ઍડ્વોકેટ, ધારાશાસ્ત્રી-વકીલ બનેલા. એમણે 'તેજ' સન્માન સ્મરણિકા, જૂન, '૮૫ માટુંગા-મુંબઈમાં નોંધ્યુ છે : ''... કિશોરાવસ્થામાં તેજાની પ્રવૃત્તિ ગામના ઓટલા ભાંગવા, જો ક્યારેક કંઈક કામ મળી જાય તો કરવું, નહીંતર મસ્તફકીરની જેમ ગામ આખામાં ઘૂમતા રહેવું.... પણ તેજામાં એક ખૂબી હતી ખરીઃ એની યાદશક્તિ ભારે ધરખમ અને નજર બાજ જેવી ! દરેક વસ્તુનો બારીકાઈથી જુએ, વિચારે ને સમજે. ગામના જમાના જોએલ વડીલોને પણ અમે બધા મળતા રહીએ, એમના અનુભવો સાંભળતા રહીએ. પણ બિચારો તેજો કાનવિહોણો! એટલે એ બિચારો વાતને સરખી સમજવા, સાંભળવા વડીલોની સોડમાં ઘૂસીને, કાને હાથ ટેકવીને, ધ્યાનથી વાતો સાંભળે, ગળે ઉતારે ને પચાવે.

એમ કરતાંકરતાં તેજપાલે જે શ્રુત-જ્ઞાન (સાંભળી સાંભળીને મેળવેલું જ્ઞાન) મેળવ્યું તેમાં પછી ભળતું થયું થોડું વાંચન, થોડો સ્વાનુભવ અને વધુ તો તેના અંતરમાં છુપાયેલી કુદરતી બક્ષિસ-આ બધાનો જે સરવાળો થતો રહ્યો તેમાંથી પ્રગટ્યો એક કલાકાર, કલમ-કલાકાર, કવિ 'તેજ', અમારો લાડલો કવિ ''તેજ...''.

કિશોરાવસ્થા દરમ્યાન એક વૃદ્ધ જૈન મુનિરાજના પરિચય દરમ્યાન પાર્શ્વનાથ ભગવાનના એક મંત્રની તેજપાલને શીખ મળેલી. એ મંત્ર કવિ તેજના જીવનભરનો પ્રેરણા સ્રોત બનતો રહ્યો છે.

**સ્વયંવિકાસનો વ્યાપ**

સ્વયંવિકાસ સાધતાંસાધતાં, સાંપ્રત કચ્છી પદ્યસાહિત્યનું, સ્વ. દુલેરાય કારાણી પછીના ક્રમે વધુમાં વધુ લોકભોગ્ય, સુપ્રસિદ્ધ જો કોઈ એક નામ બન્યું હોય તો તે કવિ તેજપાલ ધારશી - 'તેજ'નું છે. વિષયોની વિવિધતા એ કવિ 'તેજ'ની ઊડીને આંખે વળગે તેવી વિશિષ્ટતા છે. ક્યારેક વિવેચકોને એ કઠી પણ હશે. પરંપરાગત મુત્સદ્દીગીરીની છાંટવાળા વિવેચન-વિશ્લેષણમાં ('મોરચંગના સૂર', પૃષ્ઠ ૩૬) પીઢ, સુવિખ્યાત વિવેચક - લેખક - કવિ શ્રી ધીરેન્દ્ર મહેતાએ નોંધ્યું છે કે, 'તેજ' વિપુલ માત્રામાં લખે છે, જે સૂઝે છે તે લખે છે અને પછી એ બધું જેમનું તેમ ભેગું કરે છે.' શું આને જ કોથળામાંની પાંચ - શેરી કહેવાઈ હશે ?

જાડેજી- કચ્છીની જે વતન ભોમકા ગણાઈ છે, તે અબડાસામાં જિંદગીનાં પાંસઠ-અડસઠ વર્ષોની પરવરિશ પામેલા 'તેજ' ની કવિબાની એટલે મુઠ્ઠી ઊંચેરી જાડેજી–કચ્છી બાની રહ્યા કરેલી. પાછલાં દોઢ-બે દાયકાથી કવિ 'તેજ' ગાંધીધામ–આદિપુર વિસ્તારમાં સ્થાયી થયેલા. મૂળનાં મૂળિયાં જેટલી ઊંડે ઊતરેલી કચ્છી ભાષા એટલે કવિ 'તેજ'ની તેજતર્રાર ભાષા. એમનાં વિપુલ સર્જનોમાં 'તેજ જો અવાજ'ના પાંચ ભાગ, 'વિલાપજી વાણી' 'ધર્ધજી વાણી' 'કતિયું,' 'ટિટોડી ટહુકા કરે', 'લિયાર', 'સેલોર', 'મરમજાં મોતી,' 'વિરાંઢ', અને 'પખિયનજી પિરોલિયું' સહિતનાં પુસ્તકોનો સંચય-સમાવેશ છે. એમાં પ્રસંગ-કાવ્ય, સંવાદ-કાવ્ય', કવિત, ગીત, ગઝલ, ભજન, દુહા, સંગર, ફટાણા, ટુચકા, પિરોલી, મુક્તાક, સુભાષિત, હાઈકુ, તસ્બી, તાનકા, બાલકાવ્ય, ગદ્યકાવ્ય, અછાંદસ જેવાં કાવ્ય-સ્વરૂપો, ભક્તિ, વૈરાગ્ય, માયા, નિયતિ, નિર્વેદ, રહસ્યાત્મક અનુભૂતિ, ધાર્મિક પાખંડ પ્રકાશ, પ્રહાર, મૃત્યુ, હિંસા-વિરોધ, સાંપ્રદાયિકતા, પ્રાસંગિકતા, શૌર્ય, કરુણા, દયા, વતનપ્રીતિ, સંસ્કૃતિપ્રેમ, મૂલ્યમહિમા, ફિલ્સૂફી, શિક્ષણ-મહત્ત્વ, વિજ્ઞાન, પ્રકૃતિપ્રેમ, પક્ષીપ્રેમ, માનવીય પ્રેમ, અંગત શોખ, કુટુંબજીવન, વાત્સલ્ય, દાંપત્યપ્રેમ, બદલાતા સમયની તાસીર, પછાત રહી જતા ગામની પીડા, શહેરીજીવનની વિરૂપતા, આમ-આદમીનું સ્વપ્ન, પીડિતો પ્રત્યે સહાનુભૂતિ, મનુષ્યની પામરતા, માનવગૌરવ, દુન્યવી મૂંઝવણો, વિષમ પરિસ્થિતિઓની ગૂંગળામણ,

સ્ત્રી-માનસ, સમૂહ-માનસ, અંધશ્રદ્ધા, સુધારો, કૌમી એકતા જેવા વિષયો હાસ્ય, કટાક્ષ, ઉપાલંભ, વક્રોક્તિ શૃંગાર, વીરરસ, સૂત્રબોધ, રૂપક-દ્રષ્ટાંત, અર્થાન્તરન્યાસ, વિરોધાભાસ, ચમત્કૃતિ, ચિત્રાંકન, તરંગ, ચાતુરી, સમીકરણ, અલંકરણ-એમ જુદાજુદા વિષયો, જુદાજુદા પ્રકાશ, પ્રયોગો અને શૈલી એમના સર્જનોમાં અનુભવવા મળે છે. હાસ્ય, કટાક્ષ, કટાક્ષની પડખે આક્રોશ વગેરે પણ કવિ 'તેજ'ની કૃતિઓમાં પથરાયેલાં મળે છે. એમના કાવ્ય-સંગ્રહ 'કતિયું'માં (કચ્છની) દુષ્કાળની કારમી પરિસ્થિતિનું હૃદયદ્રાવક વર્ણન છે.

કચ્છી ભાષા, ગુજરાતી ભાષા અને ઉર્દૂ-મિશ્રિત હિન્દી ભાષાના લેખક, કવિ, નાટ્યકાર, અદાકાર અને કચ્છના શિર્ષસ્થ સામાજિક, વૈદ્યકીય, ન્યોચ્છાવરિયા કર્મશીલ શ્રી લીલાધર ગડાએ 'તેજ'ને બિરદાવતાં કહ્યું છે કે, 'તેજ'ને પિંગળશાસ્ત્રનો અભ્યાસ નથી એટલે છંદની શિસ્તબદ્ધતાનો લાભ 'તેજ'ની કવિતાને નહીં મળ્યો હોય, છતાંય 'તેજ'ની કવિતામાં કાવ્યનું મૂળભૂત તત્ત્વ અને સત્ત્વ જરાય ઊણું કે ઓછું નથી. 'તેજ'ની કવિતામાં ભાષાનો વૈભવ કે અલંકારોના આભૂષણ નહીં હોય, પણ એનાં કાવ્યોમાં, મુક્તકોમાં કંઈક એવું છે જે હૃદયતારને ઝણઝણાવી દે.

**એક-બે પ્રાસાદિક દ્રષ્ટાંત :**

'ગૈધરે ચેયોં અસીં' ઈમારત નિઢું બંધબો,
એ સુણી કરે ને 'તેજ', ખનેર ખીલી પેઆ!'
'અંગ્રેંજી સગાઈજો હી નમૂનો ન્યાર્યો,
મોટા અચે મોં ઢકણ, જીયરે મીલેં નતા!'

**વ્યથા, સંવેદના**

કવિ 'તેજ'ની ૪૪ વર્ષની વયે એમનાં સ્નેહાળ પત્ની જયાબાઈનું અકાળ અવસાન નીપજેલું. એ અત્યંત દુઃખદ ઘટનાના આકરા શોક-આઘાતનું પ્રતિબિંબ એમના બે કાવ્ય-સંગ્રહો 'વિલાપજી વાણી' અને 'ધર્ધજી વાણી'માંથી સાંપડે છે. તેમાં આત્મલક્ષી ઢબે ગદ્ય-પદ્ય મિશ્રણથી ભાવ-નિરૂપણ છે. આ બન્ને સંગ્રહો વાંચતી વખતે અને વાંચ્યા પછી, અંગ્રેજ કવિ રોબર્ટ બ્રાઉનિંગે એનાં પત્ની એલિઝાબેથ બ્રાઉનિંગના દુઃખદ નિધન બાદ અર્પેલી કાવ્યાંજલિનું સ્મરણ થવું સ્વાભાવિક છે. કવિ રોબર્ટ બ્રાઉનિંગની કાવ્યાંજલી આંગ્લ સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. એના સ્મરણની સાથે કચ્છી ભાષાના શિરમોર કવિ સ્વ. દુલેરાય કારાણીએ એમનાં પત્ની સોનલજીના નિધન બાદ અર્પેલી સ્મરણાંજલિ, 'સોનલ બાવની' પણ યાદ આવે જ અને વાંચનારની આંખે અશ્રુબિંદુઓની ઝાકળ બંધાય. કવિ 'તેજ'ની હૃદયટીસનાં બે-ત્રણ દૃષ્ટાંતોઃ ૧) 'ભલા ઓચિંધો કિં ભંધ થેઓ કુણ કાર? ભો! ભોંભી, કુંજલડી જ થૈ વઈ કતારનું ધાર.... (૨) મહેફિલ ઉજ હુઈ, જયા, રંગ ભધલી વેઓ, હી તાં ઝોંકે ભેરો, જાણે જુગ ભધલી વેઓ.... (૩) જયા, તો જી ચી બરઈ, ઠરી વાની થૈ ભલે, અંધર લગઈ ઈ, ઘડીઘડી ભડકા કરેકરે....

ગુજરાતી અને કચ્છી, બન્ને ભાષાના માહેર લેખક-કવિ, શિક્ષણવિદ્ ડૉ. ગુલાબ

દેઢિયાએ સહી નોધ્યું છે કે..... કાલીદાસનો 'અજ વિલાપ', ભવભૂતિના ઉત્તમ રામ ચરિત'માં 'રામભદ્ર વિરહ વિલાપ' કે 'તેજ'નો વિલાપજી વાણીના દરેક પૃષ્ઠે, દરેક કંડિકામાંથી વ્યથા ટપકે છે, અંતરના ધબકાર, અભિવ્યક્તિની કલાત્મકતામાં ભિન્નતા સંભવે, પણ સંવેદનામાં જરાય નહીં.

કચ્છી ભાષા સાહિત્યના એન્સાઈકલો-પીડિયા' - સર્વજ્ઞાન સંગ્રહ જેવા અઠંગ અભ્યાસી-સમીક્ષક સ્વ. પ્રભાશંકર ફડકેએ કવિ 'તેજ'ને કચ્છી સાહિત્યના 'ચમત્કાર' ગણાવ્યા છે, તે ઉચિત જ છે. ગુજરાતી ચાર-પાંચેક ધોરણ સુધી જ વિધિસરની શાળાએ ભણેલા પણ દુન્યવી નિરીક્ષણ, ચિંતન, મનન અને તોલનથી ચિક્કાર ગણેલા બનેલા આ જન્મજાત કવિએ એવીએવી કવિતાઓ સર્જી છે, જે ભવિષ્યમાં પીએચડીના અભ્યાસના શક્યતઃ વિષયો બની શકશે. સ્વ. ફડકેએ નોંધેલું કે ડુંગરેથી ઝરણાં વહે, કોયલના કંઠમાંથી ટહુકો નીકળે, મોર કળા કરે-એટલી જ કુદરતી સાહજિક કાવ્યરચના 'તેજ'ની છે. લાગણીઓનો સ્વયંભૂ ઊભરો ! કચ્છી માડુના ભાવ-સંવેદન જેટલાં 'તેજ'નાં કાવ્યોમાં ઝીલાતાં રહ્યાં છે, તેટલાં કદાચ બીજા કોઈ કચ્છી કવિમાં જવલ્લેજ જોવા મળ્યાં છે. કવિ 'તેજ' એ માત્ર કચ્છી ભાષાના જ પ્રતિનિધિ નથી આડુ ખેડુ પ્રત્યેક કચ્છીના સાચા પ્રતિનિધિ છે.....'

સ્વ. ફડકેજીએ 'જવલ્લેજ' શબ્દ વાપરતી વખતે કદાચ, કવિ મદનકુમાર અંજારીઆ 'ખ્વાબ' એમના મનોજગતમાં ઝબકતો હશે.

કવિ તેજપાલ ધારશી શાહ 'તેજ'નો એક વધુ ગજબનાક શોખ હતોઃ પક્ષી નિરીક્ષણનો. આ શોખના ફળસ્વરૂપ એમણે લખેલાં ૩૬૦-પૃષ્ઠોમાંનાં ફોટોગ્રાફસ, ચિત્રો, પાંખ, પક્ષીઓનાં નામો, રૂપ, રંગ, આંખ, નાક, ચોંચ, પીછાં, ખોરાક, રહેણાંક, પક્ષીઓની મનપસંદ ઋતુઓ અને એ બધાં પક્ષીઓના સંસાર-વિશ્વની માહિતી-વિગતોથી તરબતર પંખિયનજી પિરોલિયું ગ્રંથમાં લગભગ ત્રણેકસો કચ્છનિવાસી કે પ્રવાસી પક્ષીઓની રસપ્રદ વિગતો એમણે પેશ કરેલી છે. એક અર્ધ-શિક્ષિત ગ્રામ્ય-નિવાસી કચ્છી, અલગારી કવિ 'તેજ'નું આ વિક્રમસર્જક પ્રદાન છે.

'કેન્દ્રીય સાહિત્ય અકાદમી' નવી દિલ્હી 'તેજ'ના સાહિત્ય પ્રદાનના પ્રોત્સાહન માટે રૂપિયા એક લાખનું પુરસ્કાર આપે એ અધૂરા-પૂરા સંતોષની બીના ગણાશે, પણ અગર તેજપાલ શાહ 'કવિ' ન પણ હોત તોય, માત્ર એમના આ એક જ દસ્તાવેજી પુસ્તકના પ્રદાન માટે ભારત સરકાર યા ગુજરાત સરકારે તેજપાલ ધારશી શાહ 'તેજ'ને કમસે-કમ રૂા. ૧૦ (દશ) લાખના પુરસ્કારથી નવાજ્યા હોત તો બન્ને સરકારોની કદરદાની શોભી ઊઠત.

મો.: ૯૯૩૦૬૬૦૨૪૨/૯૧૬૭૫૬૭૩૯૫

# કભી કિસીકો મુકમ્મલ જહાઁ નહીં મિલતા

CA સંજય વિસનજી છેડા

***નિદા ફાઝલી***ની આ ક્લાસિક રચના. ફિલ્મ ***આહિસ્તા આહિસ્તા (૧૯૮૧). ખય્યામ***નું ક્લાસિકલ સંગીત. ફિલ્મમાં આ ગીત બે વાર છે. એકવાર ***આશા ભોંસલે***ના સ્વરમાં અને એકવાર ***ભુપીંદર***ના સ્વરમાં, પણ આજે આ ગીતની કે ફિલ્મની કે એની કથાની વાત નથી કરવી. આજે વાત કરવી છે, આ ગીતમાં છૂટક છૂટક વણાયેલી એક બહુ મોટી, બહુ ગહન વાત.

***કભી કિસીકો મુકમ્મલ જહાઁ નહીં મિલતા***
***કહીં જમીં તો કહીં આસમાઁ નહીં મિલતા***

મુકમ્મલ એટલે પૂરું, આખું, સંપૂર્ણ. અને ભાવાર્થ છે, ગમે ત્યાં જોઈ લો, કોઈની પણ જીવનકથા ખોલીને જોઈ લો, બધે જ કંઈક ખૂટતું તો જરૂર હશે. કોઈ અકળ કારણસર કે પછી પોતાની સર્વોપરીતા સાબિત કરવા, ઈશ્વરે કોઈને બધું જ નથી આપ્યું.

આપણે સૌ ***''ગ્રાસ ઈસ ગ્રીનર ઓન અધર સાઈડ''***ની અસર હેઠળ જીવીએ છીએ. બધાને પેલી બાજુનું ઘાસ વધુ લીલું દેખાય છે. બધાને પોતાની પ્લેટમાં આવેલ સુખ ઓછાં અને દુઃખ વધારે લાગે છે. ક્યાંક વાંચ્યું હતું કે, એકવાર આપણે બધાએ આપણાં જીવન એકબીજાં સાથે બદલી જોઈએ, જેમના જીવન આપણાને સર્વશ્રેષ્ઠ લાગે છે, એક દિવસ જો આપણે સૌ આપણી પ્લેટ બદલાવી જોઈએ, દિવસ પૂરો થાય એ પહેલાં આપણે સૌ પાછા ઈશને વિનંતી કરતા મળીએ કે, ***''હે પ્રભુ, અમને જે આપ્યું છે, એ જ બરાબર છે''.***

***જીસે ભી દેખીયે વો અપને આપમેં ગુમ હૈ***
***જુબાં મિલી હૈ પર હમજુબાં નહીં મિલતા***

આજે બધાના જીવનની સરખામણી પણ નથી કરવી. વાત કરવી છે, આ અધૂરપની. એ અધૂરપ, જે આપણા જીવનમાં એ રીતે વણાઈ ગઈ છે કે થોડું વિચારશો તો એવું લાગશે કે આ અધૂરપ જ જીવનની પૂર્ણતા માટે જરૂરી છે.

દરેકના જીવનમાં બધું એકસરખું વહેચાયેલું છે. જેટલાં સુખ છે, એટલા જ પ્રમાણમાં દુઃખ પણ છે. એવું કહેવાય છે કે સુખ વહેંચવામાં કદાચ ઇશ થોડું ઓછું-વધુ કરતા પણ હશે, પણ એ પરમપિતા દુઃખ દરેકને એના ગજા પ્રમાણે, એની સહન કરવાની શક્તિથી વધારે તો નહીં જ હોય.

*બુઝા શકા હૈ ભલા કોન વકત કે શોલે*
*યે ઐસી આગ હૈ જીસમે ધુંઆ નહીં મિલતા*

વાત બસ એટલી કરવી છે કે, જ્યારે પણ થાકી જાવ, હારી જાવ, આપણી આસપાસના લોકો પર જ નજર નાખી જુઓ અને સમજાશે કે,

*કુછ લોગ હૈ જુતો કો રોતે*
*કુછ લોગો કે પાંવ નહીં હોતે*
*મેરા હાલ ઇતના ખરાબ નહીં*

વિશ્વાસ ન આવે તો એક દિવસ સવારથી આપણને જે મળે, એ બધાના જીવન સાથે આપણું જીવન સરખાવી જોઈએ.

જે સફળ બિઝનેસમૅનની લાંબી ગાડી જોઈ તમને તમારી નાની ગાડી નથી ગમતી. એની વાઈફ કોઈ માલેતુજારની દીકરી હોઈ, એને આંગળીના ટેરવે રાખે છે. એનો દીકરો એના કહ્યામાં નથી અને દીકરીની ઈંસ્ટાગ્રામ પોસ્ટ જોઈ, કોઈ સારાં માંગાં નથી આવતા.

આખું વર્ષ દેશ-વિદેશ ફરતો તમારો માર્કેટિંગ મેનેજર, જેના કામની તમને ઈર્ષ્યા થાય છે, ઈઅર ઍન્ડમાં ટાર્ગેટ પૂરા ન થતા, એનો પગાર કપાઈને તમારાથી અડધો થઈ જાય છે. આખું વર્ષ દેશ-વિદેશમાં બહારનું ખાઈને એનું શરીર અવારનવાર છમકલાં કરી રહ્યું છે.

કિટ્ટીમાં સૌથી ટીપટોપ થઈ ફરતી પેલી મૅડમના એડમ (પતિદેવ)નું ઑફિસમાં લફરું આખું ગામ જાણે છે. સાસુ-સસરાને ઘરડાઘરમાં મોકલ્યાં પછી એનો આખો પરિવાર, એનાં સગાં-વહાલાં, બધા એની વિરુદ્ધ થઈ ગયાં છે. એ જ્યાં રહે છે એ સોસાયટીમાં બધા એના નાટક અને નખરાંથી ત્રાહિમામ્ છે અને કોઈ એની સાથે વાટકી-વ્યવહાર તો દૂર, બોલવા ચાલવાનો વ્યવહાર પણ રાખવા તૈયાર નથી.

આજુબાજુ જ્યાં નજર પડશે, દરેક જીવનની પોતાની એક આપવીતી હશે.

એક વૃદ્ધા છે. આખું જીવન સરકારી નોકરીમાં સ્વમાનપૂર્વક કામ કર્યું, પણ કોઈ અન્ડર ટેબલ નહીં. બસ વૈતરું કર્યું. પતિએ આખી જિંદગી બેસીને બૈરીની કમાઈ ખાધી અને રોજ રાતે હલકી કક્ષાનો દારૂ પીને પરિવાર સાથે મારઝૂડ કરી અને એક દિવસ લીવરની બીમારી સાથે જિંદગીને છોડીને ભાગ્યો. એક દીકરી સાસરે નથી ફાવતું, એમ કહીને પાછી આવી છે અને બીજો દીકરો માનસિક રીતે દિવ્યાંગ. (કહેવાની જરૂર નથી, કે એકદમ હકીકત, બસ નામ નાખવાના બાકી).

બીજો એક પતિ-પત્નીનો એકનો એક જુવાનજોધ, મૂછનો દોરો પણ ન ફૂટ્યો હોય,

એવો દીકરો એક દિવસ ઑફિસથી પાછો ફર્યો જ નહીં. પોલીસ અને અન્ય સત્તાધારીઓના રેઢિયાળ તંત્ર આગળ એ ગરીબ પરિવારનું કાંઈ ઊપજતું નથી. ન કોઈ ફોન, ન કોઈ કાગળ. અરે! એનું શબ નહીં મળ્યું હોવાથી વિમા કંપની પણ સાત વર્ષ રાહ જોવા કહે છે.

વિચારી જુઓ. આ લોકોની જિંદગીને સરખાવી જુઓ આપણી જિંદગી સાથે. જ્યારે પણ આવા તકલીફોમાં ગળાડૂબ પરિવારોની વેદના વિષે વિચારું છું, તો એમ થાય છે કે આ લોકો રોજ મંદિર જઈને ઈશ્વરને શું કહેતા હશે. એમની પ્રાર્થનામાં એ લોકો શું માગતા હશે.

થાય સરખામણી તો, કરી જુઓ કે સરખામણી આપણાં દુઃખોની અને એમના દુઃખોની. આપણે બસ પાર્ટનરની કીચકીચ કે સંતાનોના કૅરિયર કે વધતી મોંઘવારીની પીડા કે કારકિર્દીના ચઢાવ-ઉતારની તકલીફો લઈને બેઠા છીએ.

ક્યારેક વિચાર થાય છે કે, સાચી તકલીફો તો આવા લોકોની છે. આપણાં દુઃખો બસ સરખામણીનાં જ છે. જેને રોટલી નથી મળતી, એને રોટલીની ભૂખ છે. જેને રોટલી મળે છે, એને બત્રીસ પકવાન નહીં મળ્યાનું દુઃખ છે. જેને બત્રીસ પકવાન પણ મળ્યાં છે, એવો પરિવારના કોઈ અહમ કે અન્ય કોઈ ડખો લઈ પોતાનું જીવતર વેડફી રહ્યા છે. જેને એવી કોઈ તકલીફ પણ નથી, એ લોકો, ''જીવન બહુ નીરસ લાગે છે'', ''રોજનું રોજ એ જ કંટાળાજનક રૂટિન જીવન'' એવા ફાલતુ કારણો લઈને ડિપ્રેશનમાં સરી પડે છે.

***તેરે જહાઁ મેં ઐસા નહીં કે પ્યાર ન હો***
***જહાઁ ઉમ્મીદ હો ઇસકી વહાં નહીં મિલતા***

આ લેખ લખવા પાછળનો આશય માત્ર એટલો, કહેવાનું માત્ર એટલું જ કે, ઈશ્વરે જેને જે આપ્યું છે, બહુ સમજી-વિચારીને જ આપ્યું છે. હમેશાં આપણે સુખ સરખાવીએ છીએ. એકવાર સામેવાળાની તકલીફો ગણી જુઓ, પછી

***લોગોકા ગમ દેખા તો***
***મૈં અપના ગમ ભૂલ ગયા***

ઈશે દરેકને એની કિસ્મત પ્રમાણેનાં સુખો આપ્યા છે અને એની સહન કરવાની શક્તિ પ્રમાણેના દુઃખો આપ્યાં છે. અને છતાં ક્યારેક મનમાં પોતાના હિસ્સામાં આવેલાં દુઃખો વિષે પરમાત્મા પાસે ડખો કરવાનું મન થાય તો પહેલા પોતાની આસપાસના લોકોના જીવન વિષે થોડું વિચારી જોજો. ફૂટપાથ પર હાથનું ઓશીકું બનાવી સુનારને સામે ગગનચુંબી ઈમારતના આલીશાન ફ્લેટમાં સવા મણની રજાઈમાં વાતાનુકૂલિત ઓરડામાં પોઢી રહેલો માણસ દેખાય છે, પણ એના બેડની બાજુમાં પડેલી ઊંઘની ગોળીઓની શીશી

નથી દેખાતી. જ્યારે એ મહેલ જેવા મકાનના ધણીને ફૂટપાથ પર ઘસઘસાટ સૂઈ રહેલા માણસની ઊંઘ દેખાય છે, એના આખા દિવસનું વૈતરું અને છતાં માત્ર પાણી પીને ભરેલું પેટ નથી દેખાતું.

છેલ્લે એટલું જ લખવાનું કે, ''રોટી, કપડાં, મકાન'' સિવાયની કોઈ પણ તકલીફ, કોઈપણ પીડાને થોડી ડિસ્કાઉન્ટ કરો, થોડી જતી કરો. આપણી સૌની મોટા ભાગની ***''કહેવાતી''*** તકલીફો ***''delay, dilute અને delete''*** સાથે ઉકેલી શકાય છે. એટલે જે નથી મળ્યું એની વેદનાને, જે મળ્યું છે એના હર્ષમાં આવરી લઈએ. જે નથી મળ્યું એના માટે ખરા દિલથી, અંતરના ઊંડાણથી પ્રાર્થના કરો. પણ માત્ર બીજાના જીવનની સરખામણી કરી, ફરી ફરી, ફરિયાદ ન કરો. જેમ તમને નથી લાગતું એમ જેના જીવન સાથે તમે તમારા જીવનની સરખામણી કરી રહ્યા છો. એને પણ પોતાનું જહાઁ મુકમ્મલ નથી લાગતું અને કારણ માત્ર એટલું કે...

***કભી કિસીકો મુકમ્મલ જહાઁ નહીં મિલતા***
***કહીં જમીં તો કહીં આસમાઁ નહીં મિલતા***

- રતાડિયા ગણેશવાલા
મો. ૯૮૯૨૮૧૫૩૬૭


# મુલચંદ લાલજી એન્ડ કાું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*
**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# સોનાર બાંગ્લાની માટી અને માનુષ

જ્યોતિ મોતા

*એપ્રિલ અંકથી આગળ ચાલુ....*

પશ્ચિમ બંગાળની સફરના પ્રથમ શહેર કોલકાતાની ચાર દિવસની મુલાકાત બાદ ફરી એકવાર પહોંચી હાવડા સ્ટેશને. મારો આગળનો રઝળપાટ અનોખો અને હટકે હતો. એ એવાં સ્થાનો હતાં કે જેનાં નામ મેં કે મારા મિત્રોએ ક્યારેય સાંભળ્યાં નહોતાં. બે વર્ષ પહેલાં મેં મારી ઘુમક્કડીનો પ્લાન બનાવ્યો ત્યારે પશ્ચિમ બંગાળનાં તીર્થો જોઈ મારી આંખો ચમકી. ત્યાંનાં અટપટાં રમૂજી નામો વાંચ્યાં અને એની માહિતી લખી લીધી. હું ત્યાં પહોંચી શકીશ કે નહીં ત્યારે તો એનો અંદાજ બિલકુલ નહોતો. એક તો તદ્દન અજાણી જગ્યાઓ, જન્મસ્થળથી ઘણો દૂર, એટલે કે ભારતનો એક પશ્ચિમ છેડો (મુંબઈ) અને બીજો પૂર્વ છેડો! એવા અંતરિયાળ વિસ્તારમાં આવેલ ગામો અને નામો પણ એટલાં જ અજીબ! અજીમગંજ, જિયાગંજ, કાઠગોલા, મહિમાપુર (મુર્શિદાબાદ). છે ને અનોખ્જિં નામ! હા, આ જેટલાં અનોખાં સ્થાનો એટલી અનોખી એમની વાતો!

હાવડાથી રાત્રે ૯:૩૦એ મારી ટ્રેન હતી જે સવારે ૩:૩૦ કલાકે એટલે કે બ્રહ્મ મુહૂર્તે મને અજીમગંજ સ્થાને ઉતારવાની હતી. મારી ગાડી સાથે યાદોની બરાત પણ ચાલી. કોલકાતાથી ખુશીઓની સોગાદ અને ખુશહાલ લોકોની મીઠી યાદોને ગજવામાં ભરી હું નીકળી હતી. કોલકાતામાં મારી ખુશીના મુખ્ય હિસ્સેદાર બન્યા કિશન બાહેતીજી. એમની ઘણી વસ્તુઓ મારા પર ઉધાર રહી. અહીં સુધી આવવા પણ એમની મદદ લીધી. હાવડાથી અજીમગંજની ટિકિટ એમણે પોતાના એજન્ટ દ્વારા તત્કાળ કરાવી આપી જે ઘણી કોશિશ છતાં પણ હું નહોતી કરી શકી. મારા ઘણાં કહેવા છતાંએ ટિકિટના પૈસા એમણે ન લીધા. મારા પર એ ઉધારી પણ બાકી રહી. એમની ઇચ્છા હોવા છતાં એમના ઘરનું રિનોવેશન ચાલતું હોવાથી તેઓ મને ઘરે ન બોલાવી શક્યા અને મને બંગાળની મીઠાઈઓ ન ખવડાવી શક્યા તે બાબત પણ તેમને અફસોસ રહ્યો. ખેર! મેં તો ત્રણ દિવસ એમનો લાભ લીધો અને એમણે મને સમય પણ આપ્યો જે મારા માટે અમૂલ્ય છે અને રહેશે. મને કિશનજી જેવા મિત્રને મારા ઘરે આમંત્રણ આપવું પણ ખૂબ ગમશે. કદાચ આ બધું તો અમારી બીજી મુલાકાતે પૂરું થાય. 'હમ સબ એક હૈ' ની સહજ આત્મીયતા ઘુમક્કડીના સભ્યો વચ્ચે ઊભી થઇ એ યાત્રાની સાર્થકતા છે.

કડકડતી ઠંડી, ટ્રેનની ગતિ સાથે વિચારોની ગતિ પણ આગળ વધતી રહી હતી. આટલી

વહેલી સવારે અજાણ્યા સ્ટેશન પર ઊતરવાનું હોય તો ઊંઘ શે આવે? સૂઈ જાઉં અને સવારની મીઠી નીંદરમાં સ્ટેશન છૂટી જાય તો? સફરમાં એલાર્મની ઘંટીએ ક્યારે મને સાથ નથી આપ્યો એટલે હવે એનો વિશ્વાસ છોડી અંતર્મનના એલાર્મ પર વધુ વિશ્વાસ રાખી શકું છું. કડકડતી ઠંડી અને સૂમસામ પારસનાથ રેલવેસ્ટેશન પર રાત્રિ વિતાવ્યા બાદ સવારના ત્રણ કલાક અજીમગંજ રેલવેસ્ટેશન પર ગુજારવા એ મોટી વાત નહોતી! ખેર! આજે તો સમયસર સાડા ત્રણે ભારતીય રેલવે મને અજીમગંજ રેલવેસ્ટેશન પર પહોંચાડી.

સાવ નાનકડું સ્ટેશન, પરોઢના સાડા ત્રણ, અહીં કોણ ઊતરે? એકલી મહિલાની તો આશાય ન હોય! બે ત્રણ પુરુષો ઊતરીને આગળ નીકળી ગયા. ત્રણ બૅગ્સ સાથે નીચે ઊતરી મેં જગ્યાનું અવલોકન કર્યું. ટ્રેન પ્લૅટફૉર્મ છોડે પછી નક્કી થાય કે મારે કઈ બાજુ જવું. નીરવ શાંતિને ચીરતી ટ્રેનની સીટી ટ્રેનને આગળ લઈ ગઈ. આસપાસનું અવલોકન કરી નક્કી કર્યું કે મારે પ્લૅટફૉર્મ નંબર એક પર જવું. સવાર થાય ત્યાં સુધી ત્યાં જ સમય વિતાવવો. વારાફરતી એકએક બૅગ ઊંચકી એક નંબર પ્લૅટફૉર્મ પર પહોંચી.

સામાનને રામભરોસે એક જગ્યા પર મૂકી પ્રતીક્ષાલય જોવા આગળ વધી. ઠંડીના સુસવાટા ચાલુ હતા. નિર્જન, ભેંકાર ભાસતું પ્લૅટફૉર્મ પણ હમણાં મને સુરક્ષિત સ્થાન લાગતું હતું. પ્લૅટફૉર્મ પર ઘણી ખાલી બેંચીસ હતી, પણ ઠંડી-અંધારી રાત્રિએ ત્યાં એકલા બેસવું ઉચિત નહોતું. પ્રતીક્ષાલયનું બોર્ડ નજરે ચડ્યું. પ્રતીક્ષાલયના નામે એક નાનકડો ઓરડો, તૂટેલ-ફૂટેલ બારીઓ, તો જાજરુ મુતરડીની કલ્પના તો આવી જ જાય. ખેર! ખુલ્લામાં કોઈની નજરમાં એકલા આવવું એના કરતાં એક છાપરાની આડશ વધુ સુરક્ષિત લાગતી હતી. પારસનાથ રેલવેસ્ટેશનથી પણ નાનું આ સ્ટેશન. નિર્જન પ્લૅટફૉર્મ અને નીરવ શાંતિ એટલે ઝોકું ખાઈ લેવાનો અનાયાસ યત્ન થયો અને આંખો બંધ થઈ ગઈ. થોડી વારમાં જ સળવળ થઈ! ભારે આંખો ખોલી જોયું તો એક લઘરવઘર માણાસ-પુરુષ પ્રસાધનનો ઉપયોગ કરવા અંદર આવ્યો. હૃદય ધડકી ઊઠ્યું, સ્વસ્થ રહીને એક વેધક નજરે એ માણસ તરફ જોયું. દેહાતી માણસ હતો. મારા સામાન પર નજર નાખીને ચાલ્યો ગયો. થોડી મિનિટોના ભય અને સ્વનો પૂરા હોશથી જોતી રહી.

આ અંધારું પણ પોતાના અસ્તિત્વની અસર માનસ પર કેવી મૂકી દે છે! સાદા, સરળ માણસને પણ ભય, શંકા, સંદેહના દાયરામાં ઊભો રાખી દે. આ માનવમન પણ કેવું જન્મજાત સંસ્કારોથી ઘેરાયેલું. નિર્ભિકતાનો સ્વભાવ છોડી ભયને પકડી રાખે.

મન કહે રાતનો સમય જલદી વીતે... તો ક્યાંક વળી કોઈની ટ્રેન છૂટવાની અણી પર હોય તો તેનું મન ઇચ્છતું હોય કે આ સમય થોડી વાર વધુ થોભી જાય...! પણ સમય તો સમય છે, એને મારી કે બીજાની શું પરવા?

એ તો વણથંભ્યો, અવિરત ચાલ્યા કરે. કોઈ ઈચ્છે કે ન ઈચ્છે. મનનું ધાર્યું કરે તો સમય શેનો? અને આ તો શિયાળાની આ લાંબી રાતો. એમ તે ખૂટે?

આટલા નાનકડા સ્ટેશને કોઈ ટ્રેન પણ નહોતી આવતી. જે આવી હશે તે પણ પ્લૅટફૉર્મ નંબર ત્રણ પરથી જતી રહી હશે. નીરવતા પણ ભયના ઓથાર સાથે કેવી ભારેખમ બનતી હોય છે! આંખમાં ઘેરાતી ઊંઘને પ્રયત્નપૂર્વક દૂર કરતી રહી. વચ્ચેવચ્ચે આંખો બંધ કરી 'આનાપાન' ધ્યાન કરી લેતી. આખરે પક્ષીઓના કલરવે સવાર થયાનો સંકેત આપ્યો. સામાન ત્યાં જ મૂકી હિંમત કરી પ્લૅટફૉર્મ પર આગળ વધી. જો કોઈ રિક્ષાવાળો મળી જાય તો અજીમગંજ જૈન મંદિર જવાનું પૂછી લઉં. આખો રસ્તો સૂમસામ. કોઈ અવરજવર ન હતી. ફરી સ્વસ્થાને આવી બેસી ગઈ. ૬:૩૦ વાગે હલચલ અને વાહનનો અવાજ સંભળાયો. હું સામાન લઈ બહાર નીકળી. આટલી વહેલી સવારે અંધારામાં એકલી મહિલાને બહાર આવતા જોઈ અંદર આવનારા મુસાફરો મને નવાઈથી જોઈ રહેતા! હમણાં કોઈ ટ્રેન તો આવી નહોતી! તો એમનું કુતૂહલ અસ્થાને નહોતું. એક રિક્ષાવાળા ભાઈ પાસે જઈ અજીમગંજ જૈન મંદિર લઈ જવા પૂછ્યું.

''કૌનસા જૈન મંદિર મૅડમ?'' હું મૂંઝવણમાં એની સામું જોઈ રહી.

''બહનજી! યહાં નવ જૈન મંદિર હૈ! આપ કો કહાં જાના હૈ?'' ઓહ! સમજી ગઈ.

''યે બતાઇએ ભાઈ, યહાં કૌનસા જૈન મંદિર સબસે બડા હૈ? જહાં ધર્મશાલા યા રહને કી વ્યવસ્થા હો, આપ મુઝે ઉસ મંદિર લે ચલીએ.''

''અચ્છા, આપ કો તો ફાટક કે ઉસ પાર વાલે મંદિર જાના હૈ. ઠીક હૈ, બૈઠ જાયેં, ૭૦ રૂપિયે લગેંગે.'' ''ઠીક હૈ, પર વહીં લે જાના, જહાં રહને કી વ્યવસ્થા હો....''

થોડો હાશકારો થયો કે આ ભાઈને જૈન મંદિર અને ધર્મશાળાની ખબર તો છે! રેલવે સ્ટેશનની બંને બાજુ વસેલા અજીમગંજને રિક્ષામાંથી જોતી રહી. અડધો કિલોમીટર આગળ વધી ફાટકથી જમણી બાજુ એકાદ કિલોમીટર અંદર રિક્ષા દોડી ગઈ. અજીમગંજ સાવ ગામડુંએ નહોતું અને શહેર પણ ન કહી શકાય. અજીમગંજની અસ્મિતાથી હું અજાણ હતી. આખું ગામ પસાર કરી ગામના છેવાડે રિક્ષા આવી ઊભી રહી.

''બહનજી, યે હૈ બડા મંદિર. યહાં ઊતરીયે.''

''પર ભૈયા, યહાં તો કોઈ ધર્મશાળા નહીં દીખ રહી. મંદિર ભી અંદર હોગા. યહાં તો તાલા લગા હૈ. મૈં ઈસ રાસ્તે પર સામાન રખકર કિસે, કૈસા, કહાં ઢૂંઢૂંગી? યહાં કૈસે ઊતરું ઈતને સામાન કે સાથ? આપ મુઝે ધર્મશાલા હી લે ચલેં. વહાં કોઈ ન કોઈ મિલ જાયેગા.''

''અરે! બહનજી! સારે યાત્રી યહીં ઊતરતે હૈં. વહાં ધર્મશાલા મેં આપકો કોઈ નહીં

મિલેગા. વહ તો બંધ હૈ. આપ યહીં ઊતરીયે ઔર કિસી સે પુછ લીજીએ.''

ભાઈ! કીસ સે પૂછું? કોઈ તો નહીં યહાં...! આપ મુઝે પહેલે ધર્મશાલા લે ચલેં. વહાં કોઈ નહીં મિલા તો ભલે આપ મુજે યહાં છોડ દેના.''

''અજીબ મુસીબત હૈ... ઠીક હૈ, આપકી તસલ્લી કે લિયે ચલતે હૈં, પર યહીં વાપસ આના પડેગા.''

હું ચુપ રહીં. મુંઝાઈ. જો એ કહે છે એવું જ હશે તો શું કરવું? આ ભાઈ સારો ન હોત તો મને અહીં જ ઉતારી, પૈસા લઈ ચાલતો થાત. કદાચ એ સાચો પણ હોય? પણ આ સ્થિતિમાં મારે આમ ગલીમાં ઊતરી, સૂમસામ જગ્યાએ સામાન મૂકી કોને શોધવા જવું, કોને પૂછવું?

રિક્ષા થોડી આગળ જતા ગામ પૂરું થયું અને ગંગાનો વિસ્તૃત પટ અને વહેતી ધારાઓ દેખાઈ. તન-મન પ્રસન્ન થઈ ગયાં ! હું કાંઈ જોઉં ને પૂછું ત્યાં ફરી ભાઈ બોલી ઊઠ્યા,

''વો રહી આપકી ધર્મશાલા. દેખિયે બંધ હૈ...''

''ઠીક હૈ, આપ રુકીયે, મૈં ઊતરકર દેખતી હું, સાયદ કોઈ મિલ જાયે..''

એનું કશું સાંભળ્યા વગર નીચે ઊતરી. મને ખબર હતી એને વધુ રોકવો એટલે ભાડું વધવું અથવા એનો રોષ વહોરી લેવો, પણ હું સવારના કોઈ મુસીબતમાં નહોતી પડવા ઈચ્છતી. ઊંઘ વગર આખી રાત ગાડી અને સ્ટેશન પર કાઢ્યા બાદ ફરી કોઈ રકઝક થાય અને મારી સવાર બગડે એવું નહોતી ઇચ્છતી. મેદાન પાર કરી, એક ઇમારત પાસે આવી.

સામે મોટી ધર્મશાળા, વિશાળ પ્રાંગણ, વિસ્તૃત લહેરાતો ગંગાનો પટ... અહાહા..! કેવું સુંદર વાતાવરણ હતું ! અહીં જગ્યા મળી જાય તો..! હૈયું ખુશીથી કૂદી રહ્યું હતું.. પણ હજી ક્યાં ઠેકાણું પડ્યું હતું? મોટો દરવાજો અંદરથી બંધ હતો. જોરજોરથી બૂમો પાડવા છતાં કોઈ ન આવ્યું. દરવાજો ખખડાવ્યો, પણ કોઈ પ્રત્યુત્તર નહીં. આશા બંધાઈ ને તૂટી પણ. નિરાશ થઈ પાછી ફરી.

''આપ કો બોલા થા ના બહનજી! યહાં કોઈ નહિ મિલેગા.''

''પર દરવાજા અંદર સે બંધ હૈ. પાસ ઈતના બડા હૉલ હૈ. તો કોઈ ને કોઈ તો અંદર હોગા હી, જો ઉસકી દેખરેખ કરતે હોંગે, કમરે મેં સો રહે હોંગે?''

''ઠીક હૈં. ફિર અબ બતાઓ ક્યા કરું? આ પ્રશ્ન તો મારો પણ હતો!

''બહનજી, બડા મંદિર મેં આપકો કોઈ ન કોઈ મિલેગા. વહાં રહને કા બંદોબસ્ત ભી હો જાયેગા. જબ આઠ બજે મૅનેજર આયેંગે તબ આપ બાત કર લેના. તબ તક રાહ દેખીયે. યહાં સે વહાં ફિર અકેલે સામાન કૈસે લે જાયેંગે?''

એની વાત વાજબી અને સાચી હતી. મને સવારસવારમાં એ સહન કરી રહ્યો હતો.

''ઠીક હૈ વહીં લે ચલેં.'' પ્રશ્ન તો હતો જ કે ત્યાં પણ રહેવા નહીં મળે તો ?

રડમસ ચહેરે ફરી રિક્ષામાં બેઠી. રાતનો ઉજાગરો અને કલાકો સ્ટેશન પર વિતાવ્યા બાદ હજીય અનિશ્ચિતતા ? જિનાલયનો મોટો ગૅટ રોડ પર હતો, પણ એ કદાચ જ્વલ્લે જ ખુલતો હશે ? મુખ્ય ગૅટ અંદરના ભાગમાં હતો જે નાનકડી ગલી પાર કરી આવતો હતો. પણ એ ગલીના ગૅટ પર તાળું મારેલું હતું. મેં ઘણી બૂમો પાડી પણ કોઈ બહાર ન આવ્યું. હવે રિક્ષાવાળો પણ મારી હાલત જોઈ પીગળ્યો. એણે તો દરવાજાને પછાડીને બૂમો પાડી. સાત-આઠ મિનિટ પછી એક વૃદ્ધ બાપા, જેમનું શરીર અવસ્થાથી ધ્રૂજી રહ્યું હતું, તે બબડતા, ગાળો ભાંડતા બહાર આવ્યા.

''કિસકા કામ હૈ...? મંદિર ખૂલને કો ટાઇમ હૈં અભી.'' મારી સામે જોઈને બોલ્યા.

''બાબા યાત્રિક હું. દૂર કોલકાતા સે આઈ હું. ધર્મશાલા ગઈ, પર વહાં કોઈ નહી થા. મુઝે અભી અંદર આને દેં, ભગવાન કે દર્શન કરને દેં, ફિર બાત કરતી હું.''

''દુસરા કૌન હૈ, તુમ્હારે સાથ ?''

''મૈં અકેલી યાત્રિક હું. તીન ઘંટે સ્ટેશન પર બૈઠી થી બાબા ! બહુત ઠંડ હૈ, અંદર આને દે...'' નહીં, નહીં, તુમ આઠ બજે આઓ. હમ અકેલી મહિલા કો અંદર આને નહિ દે શકતેં... અભી મંદિર નહીં ખૂલા... પૂજારી ઔર મૅનેજર આઠ બજે આયેંગેં, તબ આના, જાઓ કહીં ભી રહો, યહાં નહીં..!'' ''બાબા, કહાં જાઉં ? અભી કુછ દેર કે લિયે મુજે આને દિજીએ. પૂજારીજી, મૅનેજરસા'બ આયેંગે તબ મૈં બાત કર લૂંગી. મુઝે દર્શન - પૂજા કરને દેં...''

રિક્ષાવાળો ભાઈ પણ ઊભો રહ્યો. મેં એને પૈસા ચૂકવ્યા. હવે એ પણ બોલ્યો, ''ચાચા, યૈ બડી દૂર સે આઈ હૈં. ધર્મશાલા ભી બંધ હૈ... કોઈ નહિ ખોલ રહા. કહાઁ જાયેગી અકેલી મહિલા ?'

આખરે એ બુજુર્ગનાં ગાત્રો ઢીલાં પડ્યાં. ફરી બબડતા બબડતા દરવાજો ખોલ્યો.

''પતા નહિ, કહાંકહાં સે ઇતની સુબહ લોગ આ જાતે હૈં ?''

મૈં ચહેરા પર સ્મિત સાથે રિક્ષાવાળાને આભાર માની વિદાય કર્યો. અવસ્થા અને ગુસ્સાથી કાંપતરિં શરીર અંદર ગયું. મેં મનોમન એમનો આભાર માન્યો. બે ફેરા કરી સમાન અંદર લીધો. પ્રભુનો દરબાર જોઈ ''નમો જીણાણં'' કહી બાંકડા પર બેઠી. જિનાલય તો ખુલ્લું હતું. ગેરુઆ વસ્ત્રોમાં પુજારીજી જિનાલયમાં દાખલ થયા. મેં મને ના પાડનાર દાદા સામે દયાભરી દૃષ્ટિથી જોયું. જિનાલયમાં જઈ દર્શન-સ્તુતિ-ખમાસણાં કરી બહાર આવી. બાંકડે બેઠી, મૅનેજરસાહેબની રાહ જોતી. જિનાલયમાંથી પૂજારીજી બહાર આવ્યા એટલે પૂછી લીધું....

''પક્ષાલ કિતને બજે હોગા ?''

''થોડી દેર મેં. આપકો કરના હૈ?''

''હાં.''

''પૂજા કે વસ્ત્રો મેં આઈયે. સ્નાન કે લિયે અંદર કૉમન ટૉઈલૅટ-બાથરૂમ હૈ. સામાન યહીં છોડ દેં. કોઈ દિક્કત નહીં. બાદ મેં કમરા મિલ જાયે તબ લે લેના.''

મેં થોડી ગડમથલ અનુભવી. વૃદ્ધ વડીલ ફરી મારી પાસે આવ્યા. શાંત પડેલું મન હવે ઢીલું પડ્યું, કહેવા લાગ્યા.

''તુમ્હારા સામાન ઑફિસમેં રખ દો. આઠ બજે મૅનેજર આયેંગે તબ કમરા લે લેના.''

''પર ધર્મશાળા તો દૂર હૈં, બંધ હૈ.''

''યહાં ભી દો કમરેં હૈ, અભી તુમ પૂજા કર લો.''

બુજુર્ગનું બદલાયેલું રૂપ જોઈ હું તો રાજી થઈ ગઈ. બસ, હવે કોઈ ચિંતા નથી. હું હવે સુરક્ષિત જગ્યાએ છું. આ બધી પ્રભુની મહેરબાની જ હતી જેના દરબારે હું બેઠી હતી. હવે જે કરવું હશે અને થશે એ પ્રભુ કરશે. થોડું ગરમ પાણી મળી ગયું. સ્નાનાદિ પતાવી પૂજાનાં વસ્ત્રોમાં તરત નેમિનાથદાદાના દરબારે હાજર થઈ.

પ્રફુલ્લિત ચિત્તે પક્ષાલ, અંગલુંછણાં, બરાસ, ચંદનપૂજા કરી. ભાવભીના હૃદયે અષ્ટપ્રકારી પૂજા કરી. મંદિરની બહાર આવતા સાડા આઠ થઈ ગયા. મૅનેજરસાહેબ પણ આવી ગયા હતા. મને એક દિવસ માટે રૂમ જોઈએ છે તે જણાવ્યું. કોઈ પણ આનાકાની વગર એમણે મને જણાવ્યું કે ધર્મશાળા તો ગુજરાતથી આવેલ યાત્રીઓથી ભરેલી છે, મને જો અહીં ફાવે તો ઉપર ટ્રસ્ટીઓના બે ઓરડા હતાં, એમાંથી એકમાં હું રહી શકું.

ભોજન માટે ધર્મશાળાની જ્યાં ઈમારત છે ત્યાં જવું પડેશે. મને ક્યાં કંઈ વાંધો હતો! મને તો રહેવા આસરો જોઈતો હતો.

થોડી વાર પહેલાં જે સંજોગો પ્રતિકૂળ જણાતાં હતાં તદ્દન બદલાઈ અને સાનુકૂળ થઈ ગયા. આ બધી દેવ-ગુરુ ધર્મની જ કૃપા હતી. મેં મનોમન ધન્યવાદ કર્યા. આસપાસ બીજા ત્રણ જિનાલય હતાં ત્યાં જવાની ઈચ્છા વ્યક્ત કરી. મૅનેજર સાહેબે કહ્યું કે, હું પહેલા ઉપર રૂમમાં શિફ્ટ થઈ જાઉં ત્યાં સુધી તેઓ અહીંનાં અન્ય જિનાલયોનું લિસ્ટ પણ કરી આપશે અને ત્યાં કેવી રીતે જવું તે પણ સમજાવી દેશે. મને પણ એ યોગ્ય લાગ્યું. ઑફિસમાં બીજા યાત્રિકો આવ્યા હતા તેઓ ગુજરાતીમાં વાત કરતા હોવાથી મૈં પણ એમની સાથે વાતો કરી. હવે અહીંના લોકોને વિશ્વાસ બેસી ગયો કે હું પણ યાત્રિક છું અને કલ્યાણક ભૂમિની લાંબી યાત્રા કરી અહીં સુધી પહોંચી છું. બધાનું વર્તન મારા માટે થોડું કૂણું પડ્યું.

'સોનાર બાંગ્લાર માનુષ આમકે ભાલો લેગેચે....!'

सोनार बांग्लार मानुस आमके भालो लेगेचे ।

ક્રમશઃ

મો.: ૯૯૩૦૫ ૦૮૪૦૭

# 'હોવું' અને 'થવું'

શાંતિલાલ ગઢિયા

જીવના સંદર્ભમાં 'હોવું' એટલે આત્મસ્વરૂપની ઓળખ. મારું હોવાપણું એટલે હું આત્મસ્વરૂપ છું એ જાગરૂકતા જીવનું બીજું અંગ છે 'થવું'. એ આત્મભાવમાંથી જ ફલીત થાય છે. આત્માના ગુણો પ્રગટ થવા એ સ્થિતિને 'થવું' કહી શકાય.

બીજા શબ્દોમાં કહીએ તો આત્માની પ્રચ્છન્ન શક્તિ પ્રગટ થતી હોય છે. કઈ રીતે ? દેહના અને ઈન્દ્રિયોના માધ્યમથી જીવ કર્મ કરે છે. ઉચ્ચ કોટિનો જીવ (સંત, ઋષિ, તપસ્વી આદિ) સાધના કરે છે, એ પણ 'થવું' ની દશા છે.

'થવું', 'હોવું'થી એકદમ ભિન્ન કે સ્વતંત્ર નથી હોતું, બલકે 'હોવું'નો જ પરિમાર્જિત વિસ્તાર છે. 'હોવું' મૂળ છે, 'થવું' એમાંથી પલ્લવિત થતો છોડ છે. જેમ બીજાંકુરની વૃદ્ધિ માટે વ્યક્તિએ સભાનપણે સક્રિય થવું પડે છે, એમ 'હોવું' 'થવું' માં રૂપાંતર પામે તે માટે વ્યક્તિએ પ્રયત્નશીલ થવું પડે છે. કાલે હું જે હતો, તે જ આજે હોઉં, કોઈ જ વિધાયક તત્ત્વનો મારામાં ઉમેરો થયો ન હોય તો એ 'હોવાપણા'નો કોઈ અર્થ નથી. કાલ કરતાં આજે મારામાં કિંચિત્ ભાવાત્મક (Positive) ફેરફાર થયો એવી પ્રતીતિ મને થાય તો હું 'થવાપણા' (becoming)ની દિશામાં છું એમ કહી શકાય. જીવન નિરુદ્દેશ નથી.

મૂળભૂત રીતે માનવસ્વભાવમાં સારપ રહેલી છે. વળી પ્રત્યેકમાં કંઈક બનવાની ક્ષમતા હોય છે. એને ઉચિત રીતે પિછાણી જીવનને ઊર્ધ્વ પંથે ગતિ આપવી ઘટે, પરંતુ રોજિંદા જીવનમાં આપણે તેના તરફ દુર્લક્ષ સેવીએ છીએ અને નિશ્ચેષ્ટ પદાર્થ જેવા કોરાકટ રહીએ છીએ.

આપણે બીબાઢાળ ઘરેડમાં જીવીએ છીએ. ભીતર રહેલ વિશે ગુણ બહાર આવવા ઉત્સુક હોય છે, પણ એનો અવાજ આપણે સાંભળતા નથી, કારણકે આપણે ભૌતિક સુખમાં ગળાડૂબ આસક્ત હોઈએ છીએ. આવી એકાંગી દૃષ્ટિ આપણને ઊંચા પગથિયા પર પગ મૂકતા રોકે છે. આપણે જ આપણી અંતર્યાત્રાનો અવરોધ બનીએ છીએ.

વડોદરા - ૩૯૦૦૦૨
ફોન. ૦૨૬૫-૨૭૫૦૨૭૫

# આપણી ધરોહર, આપણી સંસ્કૃતિ

શિલ્પા સમીર વોરા

થોડા સમયથી આપણા સમાજમાં પશ્ચિમી સંસ્કૃતિનું ચલણ વધી ગયું છે. બે પળ શાંતિથી વિચારીએ ને તો ખ્યાલ આવશે, આટલી સુંદર સંસ્કૃતિ છે આપણા દેશની, ઊંચામાં ઊંચું જૈન કુળ છે આપણું અને તેમાં પણ કચ્છી સમાજ જે પહેલેથી જ આધુનિકીકરણમાં માને છે, આટલું બધું એકસાથે આપણને મળ્યું છે, છતાં આપણે લોકો પશ્ચિમી સંસ્કૃતિ તરફ ખેંચાઇ જઇએ છીએ. શું કંઈ કમી છે આપણી સંસ્કૃતિમાં ? શું આ માટે આપણે સૌ જવાબદાર નથી? મારા મત પ્રમાણે જે કારણો જવાબદાર લાગે છે એનો અહીં ઉલ્લેખ કર્યો છે. આપ સૌ પણ એ બાબતે જરૂરથી વિચાર કરજો.

**પશ્ચિમી પહેરવેશ :-** આજકાલ લગ્ન, સગાઈ જેવા પવિત્ર પ્રસંગોમાં અને ઘણી વાર ધાર્મિક પ્રસંગોમાં પણ આપણી પરંપરાગત સાડીઓ ઘરચોળું, બાંધણી જે આપણા કચ્છી સમાજની ઓળખ કહેવાય એનું પ્રમાણ ઘટતું જાય છે અને એની જગ્યા લઈ લીધી છે પશ્ચિમી પોશાકે.

વેસ્ટર્ન કપડાં પહેરવામાં કોઈ ખરાબી નથી, પણ પ્રસંગને અનુરૂપ પહેરવામાં આવે તો શોભે. જ્યાં આપણા વડીલોની ઉપસ્થિતિ હોય, જ્યાં પ્રભુની હાજરી હોય એ જગ્યાએ તો આપણે આપણી મર્યાદા બતાવવી જ પડે. મર્યાદાથી પણ વિશેષ મહત્ત્વનું છે આદર. આદર આપણા વડીલો પ્રત્યે, આદર અને આસ્થા આપણા પરમાત્મા પ્રત્યે. જો આપણે આપણી પરંપરા જાળવીશું તો આવનારી યુવા પેઢીને આપણે વારસામાં એ પરંપરા ભેટ તરીકે આપી શકીશું.

**કચ્છની મુલાકાત :-** મેં એકવાર એક બાળકને પૂછ્યું, તને કચ્છનાં ગામો ખબર છે, તેનો જવાબ હતો નથી ખબર, પણ વિદેશોનાં નામ ખબર હતાં, કારણ આપણે વૅકેશનમાં ફરવા તો જઈએ છીએ, પણ કચ્છની મુલાકાતે જવાનું બહુ ઓછું થાય છે જેથી બાળકો, આજની યુવા પેઢીઓ કચ્છની સંસ્કૃતિથી અજાણ હોય છે. એટલે જ વર્ષમાં એકવાર એમને લઈને કચ્છની મુલાકાતે અવશ્ય જવું જોઈએ જેથી તેઓ કચ્છની સંસ્કૃતિથી માહિતગાર થાય. આપણો કચ્છી સમાજ જે આજે મુંબઈમાં બહોળો ફેલાયેલો છે એનો મૂળભૂત પાયો તો કચ્છ જ છે. એમને કચ્છની

માટીનું મૂલ્ય સમજાવો જ્યાં આપણા દાદા-પરદાદા મોટા થયા. એમને એમની માતૃભૂમિ સાથે પ્રેમ થવા દો, કચ્છની માટીમાં આળોટવા દો, કચ્છની ધીંગી ધરાની મહેક લેવા દો, શું ખબર કાલે ઊઠીને આ જ યુવા પેઢી કચ્છના લગાવને લીધે કચ્છ માટે આપણી કચ્છી સંસ્થાઓમાં જોડાશે અને કચ્છને પ્રગતિના પંથે સીંચી જશે.

**વિદેશી ભણતરઃ-** આજકાલ આપણા સમાજમાં વિદેશી ભણતરનું પ્રમાણ ખૂબ વધી ગયું છે. વિદેશમાં ભણતર માટે જવું બહુ સારી વાત છે, પણ જન્મભૂમિ અને પરિવારથી દૂર થઈ ત્યાં સ્થિર થવું શું જરૂરી છે? આ દેશ અને સમાજે આપણાને આપણી પોતાની ઓળખ આપી છે. તો શું આપણી ફરજ નથી બનતી દેશ અને સમાજના પ્રત્યે? માતૃભૂમિ અને જન્મભૂમિ પાસેથી ઘણું મેળવ્યું આપણે, આજે હવે જ્યારે પાછો આપવાનો સમય આવ્યો ત્યારે દૂર ચાલ્યા જવું. તેમને પૂછવામાં આવે કે ત્યાં શા માટે સેટલ થાઓ છો? તો જવાબ મળે છે કે ત્યાં સુવિધાઓ બહુ સારી છે. શું ફક્ત સુવિધાઓ માટે પોતાના પરિવારથી, સમાજથી અને દેશથી દૂર રહેવું વાજબી છે? આપણા દેશને જરૂર છે આજની યુવા ધનની જે દેશને પ્રગતિના પંથે આગળ દોરી જાય અને એટલે જ વિચાર બદલશો તો સમાજ બદલશે અને દેશ પણ વિકાસ પામશે.

**ધર્મ-સંસ્કારઃ-** બચ્ચાઓને જૈન ધર્મનું મૂલ્ય સમજાવો, એમને ભગવાન મહાવીરનું જીવનચરિત્ર સંભળાવો, નવકાર મહામંત્રનો મહિમા સમજાવો, આજના સમયને ધ્યાનમાં રાખીને બાળકોમાં ધર્મસંસ્કારોનું જરૂરથી સિંચન કરવું જ રહ્યું, જેથી અનીતિ, અનિયમ ક્યારેય એમના જીવનમાં પ્રવેશે નહીં. કઠિનમાં કઠિન પરિસ્થિતિનો પણ સામનો કરવાની તેમનામાં હિંમત આવે અને એ પણ સમતા ભાવ સાથે. માટે જો દેરાસર ઘરની બાજુમાં હોય તો બહુ જ સારું. નહીં તો ઘરના જિનાલયમાં પણ પ્રભુદર્શન તો જરૂર કરવાનાં જ.

અંતમાં એટલું જ કહીશ, ફૉરવર્ડ બનવાના ચક્કરમાં પોતાની જાતને નહીં, પણ વિચારોને બદલો, આધુનિકીકરણ આવશે વિચારોને બદલવાથી, નહીં કે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરવાથી. આવનારી યુવા પેઢી માટે આપણે આપણી માતૃભૂમિ અને સંસ્કૃતિને સાચવવી જ પડશે. આપણે સાચવશું તો કાલે યુવા પેઢી પણ સાચવશે અને આપણી પરંપરા, સંસ્કૃતિ જીવિત રહેશે.

ગામ - ગેલડા

**જીવનમાં બે વસ્તુ માણસને દુઃખી કરે છે**
**એક જિદ્ અને બીજું અભિમાન**
**અને જીવનમાં બે વસ્તુ માણસને સુખી કરે છે**
**એક જતું કરવું અને બીજું જાતે કરવું**

# સાહિત્ય-અમૃત

**✲ આલેખન : CA ચંદ્રકાન્ત નંદુ ✲**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

અમ્રીત કૌર. ૩૧ ઑગસ્ટ, ૧૯૧૯ ના ગુજરાંવાલામાં એમનો જન્મ થયો. એના શૈશવ કાળે એ હતી અમ્રીત કૌર અને પછી થઈ સાહિત્યાકાશની અમર અમૃતા પ્રીતમ. ૩૧ ઑક્ટોબર, ૨૦૦૫ના ૮૬ વર્ષની ઉંમરે દિલ્હીમાં એમનું અવસાન થયું. ૮૬ વર્ષનું અમૃતાનું જીવન છે વ્યથા, વિદ્રોહ, પડકારોની યાત્રા એની કલમમાંથી અવતરેલાં અનેક કાવ્યો, નવલકથા, નજમો અને નિબંધોએ એને અપાયેલાં તમામ પુરસ્કારો, એવૉર્ડ અને સન્માનોને ઝાંખા પાડી દીધાં છે. એની જીવનકથાનાં પૃષ્ઠો ફેરવીએ એ પહેલાં આ મહાન સાહિત્યકાર વિષે થોડું જાણી લઈએ.

અમૃતાએ એનું સાહિત્ય-સર્જન પંજાબી અને હિન્દી ભાષામાં કર્યું છે. અમૃતા પ્રીતમ પંજાબી સાહિત્યનું એક સીમાવર્તી નામ છે. કવિતા, નવલકથા, નિબંધ, જીવનચરિત્ર, પંજાબી લોકગીતોનું સંપાદન, આત્મકથા જેવા સાહિત્યના તમામ પ્રકારોને આવરી લેતું એમનું સાહિત્ય એકસોથીએ વધારે પુસ્તકોમાં સમાવિષ્ટ થયેલું છે. એમનું આ સાહિત્ય ભારતીય તેમ જ વિશ્વની અનેક ભાષાઓમાં અનુદિત થયેલું છે.

અમૃતા પ્રીતમ એના મર્મભેદી કાવ્ય ''અજ આખન વારિસ શાહનુ'' - ''Ode to Waris Shah'' અને એની નવલકથા 'પિંજર' માટે ચિરકાળ માટે યાદ રહેશે. 'પિંજર' પરથી ફિલ્મ 'પિંજર' બની જેને કેટલાંય પુરસ્કાર પ્રાપ્ત થયાં.

૧૯૪૭માં દેશનું વિભાજન થયું. વિભાજન પછી નવું રાષ્ટ્ર પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું. અમૃતા લાહોરથી હિજરત કરી ભારત આવે છે, પરંતુ આ મહાન સાહિત્યકારને એના સમગ્ર જીવન દરમ્યાન બન્ને દેશોમાં એકસરખા પ્રેમ અને આદર મળ્યા.

અમૃતા દેશના સર્વોચ્ચ એવૉર્ડોથી સન્માનિત થઈ. ૧૯૫૬માં એને દીર્ઘ કાવ્ય સુનેહરે - Sunehade માટે સાહિત્ય અકાદમી એવૉર્ડ એનાયત થાય છે. પંજાબી ભાષામાં સાહિત્ય અકાદમી એવૉર્ડ મેળવનાર એ એકમાત્ર મહિલા સાહિત્યકાર છે. ૧૯૮૨માં એની કૃત્તિ 'કાગજ તે કૅન્વાસ' માટે સાહિત્યનું સર્વોચ્ચ પદક 'જ્ઞાનપીઠ એવૉર્ડ' એનાયત કરવામાં આવ્યો. ૧૯૬૯માં એને 'પદ્મશ્રી' અને ૨૦૦૪માં 'પદ્મવિભૂષણ' એનાયત થયાં એના જીવનના અંતકાળ પહેલાં પાકિસ્તાનની પંજાબી અકાદમીએ એને પુરસ્કૃત કરી ત્યારે એણે પ્રતિભાવ આપતાં કહ્યું, **'बडे दिनों बाद मेरे मायके को मेरी याद आयी'**. આવી પ્રતિભા-સંપન્ન અમૃતાની જીવનકથા છે **'रसीदी टिकट'  - રેવન્યૂ સ્ટૅમ્પ.**

અમૃતા ૧૧ વર્ષની બાળ વયની હતી ત્યારે માતાનું મૃત્યુ થયું. માતા મૃત્યુશય્યા પર છે. ત્યારે....

''મારી બિન્ના ક્યાં છે!'' મારી માએ પૂછ્યું હતું અને જ્યારે મારી માની સખી પ્રીતમ કૌર મારો હાથ પકડીને મને માની પાસે લઈ ગઈ ત્યારે મા ભાનમાં ન હતી.

''તું ઈશ્વરનું નામ લે. કોણ જાણે એના મનમાં દયા આવી જાય. બાળકોનું કહ્યું તે ટાળતો નથી.... '' મારી માની સખી, મારી માસીએ મને કહ્યું.

અમૃતાને ઈશ્વરનું ધ્યાન ધરવાની નાનપણથી આદત હતી. પિતાએ સિંચેલા આ સંસ્કારમાં અમૃતાને અપાર શ્રદ્ધા હતી. ઈશ્વરને પ્રાર્થના કરતી એ કેટલીય વાર સુધી ધ્યાનમાં ઊભી રહી. ઈશ્વરને એ ધ્યાનમાં પ્રાર્થના કરે છે:

માના પલંગની પાસે ઊભાઊભા મારા પગ પથ્થરના થઈ ગયા. મને કેટલાંય વર્ષોથી ઈશ્વરનું ધ્યાન ધરવાની આદત હતી અને હવે જ્યારે એક સવાલ પણ સામે હતો ત્યારે ધ્યાન ધરવું મુશ્કેલ ન હતું. મેં કોણ જાણે કેટલી વાર સુધી ધ્યાન ધર્યું અને ઈશ્વરને કહ્યું: 'મારી માને નહીં મારતા.' માના પલંગ પરથી હવે માનો પીડાથી કણસતો અવાજ આવતો નહોતો પણ આજુબાજુ બેઠેલા લોકોમાં એક ખળભળાટ થઈ ગયો હતો. મને લાગતું હતું: 'નકામા જ બધા ગભરાઈ રહ્યાં છે, હવે માને પીડા નથી થતી. મેં ઈશ્વરને મારી વાત કહી દીધી છે; તે બાળકોનું કહેવું નથી ટાળતો.'

અને પછી અચાનક બધું શાંત થઈ ગયું. માનું મૃત્યુ થયું. માતાના મૃત્યુથી અમૃતાના મનમાં ઈશ્વર પ્રત્યે તીવ્ર રોષનો ઊભરો આવે છે. એ કહે છે:

'ઈશ્વર કોઈનું નથી સાંભળતો. બાળકોનું પણ નહીં.'

આ તે દિવસ હતો જેની પછી મેં મારો વર્ષોનો નિયમ છોડી દીધો. પિતાજીની આજ્ઞા બહુ કઠોર હતી, પણ મારી જીદે એમની કઠોરતા સામે ટક્કર ઝીલી.

'ઈશ્વર છે જ નહીં.'

'એમ ન કહીએ.'

'શા માટે?'

'એ નારાજ થઈ જાય છે.'

'તો થવા દો. હું જાણું છું, ઈશ્વર છે જ નહીં.'

'તું કેવી રીતે જાણે છે?'

'જો તે હોત તો મારી વાત ન સાંભળત?'

'તેં' તેને શું કહ્યું હતું?'

'મેં તેને કહ્યું હતું, મારી માને નહીં મારતા.'

'તેં' એને ક્યારેય જોયો છે? તે દેખાય છે થોડો જ?'

'પણ એને સંભળાતુંય નથી ?'

પૂજાપાઠ માટે પિતાજીની આજ્ઞા એક તરફ મક્કમ, તો મારી જીદ બીજી તરફ. ક્યારેક એમનો ગુસ્સો ઊછળી આવતો અને તેઓ મને પલાંઠી વળાવીને બેસાડતા. 'દસ મિનિટ આંખ મીંચીને ઈશ્વરનું ચિંતન કર.'

અમૃતા મનોમન કહે છે: પિતૃઅધિકાર સામે એક શિશુ શારીરિક રીતે તો અસહાય બની રહે છે, પરંતુ એ હાર મનમાં ઘૂંટાઈને અપ્રકટ રોષ બની રહે છે અને એનું મન કહે છે કે આંખો બંધ કરી એ ઈશ્વરનું ચિંતન નહીં કરે તો પિતાજી શું કરી લેશે? એ કહે છે:

'જે ઈશ્વરે મારી વાત ન સાંભળી તેની સાથે હવે હું વાત નહીં કરું. એના બાળમનમાં પણ એને પ્રેમ કરનારનું ચિત્ર ઊભું થાય છે અને.....

હવે હું આંખો બંધ કરીને મારા રાજનનું ચિંતન કરીશ. તે મારી સાથે સ્વપ્નમાં રમે છે, મારાં ગીત સાંભળે છે, તે કાગળ લઈને મારી તસવીર બનાવે છે. બસ, તેનું ધ્યાન ધરીશ, તેનું જ.

અને ત્યાર પછી કેટલાંય વર્ષો સુધી અમૃતાને દરરોજ રાત્રે બે સ્વપ્નો આવે છે. એક સ્વપ્નમાં એક મોટા કિલ્લામાં એને પૂરી દેવામાં આવે છે. બહાર પહેરેદારો પહેરો ભરી રહ્યા છે. કોઈ રીતે બહાર જવાય એમ નથી અને ત્યારે એ જોરપૂર્વક ઊડવાનો પ્રયત્ન કરે છે. શ્વાસ ચડી જાય છે અને પછી એ ધરતી પરથી ઉપર ચડવા લાગે છે. કિલ્લાની દીવાલોથી પણ ઉપર. સામે આકાશ દેખાય છે. પહેરેદારો જોતા જ રહે છે. બીજા સ્વપ્નમાં લોકોનું ટોળું એની પાછળ પડે છે. પૂરી તાકાતથી એ દોડે છે. ટોળા અને એની વચ્ચેનું અંતર ઘટતું જાય છે. એ વધુ તાકાતથી દોડે છે અને સામે નદી આવે છે. ટોળું આનંદમાં આવી જાય છે. ''હવે આગળ ક્યાં જશે ? આગળ તો નદી વહે છે.'' અને આશ્ચર્ય. એ નદી પર ચાલવા માંડે છે. પાણી વહે છે પણ એના પગોને ધરતીનો સ્પર્શ થાય છે અને ટોળું કિનારે અટકી જાય છે. એ કહે છે:

કિનારા પર ઊભેલા લોકો ઘૂરકીને જુએ છે, ગુસ્સામાં દાંત ભીંસે છે,
પણ કોઈના હાથ મારા સુધી પહોંચી શકતા નથી.

અમૃતાની કલમને ઓળખવાની મથામણ કરવી એ એના મનોવિશ્વની યાત્રા કરવા સમાન છે અને આ યાત્રા દુર્ગમ જ હોવાની. પુસ્તકની પ્રસ્તાવનામાં જ અમૃતા કહે છે: ''જે કંઈ બન્યું, બધું મનની ભીતરમાં બન્યું અને એ બધું નઝમો અને નૉવેલ્સને હવાલે થઈ ગયું.'' એના મનની ભાષાને ઉકેલવી અઘરી છે. એના શબ્દોની અંદર ઊતરવું એટલે આપણી અનુભૂતિને એરણ પર મૂકવી પડે.

અમૃતાને જે સ્વપ્નો વર્ષો સુધી આવે છે એ કદાચ એના મનમાં ઘૂંટાતું એનું વિશ્વ છે. એના મનોવિશ્વ પર ઉઝરડા પડે છે ત્યારે એ ચિત્કાર કરી ઊઠે છે. ક્યારેક એની અસહાયતા હતાશા તરફ જતી જણાય છે. તો તરત જ એક પડકાર બનીને એ બહાર આવે છે. એના આ મનોવિશ્વમાં વ્યથા છે, વિદ્રોહ છે, પડકાર છે અને બહારના વિશ્વ તરફ એક ઉપેક્ષા છે.

અહીં બાળમાનસ પર પડેલી અમીટ છાપ અને એના પર થતા પ્રહારની પ્રતિક્રિયા જોવા મળે છે.

દસોક વર્ષની અમૃતાના બાળમન પર પિતાએ સિંચેલા સંસ્કારો અમીટપણે પડેલા છે. ઈશ્વરમાં એને અતૂટ શ્રદ્ધા છે. ઈશ્વર ક્યારેય એક બાળકની પ્રાર્થનાને ટાળતો નથી.

અમૃતા ધ્યાનમાં ઈશ્વરને કહે છેઃ 'મારી માને મારતા નહીં.' એને પૂર્ણ શ્રદ્ધા છે કે એની માનું મૃત્યુ નહીં જ થાય અને માતા મૃત્યુ પામે છે. અમૃતાની શ્રદ્ધા પર એવો પ્રહાર થાય છે કે એ બંડ પોકારી ઊઠે છે. ઈશ્વર પ્રત્યેની એની શ્રદ્ધા એકઝાટકે ફંગોળાઈ જાય છે. અને એ કહે છે. ''ઈશ્વર કોઈનું નથી સાંભળતો. બાળકોનું પણ નહીં.....'' 'ઈશ્વર છે જ નહીં.'..... 'જો તે હોત તો મારી વાત ન સાંભળત?'.....

બાળવયથી જ વિદ્રોહી અમૃતાનું મન ઈશ્વરને પણ પડકારે છે. માના મૃત્યુનું દર્દ અને એની અસહાયતા, પિતાની કઠોર આજ્ઞા અને એની જીદ બધું જ એના મનમાં સતત ઘુંટાતું રહ્યું.

અને અમૃતા હવે સોળ વર્ષની થઈ છે.

હવે પછી : સોળમું વર્ષ

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧

# વાત છે મારી-તારી-આપણી

✲ હેમા વીરા ✲

## ''તૃષ્ણા અને લોભ મનુષ્યને ન કરવાનું કરાવે છે''

ધન અને સમૃદ્ધિ આવે ત્યારે મનુષ્ય ઊછળવા લાગે છે, અને પોતે કાંઈક છે એવું માનવા લાગે છે. પણ ધનથી બધું ખરીદી શકાતું નથી. ઘણી વસ્તુઓ એવી છે જે ગમે તેટલું ધન આપશું તોપણ મળતી નથી. તન, મન અને ધનનું સુખ બધાને મળતું નથી. ધનનું સુખ હોય, પણ તન અને મનનું સુખ ન હોય તો ધન પણ નકામું બની જાય છે.

શરીર અને મન સારાં તંદુરસ્ત હોય તો ધન ઓછું હશે તો ચાલશે. પણ મનુષ્ય ધનને જેટલું મહત્ત્વ આપે છે તેટલું તન અને મનને નથી આપતો. જીવનમાં બધું સપ્રમાણ હોય તો આનંદ અનુભવી શકાય.

શરીર સારું રાખવાનો ઉપાય છે સારો ખોરાક, કસરત, પરિશ્રમ અને ઊંઘ, આ બધું સહેલું છે, કોઈ પણ કરી શકે, પણ મનને સારું રાખવાનું બહુ મુશ્કેલ છે. આ માટે કોઈની પણ ટીકા-નિંદા કરવી નહીં, કાંઈ પણ જાણ્યા વગર કોઈના વિષે કશું બોલવું નહી. કોઈનું દિલ દુભાવવાનું નહિ અને માધ્યસ્થ ભાવ રાખવો. એટલે કે વિના કારણ કોઈના પ્રત્યે ઢળી જવું નહીં. સાચા-ખોટાનો ભેદ ન થાય ત્યા સુધી તટસ્થ રહેવું ને ખોટી માથાકૂટથી દૂર રહેવું અને બને ત્યાં સુધી કોઈને આડે આવવું નહીં. ને સકારાત્મક વલણ રાખવું. જો આવો અભિગમ હશે તો મનનો આનંદ અનુભવી શકશો.

કોઈ પણ મનુષ્ય સંપૂર્ણ નથી, દરેકમાં કાંઈક ને કાંઈક સારો નરસો ગુણ હોય છે, દરેકની મર્યાદા છે, બહારથી સારો-સજ્જન દેખાતો મનુષ્ય કદાચ એટલો સજ્જન ન પણ હોય અને બહારથી ખરાબ દેખાતો મનુષ્ય એટલો પણ ખરાબ ન હોય, એટલે બહારના દેખાવથી કોઈના વિશ મત બાંધી લેવાનું યોગ્ય ગણાય નહી.

વ્યાખ્યાનોમાં અને ધાર્મિક પ્રવચનોમાં મનુષ્ય પોતાનો અસલી ચહેરો છુપાવી બેઠો હોય છે. સંતો અને મુનિ-મહારાજોની વાતો સાંભળીનો માથા ધુણાવે છે અનો કેટલીક વખત ભાવુક બની જાય છે. પરમાત્માના દરબારમાં હાથ જોડીનો ઊભેલો મનુષ્ય કેટલો નિર્દોષ લાગે છે, પરંતુ મંદિરનાં પગથિયાં ઉતરીનો ઘર કે દુકાન સુધી પહોંચે ત્યાં તે બધો રંગ ઊતરી જાય છે. મનુષ્યનો ચહેરો મંદિરમાં જેવો

દેખાય છે તેવો બહાર દેખાવા લાગે તો ધરતી પર સ્વર્ગ ઊતરી આવે.

રોજબરોજના જીવનમાં વિવાદો, કંકાશ, ક્લેશ ને ઝઘડાઓ થતા હોય છે, કારણ કે આપણાં ચહેરા અને મોહરાંઓ જુદાં છે. ઝઘડાઓ થાય છે ત્યારે પહેલો શબ્દ એ હોય છે, મેં તને આવો નહોતો ધાર્યો. કહેવાનું મન થાય કે ભાઈ તું થાપ ખાઈ ગયો, કારણકે તું પણ સામા મનુષ્યની જેમ ચહેરો છુપાવીને બેઠો છે.

મનુષ્યનું એકબીજા પ્રત્યે માયાળુ અને સહાનુભૂતિભર્યું વલણ હોય તો આમ બને ખરું ? જીવન એકબીજાની હૂંફ અને સહકારથી ચાલે છે. મનુષ્ય એકલો જીવી શકતો નથી. પ્રેમ અને તૃષ્ણા એ જીવનનો સ્ત્રોત છે.

જીવનમાં સુખ-દુઃખ, ચડતી-પડતી, શુભ-અશુભ બધું આવવાનું છે. શ્રદ્ધા, સમતા અને આસ્થા હોય તો મુસીબતને પાર કરી જવાય છે. પ્રભુ સુખનું એક દ્વાર બંધ કરે છે ત્યારે બીજું ખોલે છે, પણ આપણે બંધ બારણાં તરફ નજર તાકીને દુઃખી થતા રહીએ તો બીજો કોઈ ઉપાય નથી. નજર ફેરવીએ તો રસ્તો મળી જાય છે.

મનુષ્યની પાસે બધું જ પુષ્કળ હોય, પરમાત્માએ બધું આપ્યું હોવા છતાં સંતોષ નથી, જેમ-જેમ મળતું જાય તેમ-તેમ વધું પ્રાપ્ત કરવાની ઈચ્છા ઊભી થતી જાય છે. આ ઈચ્છા અને તૃષ્ણા મનુષ્યને ન કરવાનું કરાવે છે. આનો કોઈ અંત નથી, કોઈ મર્યાદા નથી લોભને થોભ ન હોય.

ધન વહેતું રહેવું જોઈએ, પ્રવાહ અટકી જાય તો છેવટે ખોબુચિયું બની જશે. ધનનો વધુ પડતો સંચય, પરિગ્રહ, લોભ અને લાલસા ઊભી કરે છે. જીવનના અંતે પણ કશું છૂટતું નથી. મનુષ્ય ચાલ્યો જાય છે અને ધનના ઢગલા પડ્યા રહે છે અને મરતી વખતે પણ એમ જ થાય કે હજી પણ ઘણું કરવાનું બાકી છે.

જીવનમાં એકલું ધન મહત્ત્વ નથી. પૈસા તો એક સાધન છે, તે સાધ્ય નથી. સુખ અને આનંદ માત્ર પૈસાથી મળે નહિ. પ્રેમ એ જીવનનું અમૃત છે, પણ પ્રેમ પૈસાથી ખરીદી શકાતો નથી. ઘણા ધનવાન અને તવંગર મનુષ્ય પૈસા હોવા છતા પ્રેમ અને સ્નેહના અભાવે તરફડતા હોય છે.

પ્રેમ, ખુશી અને આનંદ જેટલાં સામા મનુષ્ય પ્રત્યે વ્યક્ત કરો તેટલાં મળે ! લક્ષ્મીનો ઉપયોગ બીજાનાં દુઃખ દર્દ દૂર કરવામાં વપરાય તો તેનો આનંદ ને સમભાવ ખૂબજ અનોખો હોય છે.

મૂળ વાત છે આપવાની, કશું જતું કરવાની છે ને પરિગ્રહના પાપમાંથી મુક્ત થવાની આ વાત છે.

જીવનમાં ધન મેળવો નીતિથી, ભોગવો રીતિથી અને પામો પ્રીતિથી.

ગામ : બેરાજા
મો. : ૯૩૨૨૨ ૨૨૪૦૦

# લગ્ન તથા પ્રેમ લગ્નમાં ભંગાણ

ડૉ. મંજુલા શાહ અને તરલાબેન છેડા

લવ મેરેજ બોલીવુડની મહેરબાની છે, જ્યાં જીવનસાથી શોધતી વખતે ન ઉંમરની દરકાર, ન જાતિના બંધનની. ''તું નહીં તો બીજો'' આ માનસિકતા બોલીવુડ પર છવાયેલી છે. ફિલ્મના હિરો, હિરોઈનની જીવનશૈલી સામાન્ય યુવક-યુવતીઓને પ્રભાવિત કરે છે. પ્રેમ - જે લગ્નમાં પરિણમે છે, તે હકીકતમાં માત્ર શારિરીક આકર્ષણ હોય છે. પ્રેમ એટલે શું ? આપણને ગમતી કે આપણા વિચારોને અનુકૂળ, કોઈ વ્યક્તિનો પરિચય થાય, ત્યારે માનસિક આનંદ મળે અને સમય જતાં તેના તરફ આકર્ષણ થાય તેનો પ્રેમનું નામ આપવામાં આવે છે.

પ્રેમસંબંધ બાંધવા માટે મહેનત કરવાના જમાના ગયા. સાવ નવરી બજારો એકબીજાની પોસ્ટ લાઈક કરતાં પ્રેમમાં પડી ગયાના અનેક દાખલા છે. સોશિયલ મીડીયા એક એવું પ્લેટફોર્મ છે, જ્યાં વર્ચ્યુઅલી કશુંય ના કરતાં પ્રેમમાં પડી જવાય.

ઘણીવાર તો હજારો કિલોમિટર દૂર બેઠાં બેઠાં મોબાઈલ કે લેપટોપના સ્ક્રીન ઉપર જ પ્રેમમાં પડી જવાય. સ્ક્રીન એક, સંબધો અનેક, બધા પાછા અંગત અંગત. આ પરિવર્તન છે ? મોટાઓની પેઢીને ચક્કર આવી જાય એવી આ વાત બીજી પેઢીને માફક આવી ગઈ છે અને ત્રીજી પેઢીને તો એમાં અકલ્પિત આનંદ આવે છે.

પ્રેમીના ઘરની આજુબાજુ આંટાફેરા, બસ સ્ટોપ પર રાહ જોવી એ જમાના ગયા. માત્ર ઝલક જ નહી આખેઆખી પ્રોફાઈલ આંગળીના ટેરવે છે. ઓન લાઈન આવ્યાનો, ઓફ લાઈન હોવાનો, પોસ્ટ જોવાનો આજની પેઢીનો આ હિસાબ જુની પેઢીને સમજાતો નથી.

લાગણીઓ ઉપર નિર્ભર સંબધોને હવે ટેક્નોલોજીના સપોર્ટની જરૂર પડે છે. તમારી ઓનલાઈન હાજરી તમારી હયાતીનું એક પ્રમાણપત્ર બની ગયું છે. અરસપરસના જોડાણ માટે તમારી લાગણી કરતા તમારો સારો મોબાઈલ સારું નેટવર્ક અને લાંબી બેટરી લાઈફ ખૂબજ જરૂરી છે. સંબધોમાં મંગળ નડે એ પહેલા મોબાઈલની બેટરીલાઈફ સિગ્નલ સ્ટ્રેન્ગથ, ટાઈમ કે ચેટ હિસ્ટ્રી નહી જાય.

પ્રેમ એટલે સમર્પણ, ત્યાગ અને વિશ્વાસ.

તમે કેટલો ત્યાગ સાથેની વ્યક્તિ માટે કરી શકો છો તેના પર પ્રેમ-સંબંધ ટકેલો છે.

લગ્ન પહેલાં એકબીજાને મેળવવાની ઈચ્છામાં જે યુગલ પરિવાર તથા સમાજ વિરૂદ્ધ જતાં ખચકાતા નથી, અચાનક લગ્ન બાદ ઉમરના કોઈ પણ પડાવ પર એકબીજાથી અલગ થવાનો નિર્ણય કેમ લે છે? કંકોતરીમાં છપાય છે ''લગ્નગ્રંથિથી જોડાશે'' જે જોડાણમાં ગાંઠ પડી હોય એમાં મોકળાશ કયાં? સમયાંતરે સર્જાતી ગેરસમજની ગાંઠ, સમજણ વિનાનો પ્રેમ, પ્રેમવિનાનું લગ્નજીવન વેન્ટીલેટર પર જીવતું હોય છે, ધબકારા હોય છે - ઉત્સાહ નથી હોતો - શ્વાસ હોય છે વિશ્વાસ નથી હોતો.

અફસોસ ત્યારે થાય જ્યારે એક-બે બાળક હોય અને યુગલ છુટા થવાનું વિચારે છે. ''છૂટા છેડા'' એક એવું પ્રચંડ વાવાઝોડું છે, જેની બાળમાનસ પર ઊંડી અસર પડે છે અને બાળકના ભવિષ્યમાં અંધકાર વ્યાપી જાય છે.

બાળક પોતે પોતાના ભવિષ્ય માટે ક્યારેય ચિંતિત હોતું નથી, એ માટે માતા-પિતાએ જ જાગૃત રહેવું પડે. સંતાન માટે પતિ-પત્નિ બંન્નેને લાગણી હોય છે, છૂટા પડવાનો વારો આવે ત્યારે સંતાન પોતાની પાસે રહે એવો બંન્ને પક્ષે 'હઠાગ્રહ'ના પરિણામે બાળક મુંઝાઈ જાય છે.

બાળકને માતા-પિતા બંન્ને જોઈએ છે. બાળક આજુબાજુ નજર નાખે છે, શાળામાં પણ જુએ છે. એને ખ્યાલ આવે છે કે બીજા બાળકો કરતા તેની પરિસ્થિતિ અલગ છે, અનેક મુંઝવતા પ્રશ્નો એ પૂછતું હોય છે. છૂટા છેડા થાય છે ત્યારે બાળકના કબજાનો સવાલ ઉદ્ભવે છે. જે ખૂબજ દુઃખભરી ઘટના છે ઉકેલ કાયદા થકી થઈ જાય પરંતુ સામાજીક રીતે અને માનવતાની દૃષ્ટિએ વિચારીએ તો શું આપનું મન સ્વીકારે?

**છૂટાછેડા પછી-**

સ્ત્રી મોટે ભાગે તેના માતા-પિતાને ઘરે રહેતી હોય છે, પોતાની પુત્રીના નાતે માવતર રહેવા માટે આશ્રય તો આપે છે, પરંતુ કુટુંબ આર્થિક રીતે સધ્ધર હોય કે ન હોય છતાં પુત્રી પિતાને એક બોજ સમાન લાગે છે. પિતા પોતાના પુત્ર અને પુત્રવધુ પર વધારે ધ્યાન રાખતા હોવાને કારણે પુત્રી હંમેશા ઉપેક્ષિત થતી હોય છે. જ્યાં માતાની ઉપેક્ષા થતી હોય તેવા વાતાવરણ માં બાળકના માનસ પર થતી અસર-આપ વિચારી શકો છો. આર્થિક રીતે પગભર ન હોય તેવી સ્ત્રી બીજા પર બોજ બનીને જીવતી હોય છે. સ્ત્રી પગભર હોય - નોકરીએ જતી હોય ત્યારે બાળક નાનાના ઘરમાં એકલો એકલો અટવાયા કરે. સ્ત્રી - માતા તરીકે મન હોવા છતાં પણ એના ભણતર અને ઘડતરમાં ધ્યાન આપી શકતી નથી.

બાળકના ભવિષ્ય નું શું ? પિતા- જો સંયુક્ત કુટુંબમાં હોય તો બાળકને દાદાદાદીનો પ્રેમ મળે. મા ની મમતા ક્યાં ? આયાના અથવા અપરમાના સહારે જીવવું પડે. ખાવાપીવા, પહેરવા, ઓઢવા વગેરે સુવિધા મળી રહે. પિતાનો પ્રેમ માત્ર ઔપચારિક રહે છે. અપરમા હોવા છતાં એ બાળક માતાની મમતા માટે કાયમ તડફડતું રહે છે.

હાલ ૧૦ લગ્નમાંથી ૩-૪ લગ્ન જીવનનું અકાળે અવસાન થાય છે. આપણે ઘરની બારીઓ હવાની અજરજવર માટે ખૂલ્લી રાખીએ છીએ, પરંતુ વાવાઝોડું પ્રવેશે તો આખા ઘરને તહસનહસ કરી નાખે છે આ લગ્ન એ ઢીંગલા-ઢીંગલીના લગ્ન નથી. પ્રેમ લગ્ન કે વડીલોની સંમતિના લગ્ન-બંન્નેમાં યુગલે એકબીજાના ગુણ-અવગુણને હૃદયપૂર્વક સ્વીકાર કરી વિશ્વાસના વહાણે તરવું જોઈએ.

મધ્યસ્થિ સમીતિમાં અમારો પ્રથમ પ્રયાસ સમાધાનનો હોય છે. એકબીજાની ભૂલો પ્રત્યે અંગુલી નિર્દેષ તેમજ એમના માતાપિતાની ભૂલો પ્રત્યે ધ્યાન દોરવાનુ હોય છે. અહીં આવેલ કેશોની ચર્ચા ઓફિસથી બહાર જતી નથી તેથી જ આ અણબનાવની સમિતિઓને સમાજનો સારો વિશ્વાસ મળ્યો છે.

---

**કર્મો**

જે ધન તમો કમાયા છો
એ તમો ભોગવી શકો કે ન ભોગવી શકો
પરંતુ એ ધન કમાવવા માટે
જે કર્મો તમે કર્યા છે.
એ તો તમારે ભોગવવા જ પડશે

• • • • • • • • • • • • • • • • • • • •

કિંમત બન્નેની ચૂકવવી પડે છે
જરૂર વગર બોલવાની અને ખરેખર
જરૂર છે ત્યાં ચૂપ રહેવાની...

• • • • • • • • • • • • • • • • • • • •

જેમ સાકર અંધારામાં ખાઈ એ
તો પણ મોઢું મીઠું થાય
તેવી જ રીતે
સત્કર્મ અજાણતા થાય તો પણ
તેનું ફળ લાભદાયી જ મળે છે.....


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭

# પગદંડી

અંક : ૦૩ જૂન ૨૦૨૨

*-: માનદ્ તંત્રીઓ :-*

**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :ksevasamaj@gmail.com

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડૉલર ડ્રાફ્ટથી ત્રિવાર્ષિક : ૫૦

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# પગદંડીને પત્ર

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## જાહેર સ્થળોએ શૌચાલયો

''સમગ્ર કચ્છી સમાજને નમ્ર અપીલ''

કોરોનાકાળના લોકડાઉન પછી હમણાં-હમણાં આપણી જ્ઞાતિમાં શુભ પ્રસંગો જેવા કે પહેડીઓ-લગ્ન પ્રસંગ-દિક્ષા સમારંભ-સંસ્થાકીય બહુમાનો-શિબિરો તેમજ અન્ય પ્રસંગો માટે મોટા હૉલ તેમ જ મોટાં મેદાનો બુક કરવામાં આવે છે ને મોટી સંખ્યામાં આપણે સૌ એમાં ભાગ લઈએ છીએ. પ્રસંગોને અનુરૂપ સુંદર વ્યવસ્થા હોય છે.

આમ છતાં પાયાની જરૂરિયાત **શૌચાલય** માટે કોઈ વિચારતું નથી મહેમાનો ગમે તેટલા આવવાના હોય તોપણ દરેક સ્થળે બે-ત્રણ ટૉઈલૅટ અને ત્રણેક મુતરડી હોય છે અને મહેમાનો મૂઝાંય છે. ઘણી વાર સુધી સંગ્રહી રાખેલો પેશાબ કરતા પણ થોડી વાર લાગતી હોય છે જેથી પાછળ લાઈન લાગી જાય છે અમુક શૌચાલયો અંધારામાં હોય છે તો અમુક ૮ થી ૧૦ પગથિયાં ચડીને જવુ પડે છે એટલે અમુક મહેમાનો જતા પણ નથી, જેના લીધે કીડની જેવા અન્ય રોગોનું ઈનફેક્શન લાગુ પડે છે, જેની કોઈને ખબર પડતી નથી.

આથી સમગ્ર સમાજને તેમ જ વાડી અને મેદાનમાલિકોને નમ્ર વિનંતી કે હવે તો પોર્ટેબલ શૌચાલયો ઘણા સુંદર A/C ને પણ ટક્કર મારે તેવા હવા - ઉજાસવાળાં આવે છે જેને ગમે ત્યાં ગોઠવી શકાય છે. આ માટે યજમાનો ડેકોરેશનવાળાને કહે તો તેઓ શૌચાલયોની ગોઠવણ કરી આપે છે.

આમાં આયોજકોને ખાસ વિનંતી કે આ વાત પર જરૂરથી ધ્યાન આપશો અને આપના શુભ પ્રસંગોમાં સૌનું સ્વાસ્થ્ય સુંદર રહે એની કાળજી કરશોજી એવી અભિલાષા.

***(જીવતે રક્તદાન-મૃત્યુ પછી નેત્રદાન- ત્વચાદાન અને અન્યોને જીવાડવા અવયવ દાન અને દેહદાન જરૂરથી કરશો ને કરાવજો)***

આભાર

**વસંતલાલ ગડા (ભેલપુરી)**
**કાંદિવલી (વે).**
**મો. : ૯૨૨૪૬૮૦૨૯૨**

---

## હમ દો ઔર હમારે.....

તાજેતરમાં બારોઈ મહાજન દ્વારા, આપણા સમાજની ઘટતી વસ્તીને ધ્યાનમાં લઈને બીજા અને ત્રીજા સંતાનને મહાજન તરફથી દર જન્મદિવસે નાણાકીય ભેટ આપવાનું અભિયાન શરૂ થયું છે અને એની નોંધ વિવિધ સમાચાર પત્રો તેમ જ સોશિયલ મિડીયા પણ લેવાઈ.

ક.વી.ઓ.ની ઘટતી જતી વસ્તી, ''ડબલ ઈન્કમ સિંગલ કીડ'' તેમ જ ''હમ દો હમારા એક''ના વિચારોનો નવો શરૂ થયેલ ટ્રેન્ડ. લાંબા ગાળે આનાથી કેટલીય સામાજિક, માનસિક, પારિવારિક અને સગપણની સમસ્યાઓ સર્જાશે, એ વિષે દૂરંદેશી રાખી બારોઈ મહાજન દ્વારા લેવાયેલ ઉત્તમ પગલું.

હા. સમાચારપત્રોમાં તેમ જ સોશિયલ મિડીયામાં આ અભિયાનની નાણાકીય ભેટ પર જ ચર્ચાઓ થઈ રહી છે. આપણે સૌએ આ અભિયાનને માત્ર નાણાકીય રીતે જ નહીં, પણ એણે એક વૈચારિક ક્રાંતિની નજરે જોવાની જરૂર છે.

સમગ્ર ક.વી.ઓ. સમાજ અને તમામ મહાજનોએ પહેલા લોકોને આ બાબત જાગૃત કરવાની જરૂર છે. ''હમ દો હમારા એક''ના ટ્રેન્ડમાં સંતાનોને વારસામાં મળતી એકલતા, સાચા ભાઈ, બહેનોને ને બદલે માત્ર કઝિન્સ પર વધતો મદાર, બધુ લાંબે ગાળે સમાજ માટે હાનિકારક છે. એ વિચારને વધુ ને વધુ લોકો સુધી પહોંચાડવાની તાતી જરૂર છે.

**- લિ. જ્યોતિ ગિરીશ છેડા**
કુંદરોડી

---

## વસ્તી વધારો

એક બાજુ દુનિયામાં ૭ અબજથી વધારે મનુષ્યની વસ્તી થઈ છે. કુદરતનાં સાધનો સીમિત હોવાથી આટલી મોટી જનસંખ્યાને પાયાની સુવિધાઓ આપવામાં સરકારોને મુશ્કેલી થઈ રહી છે. પાણીની સમસ્યા વિકરાળ બની છે. ઉનાળામાં ઘણી જગાએ ટૅન્કરથી પાણી પહોંચાડવામાં આવે છે. પૂરતું અનાજ પણ આફ્રિકાના ઘણા દેશોમાં મળતું નથી તેથી સરકારો જનસંખ્યા ઘટાડવાની વાત કરે છે. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઑગસ્ટના લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કરતા વસ્તી ઘટાડવા અને કુટુંબ સીમિત રાખવાની વાત કરી હતી.

બીજી તરફ કેટલીક ધાર્મિક માન્યતાઓને કારણે મુસ્લિમ પ્રજા કુટુંબ નિયોજન અપનાવતી નથી અને ટકાવારીની દૃષ્ટિએ હિંદુ રાષ્ટ્ર ભારતમાં મુસ્લિમ પ્રજાની ટકાવારી દર વરસે વધતી જાય છે. સંસ્કારી અને ભણેલી પ્રજા હવે સંતાનોને ઉચ્ચ શિક્ષણ અને સારી રહેણી-કહેણી (Standard of Living) આપવા એકથી વધારે સંતાન નથી ઇચ્છતી અને હવે તો સંતાનની પળોજણમાંથી છૂટવા અને પોતાની કૅરિયર બનાવવા લોકો DINKનો માર્ગ અપનાવવા લાગ્યા છે. DINK એટલે ડબલ ઇન્કમ નો કિડ એટલે કોઈ સંતાન પેદા ન કરવા અને પોતાની રીતે જિંદગી માણવી.

આજથી ૧૦૦ વરસ પહેલાં કુટુંબ નિયોજનાનાં સાધનોની કમી, આવકના સીમિત સાધનો, ખેતી જ મુખ્ય વ્યવસાય હોવાથી ૯ થી ઉપરનાં સંતાનો હોવા સામાન્ય હતું. ત્યારે બાળમરણનું પ્રમાણ વધારે હતું. વળી ખેતીમાં વધારે સંતાનો મદદરૂપ થશે એવી ધારણાથી વધારે સંતાનો પેદા કરવામાં

આવતાં. પછી કુટુંબ નિયોજનનાં સાધનો સરળ, સુગમ અને મફતના ભાવે મળતાં થયાં. સરકારે પણ પ્રોત્સાહન આપ્યું અને ભણતર વધ્યું અને સંતાનોની સંખ્યા ઓછી થતી ગઈ. છતાં મરણાનું પ્રમાણ ઓછું હોવાથી વસ્તીવધારો સ્ફોટક બન્યો.

ભારત લોકશાહી દેશ હોવાથી સરકાર કઠોર કાયદાનો અમલ ન કરી શકે, પણ ચીન જેવા દેશે એક સંતાનનો સખત કાયદો લાવી વસ્તી ઘટાડી.પણ હવે વાયરો વિરુદ્ધ દિશામાં લહેરાવા લાગ્યો છે.

ચીને પોતાની એક સંતાનની નીતિ બંધ કરી વધારે સંતાન માટે પ્રોત્સાહનની નીતી અપનાવી છે. મુસ્લિમ પ્રજાની વસ્તીની બરાબરી કરવા હિંદુ નેતાઓ અને ધાર્મિક ગુરુઓ વસ્તી વધારવાની હાકલ કરવા લાગ્યા છે.

જૈન પ્રજા પણ ધીરેધીરે ઘટતી જાય છે. થોડાક વખત પહેલાં બેંગલોરની મારવાડી જૈન સંસ્થાએ વધારે સંતાનના જન્મ પર ઈનામ અને ભણતર, લગ્ન વગેરેનો ખર્ચ ઉપાડવાની સંપૂણ તૈયારીની ઘોષણા કરી છે. આજે બારોઈ ગામના આગેવાનોએ પોતાના ગામની જૈન વસ્તી વધારવા રોકડ ઈનામ અને દરેક જન્મદિવસે ૫૦,૦૦૦ રોકડા આપવાની વાત કરી છે.

મનમાં વિચાર થાય છે કે આ યોગ્ય દિશાનું પગલું છે?

જૈનોની વસ્તીવધારાનો દર ફક્ત ૧% પર આવી ગયો છે અને વસ્તી દર વરસે ઘટતી જાય છે. આવી રીતે પ્રોત્સાહન આપવાથી વધી વધીને કેટલો વધારો થશે? જૈન સમાજ ખમતીધર અને શ્રીમંત છે જે ઈનામ અને ખર્ચ ઉપાડી શકે છે, પણ આ દેખાદેખીમાં બીજા સમાજ પણ આ રીત અપનાવશે તો દેશની સમસ્યાનું શું થશે?

શું દેશ પાસે દરેક મનુષ્યને ભરપેટ ભોજન, આજીવિકા, રોજગારી આપવા જેટલાં સંસાધનો છે? વસ્તીવધારો શહેરોને ગીચ બનાવશે. ટ્રાન્સપોર્ટની સમસ્યા જટિલ કરશે. અનાજ ઉગાડવા વધારે રસાયણિક ખાતર વપરાશે, જે લાંબે ગાળે ધરતીની ફળદ્રુપતા ઓછી કરશે? વસ્તીવધારો બીજી અનેક અણદેખી સમસ્યા ઊભી કરશે.

તેથી સમસ્યાનો ઉકેલ જેટલો દેખાય છે. એટલો સરળ નથી. સરકારે લાંબા ગાળાની નીતિ તૈયાર કરી પ્રજાની વસ્તી મર્યાદિત થાય અને છતાં બધાને સુખ, સંતોષ અને જીવન આવશ્યક સુવિધાઓ મળી રહે તે પ્રમાણે આયોજન કરવું પડશે. બુદ્ધિજીવીઓ, સમાજશાસ્ત્રીઓ, નીતિઘડવૈયા અને સરકાર સાથે મળીને કામ કરે તે જરૂરી છે.

**લિ. રાજેશ સાવલા**

મો. ૯૭૬૯૦૦૮૮૧૯

# ઊર્મિલહર

સંપાદક : વિશન નાગડા

મિઠા,

ગે મેણે આઉં ચ્યો ''લમરસ'' જે સંદર્ભમેં કેંજો કાગર-ફોન નાંય આયો! ને ગે અઠવાડે મુલુન્ડનું મિઠીબાઈ (સૅાડીવારા) જો ફોન ઠકા કેં. ઉની 'લમરસ'જી વ્યાખ્યા કે વધાઇંધે પિંઢજે સગેંમે સુણલ હી શબ્દ હેકલી મા બીં નિંઢડે બચેંકે ઘરમેં 'લમરસ' બધીને અકસ્માત જૅડી ઘટના કીં અટકાઇંધી વી સે સુણાઈ ઈન શબ્દકે ભાયલ (ચોકસ) ક્યાં, મિઠીબાઈ આંજી શબ્દ ચાહના કે સિલામ!

'લર' મથે અનાં કેંજો ફોન નાંય આયો! ત વઢીયૂં પંધ....

૧) લવજ પું (ફા. લફ્જ) - લવ્જ, શબ્દ, બોલ. (m) word.

(વાક્ય) ''ઍડી ધિબ થિઈ રિઈ મોં મિંજા હિકડો લવજ ન કઢેં.''

૨) લસ[૧] (સ્ત્રી) (સપાટી) લીસું કરવાની ક્રિયા (f) Smoothening

(વાક્ય) ''કડિયો ખાસો લગે તો. લસ ખાસી કેં આય!''

૩) લસ[૨] સ્ત્રી. સપાટ (લિસો) પ્રદેશ - જ્યાં જમીન સમથળ હોય અને ખાસ કરીને કશીયે વનસ્પતિ કે ઝાડી ન હોય એવો પ્રદેશ (સિન્ધમાં ''લસ'' નામનો એવો પ્રદેશ છે). કચ્છમાં માંડવીથી ભાડઈ તરફ જતાં એવો પ્રદેશ આવે છે

(વાક્ય) ''સામે નેર્યો'' ગાઉએં જી ગાઉ લસ પિઈ આય!''

(૪) લસ[૩] સ્ત્રી માર (લોહી ન નીકળે કે ઢીમણાં ન ઊપસી આવે એવો મૂઢ માર) (f) beating without any visible trace or sign

(વાક્ય) ''બૉરો ડાઓ થ્યો તે સે ડિની લસ, ત નિપટ સીદો - લસો થિઈ યર્યો.''

૫) લસપટ પું જુઓ ''લસ[૧]''.

(વાક્ય) ''અસાં વટે કિતે કીં ઉગેન, જિત નેર્યો તિત લસપટ લગો પ્યો આય''!

**પનપટી :-** કાને મંતર વિગરજેં શબ્દેં જેં નિમિતેં કચ્છી ભાષા જા કિતરાક અમૂલ્ય પ્રયોગ - ચૉવકૂં આં સૂંધી પુજાયજો પુઞ (પુન્ય) કમાયજો હી અવસર સચઈં અનન્ય- અલભ્ય આય! મા સરસ્વતી જી કિરપા વિગર ઈ ક્યાંનૂં થીયે ?!''

કચ્છી ભાષા જી મૂર જનેતા સંસ્કૃત ભલે આય કચ્છી આય પકી! ઈનકે ઇંગરેચીકે પ પિંઢમેં ભેરીંધે વાર ન લગે. ઈંગરેચીમેં ''બાય ચાન્સ'' શબ્દ આય. કચ્છી પિંઢજી છાપ લગાઈને ઈન મિંજા નઉં પ્રયોગ પેદા કરી ગિડ઼ે... ''લક બાય ચાનસ'' (કુદરત સંજોગે કે સદ્‌નસીબે) ત્રૉય શબ્દ મૂર ત ઇંગરેચીજ અઈં પણ ચાન્સમેં ન લંગડાજે સે કચ્છીકે ન હલે ઇતરે ન્ કે ટેકો ડિઈ ન ''ચાનસ'' ભનાઈ પિંઢમેં ભેરી ગિડ઼ેં! હાણે અઈં જ ચૉ ધારીયેકે પિંઢજો કરી પિંઢજે કુટમમેં ભેરી ગિને ઉ માડૂ કૅડ઼ો?

- વિશન

✤✤✤✤✤

## કુછ સમજ ફિર ઢુંઢ લે

ઝમીં કે કંકરકો હટાકર દેખો?
ચલના આસાન નંગે પાવ ચલાકર દેખો?
ગીરાદો યે મંદિર મસ્જિદ કી દીવારેં,
અખીર હૈ વો પથ્થર ઉઠાકર દેખો?

ખુદકો હી કુદહી મેં ખોજ લે,
વોહી બૈઠા હૈ અંદર સોચ લે
ફિર ભી ખોજે ખુદાકો મંદિરોં મેં તુ
નહી પાયેગા, કિતના હી ઢુંઢ લે ?

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

**એક પ્રતીકાત્મક માતૃવંદના**

## ડાળખી

કૈંક સૂરજને શ્વસી ગઈ ડાળખી
છાંયડો થઈને હસી ગઈ ડાળખી

વૃક્ષના વાત્સલ્યનો વિસ્તાર થઈ
આંખમાં સૌની વસી ગઈ ડાળખી

ઘર બની આકાશ વિસ્તરતું ગયું
બારીએથી જ્યાં ઘસી ગઈ ડાળખી

આટલી લીલાશ! ને આ શહેરમાં?!
આ ભલા કેવું હસી ગઈ ડાળખી!

લ્યો, સમેટીને વસંતો આ બધી
ફૂલ આપીને ખસી ગઈ ડાળખી

- વિશન નાગડા

✤✤✤✤✤

ભેરપજે ભાંયણમેં વિધ મ કર,
એંકારજી આંગરસેં ચિંધ મ કર
ખોલેને ધિલ નૅર નજારા નૂરજા,
ધરવાજા ધિલજા, ભાંધ મ કર

✤✤✤✤✤

પિંઢજી પીડા ખણીને, પારકા ડુખ નૅરીયુંતા,
પારકા પિંઢજા સમજીને જીયણ જીયુંતા,
તાંય કડેંક પિંઢજેંકે જ પારકા લગોંતા,
ઇનીકે અમી ડિઇને, અસીં વિખ પીયુંતા.

''અગમ''

## ના ગુમાન ઘોડેસવાર

માનવભવમાં જીવન શણગાર
નિઃસ્વાર્થ સેવા કરવા વિચાર

આદર વડીલોનું કરવુ સદાય
વિનયના ભાવે જીવન નિષાર

નયનો છે સંતોનાં દર્શન કરવા
એમાં લાવવા ના કામ-વિકાર

જીભ મળીને ગુણ ગાતા પ્રભુના
કરવી ના નિંદા - ટીકાનો સંચાર

જ્ઞાન મળ્યું છે અન્યને પીરસવા
થતો ના ગુમાન ઘોડલે સવાર

'લઘુગોવિંદ' પેટ ઠારવું ભૂખ્યાનું
કર્મ યોગે પામીને ધન – ભંડાર

❖❖❖❖❖

## નિમિત્તના દોષિત

નિમિત્તને ના દોષિત જાણો,
દુઃખોને કર્મફળ પ્રમાણો.

જીવને સુખ-દુઃખ પધારે,
પૂર્વ કરણીના જ આધારે.

ધરમી જીવ દુઃખીત થાવે,
પાપી નીત મોજમજા પાવે.

એવું સદા જગમાં દેખાય,
સમજો એ કર્મ લહાણો થાય.

'લઘુગોવિંદ' સુખ-દુઃખ આવે,
સહી લેવા સદા તટસ્થ ભાવે.

## સાર વસંતનો

આજે આવ્યો તહેવાર વસંતનો
માણી લેવો સથવાર વસંતનો

પ્રેમનાં પુષ્પો ખીલવી જાણો
મળ્યો સૌરભ પારાવાર વસંતનો

પ્રેમની નજર ફેરવીને માણો
બની જાવું ચાહદાર વસંતનો

કંટકો ભલે ચૂભતા સુમનને
ફૂલો વગાડે સિતાર વસંતનો

'લઘુગોવિંદ' વહી ગઈ પાનખર
પ્રીતલડી છે સાર વસંતનો

❖❖❖❖❖

## ના કદી ડોલનારો

વટે માર્ગુને મળે સહારો
મંજિલે પહોંચે ચાલનારો

રાવ-ફરિયાદ કરતો રહે
નિરાશામાં જે વસનારો

પુરુષાર્થે હાંકે જો નાવડી
એને મળી જાય કિનારો

નીજ રાહ શોધી લે ઝરણા
માર્ગ હોય ભલે કાંટારો

'લઘુગોવિંદ' લાખ સંકટે
ભડવીર કહે ના ડોલનારો

**ધનજી કાનજી છેડા - લઘુગોવિંદ**

## હલ્યો અચાંતો

આંઊ હિન આરે, તું હુન પાર,
હલ્યો અચાંતો તૉજે દ્વાર.

પાંજે બીં જે વિચમેં ધરીયા,
તેંકે તરણ બખૂં તો ભરીયાં;
નૉલે પટજો આંઊ પ્રવાસી.
ડીવાડાંઢી હિકડ઼ી બાર... આંઊ હિન આરે..

જામ ગ઼રા ઐં ઇનજો પાણી,
મછ-મછીએંજી ખેંચાતાણી;
લાવલાવ હિન માં'સાગરમેં,
તૉ ધારા કૉ નાંય મધાર... આંઊ હિન આરે...

બુડી તરાંતો પંધ ભુલાંતો,
આડો-અવરો જામ રુલાંતો;
કિતક ઉલારે પાઊં પછાડ઼ે,
ખણાણ નતો ડે મૂંકે તાર...
આંઊ હિન આરે...

વડો અઈયેં તું વડાય ગિ઼નજેં,
વકાર ઇતરી વકાય ગિ઼નજે;
અધપંધ સામું પંધ અચીજે,
બૉરો મૂંજો નાંય ભકાર...આંઊ હિન આરે...

## હૂંધા ભાગવારા સે

હૂંધા ભાગ઼વારા સે રામ ગુણ ગ઼ાઈંધા,
રામ ગુણ ગ઼ાઈંધા, મૅલ મન (જો) લાઈંધા,

નિંધા નેં કુથલીજા વાગ઼ા ઉતારીંધા,
પૅરણ ઈ પૅરીંધા પ્રેમજા;
મિઠી માનવતાજા મિંધર અડીંધા ને,
જોરીંધા મૅલ વડા વૅમજા.
સત લા બરંધા સે, સચો સૉન પાઈંધા...
હૂંધા ભાગ઼વારા સે....

ધરમ નં ધારીંધા ટીલેં નેં ટિપકેં કે,
મરંધા નં ધીંગે કો ધામ તેં;
જગતરજી જગમગ મેં જોંતું નં ડીંધા,
ઈ રાંકે મેં ન્યારીંધા રામ કે,
અંધર કયેં અખીયું અંધારા મિટાઈંધા...
હૂંધા ભાગ઼વારા સે...

હીંયે ફુલ હારીંધા, પ્રેમ ડીયા બારીંધા,
ટારીંધા મોભેજી માયા;
તાજેં નેં તખતેં નં તુરંધા સજણ મૂંજા,
સમજણજો સૉન જિનીં પાયાં,
ઠામ ઠીક ઠાયેનેં ધીંગો ધન વાંઈયા...
હૂંધા ભાગ઼વારા સે...

## કચ્છી અઈયું

કચ્છી અઈયું, અસાંજે કચ્છડ઼ો અખીંજો તારો,
જગ઼મેં મિણીનું ન્યારો, પ્રાણે સા આય પ્યારો.

ધીંગો રે તૉજો પાણી પાવન ધરા પુરાણી,
રિણમેં ય તૉજે ગુલશન, કુધરત કરેતી લાણી;
ધરીયા જા તૉ પગ઼ પખારે, અન-ધન અતી રૂપારો
કચ્છી અઈયું, અસાંજા...

તૉજી જ ધૂડ઼ ખૉરે, તનમન અસાંજા મૉરેં,
ખુસભૂ મિટીમેં તૉજી, જીયણ મરણ જરૉરે;
રતમેં અમી જ તૉજા ફૉરે ભધન ફૂવારે.
કચ્છી અઈયું, અસાંજા....

ઑજાંગડ઼ેં મ્યાં ઉકરોં, પાછા વરોં નં કૅની,
અખમેં ખૂમાર તૉજો, ડુખનું ડરોં નં કૅની;
ભડ઼વીર બાર તૉજા, જગતર મલાયોં સારો.
કચ્છી અઈયું, અસાંજા...

ખેતર, ખરા-તરાઈયું, ફરિયો, અડણ નેં ઓટા,
નિંઢપણ અનેં કો વડપણ, તૉ વટ મિણીજા ફોટા;
સગપણ સચો, તૂંહીં સેં, ધિલજાન તૉતા વારોં;
કચ્છી અઈયું, અસાંજા...

તૉજો હીંયું ખિલાઈયું, સૅથું હજાર પાઈયું;
તૉજી વલી આખાણી, હિરખી હમેશ ગ઼ાઈયું;
ખિલંધા રે ભાગ઼ તૉજા, ચમકે અમર સિતારો.
કચ્છી અઈયું, અસાંજા....

## વઝાયું તાડ઼ીયું

ભ્રામણોં કે ચૉયૉ ઈતરી વાર,
ઉનજ ઘડ઼ી ભગવાન ગ઼િને અવતાર
વેરાયૉ કથા
ત મિડ઼ે પાપ લથા
નિકા ચોર્યાસીમેં ફથા, ખેંધા ખતા,
પાં ભૂલી વિઞોતા,

કથા ત થીઍતી મૅલમેં,
નેં કનૈયો જનમૅતો જૅલમેં.
અખો ભગત છપ્પા લિખ્યોં,
'કથા સુણી સુણી ફૂટ્યા કાન,
તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'

પ-પાંજા હાલ?
તિત વિચાડ઼ી કૅડ઼ી કથા?
જિત છપ્પા સુણી ફૂટ્યા મથા,
વડે સડ વિજોં રાડ઼ીયું,

મન કે તાડ઼ીયું
કન કે કુતાડ઼ીયું
કિડાં જોતર નેં કિડાં નાડીયું.
સુણોં સમજોં કીં ન
વઝાયો તાડ઼ીયું, વઝાયું તાડ઼ીયું....

- જયુ ભાનુશાલી

## શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
## આયોજિત
## નવનીત ફાઉન્ડેશન
## પ્રાયોજીત
## ૩૭મી નવનીત કપ - કચ્છી ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૧-૨૨

# ક્રિકેટ ઉત્સવ

૧૯૮૫થી શરૂ થયેલ કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટ ૧૯૯૨થી અલગઅલગ ફૉર્મેટમાં જનરલ અને ગામ વિભાગમાં યોજાઈ છે. છેલ્લાં છ વર્ષથી ‘વુમન્સ કપ’ તથા ‘લેજન્ડ કપ’ ઉત્સાહ સાથે રમાઈ રહેલ છે.

કોરોનાની બીજી લહેરને માત આપીને શ્રી ક.વી.ઓ. સેવા સમાજ જોરદાર ઉમંગ અને ઉત્સાહ સાથે નવનીત કપ કચ્છી ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન નવેમ્બર ૨૦૨૧ના અંતથી શરૂ કરેલ.

### જનરલ ગ્રુપ

જનરલ ગ્રુપમાં આ વર્ષે ૩૩ ટીમોએ ભાગ લીધેલ, જેમાં ‘A’, ‘B’, ‘C’, ‘D’ એમ ચાર ડિવિઝનમાં ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ હતી.

**‘A’ DIVISON :**
1) HINDMATA, 2) DEVPUR SC, 3) CHHADVA - YECC, 4) YMCC, 5) ANTRA ACES, 6) BHUJPUR SC -A, 7) YUVA SHAKTI, 8) YUVAMANN

**‘B’ DIVISION :**
1) VILE PARLE KVO, 2) LEADS CC, 3) RISERS RED, 4) ELLEYS UNITED WARRIORS, 5) ROYAL DIAMOND SHAKTI, 6) VIKAS MULUND KVO, 7) DOMBIVALI KVO, 8) YMCC-A

**‘C’ DIVISON :**
1) BHUJPUR SC, 2) YUVAMANN-A, 3) CHHADVA YECC-A, 4) SUYASH MCC, 5) ANTRA ACES JR, 6) DOMBIVALI KVO JR, 7) ROYAL DIAMOND SHAKTI JR 8) YOUNG CHALLENGERS

**‘D’ DIVISION :**
1) SANGLI - KVO, 2) YMCC-C, 3) YUVA TEAM, 4) VANKI CC, 5) YMCC - B, 6) DEVPUR RISERS, 7) MIRA ROAD SC, 8) LEADS CC JR, 9) RISERS BLUE

### ✤ જનરલ ગ્રુપ - ફાઈનલનાં પરિણામો ✤

☼ **ડિવિઝન “A” : ફાઈનલ મૅચ તા. ૪ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ DPC ગ્રાઉન્ડ, માટુંગા** ખાતે યોજાઈ.

- **YUVA SHAKTI - ૧૯૩/૧૦**
નિખિલ લાલન-૭૧, અક્ષય ગાલા -૩૫, હર્ષિત રાંભિયા-૩૦
- **CHHADVA YECC JR - ૧૯૪/૩**
સ્મિત રાંભિયા - ૮૬, પરમ મારુ -૪૬,
- **CHHADVA YECC JR નો ૭ વિકેટથી ભવ્ય વિજય**
- મૅન ઑફ ધ મૅચ - **સ્મિત રાંભિયા - સમાઘોઘા (CHHADVA YECC JR)**
- મૅન ઑફ ધી સિરીઝ - **પરમ મારુ - નાની ખાખર (CHHADVA YECC JR)**
- બેસ્ટ બૅટ્સમેન - **સ્મિત રાંભિયા - સમાઘોઘા (CHHADVA YECC JR)**
- બેસ્ટ બૉલર - **સાગર છાડવા - મોટી ખાખર** (CHHADVA YECC JR)
- બેસ્ટ ફિલ્ડર - **દિશાંત દેઢિયા - ભુજપુર (BHUJPUR SC)**

☼ **ડિવિઝન "B" : ફાઈનલ મૅચ તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ DPC ગ્રાઉન્ડ માટુંગા**, ખાતે યોજાઈ.

- **LEADS CC - ૧૨૬/૧૦ -**
પ્રતીક મારુ-૪૬, કેતન સંગોઈ-૧૧/૩
- **ROYAL DIAMOND SHAKTI CC-૧૨૭/૭ -**
નિરવ ગંગર -૪૪ - મયંક ગાલા - ૪૩, મોનીશ શાહ - ૨૮/૩
- **ROYAL DIAMOND SHAKTI CC નો ૩ વિકેટથી ભવ્ય વિજય**
- મૅન ઑફ ધ મૅચ - **મોનાર્થ વોરા - બગડા (ROYAL DIAMOND SHAKTI CC)**
- મૅન ઑફ ધી સિરીઝ - **કરણ વીરા- ફરાદી (LEADS CC)**
- બેસ્ટ બૅટ્સમેન - **મલય શાહ - રાયણ (LEADS CC)**
- બેસ્ટ બૉલર - **મોનીશ શાહ - કપાયા (LEADS CC)**
- બેસ્ટ ફિલ્ડર - **જેનીશ ગાલા - લાખાપુર (LEADS CC)**

☼ **ડિવિઝન "C" : ફાઈનલ મૅચ તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ DPC ગ્રાઉન્ડ, માટુંગા** ખાતે યોજાઈ.

- **CHHADVA YECC JR - ૧૬૨/૧૦ -**
હિમેશ દેઢિયા-૩૮, તેજસ વોરા-૧૩/૨
- **ANTRA ACES JR ૧૪૧/૧૦ -**
અંશ દેઢિયા - ૨૬, મનન છેડા-૨૬/૪
- **CHHADVA YECC JR નો ૨૧ રનથી ભવ્ય વિજય**
- મૅન ઑફ ધ મૅચ - **મનન છેડા - નાના ભાડિયા (CHHADVA YECC JR)**
- મૅન ઑફ ધી સિરીઝ - **મનન છેડા - નાના ભાડિયા (CHHADVA YECC JR)**
- બેસ્ટ બૅટ્સમેન - **સચીન ગાલા - કોડાય (ROYAL DIAMOND SHAKTI CC)**
- બેસ્ટ બૉલર - **નિતુલ શાહ - લાયજા (ANTRA ACES JR)**
- બેસ્ટ ફિલ્ડર - **શિવમ ગડા - ડુમરા (ANTRA ACES JR)**

☼ **ડિવિઝન "D" : ફાઈનલ મૅચ તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ DPC ગ્રાઉન્ડ, માટુંગા** ખાતે યોજાઈ.

- **LEADS CC JR - ૧૩૩/૧૦-** જિગર છેડા-૩૪, નીલ ગડા-૫/૪
- **YMCC B - ૭૫/૧૦ -** હેનિલ સાવલા - ૧૯, મીત વોરા - ૧૬/૫
- **LEADS CC JR નો ૫૮ રનથી ભવ્ય વિજય**
- મૅન ઓફ ધ મૅચ - **મીત વોરા - ડોણ (LEADS CC JR)**
- મૅન ઑફ ધી સિરીઝ - **મલક ગંગર - લાખાપુર (LEADS CC JR)**
- બેસ્ટ બૅટ્સમૅન - **રાજેશ ગાલા - ભોજાય (SANGLI - KVO)**
- બેસ્ટ બૉલર - **વિરાજ વોરા - નવીનાળ (YMCC-B)**
- બેસ્ટ ફિલ્ડર - **ધવલ ગાલા - ભોજાય (YMCC-C)**

## ❂ મહિલા ગ્રુપ ક્રિકેટ ટૂર્નામૅન્ટ ❂

આ વર્ષે મહિલા ગ્રુપની ક્રિકેટ ટૂર્નામૅન્ટમાં કુલ ૩૫૦ મહિલાઓએ ભાગ લીધેલ. જેમાં બે ગ્રુપમાં વિભાજન કરવામાં આવેલ. ગ્રુપ - એ ૪૫ વર્ષથી નીચેના અને ગ્રુપ-બી ૪૫ વર્ષથી ઉપરના. આ ક્રિકેટ ટૂર્નામૅન્ટો **તા. ૧૨ અને ૧૩ ફેબ્રુઆરીના રોજ અમુલખ ગ્રાઉન્ડ, માટુંગા** ખાતે યોજાયેલ.

**ગ્રુપ - એ** ૪૫ વર્ષથી નીચેના ગ્રુપમાં ૨૦ ટીમોએ ભાગ લીધો.

**'A' DIVISON :**

1) KVO ICONS, 2) ICE ANGELS, 3) RED CHALLANGERS, 4) GAME CHANGER, 5) ROYAL STRIKERS

**'B' DIVISON :**

1) POWER PALTANS, 2) VIRAL FEVER, 3) SQUAD A, 4) DREAM CATCHERS, 5) MUMBAI GIRLS

**'C' DIVISON :**

1) PITCH SMASHERS, 2) LOYALTY IS ROYALTY, 3) MUMBAI TIGERS, 4) MUMBAI INDIANS, 5) INDIAN QUEENS

**'D' DIVISON :**

1) AVENGERS, 2) RISING ALPHAS,
3) TEAM ELITE, 4) ALL STARZ,
5) THUNDERBOLT

જેમાં પ્રથમ સેમિફાઈનલ THUNDERBOLT V/S POWER PALTANS અને દ્વિતીય સેમિફાઈનલ GAME CHANGER V/S LOYALTY IS ROYALTY રમાઈ હતી. અને **ફાઈનલ મૅચ THUNDER BOLT V/S LOYALTY IS ROYALTY** રમાઈ હતી, જેમાં

- વિનર ટીમ - **THUNDERBOLT**
- રનરઅપ ટીમ - **LOYALTY IS ROYALTY,**
- બેસ્ટ બૉલર - **ક્રિશા ફુરિયા (બિદડા)**
- બેસ્ટ બેટર્સ્ - **વીરતી ગડા (ભોજાય)**
- પ્લેયર ઑફ ધ સિરીઝ - **રૂતુ શાહ (નાંગલપુર)**

**ગ્રુપ - બી** ૪૫ વર્ષથી ઉપરના ગ્રુપમાં ૭ ટીમોએ ભાગ લીધો.

1) MRS. TWISTER, 2) NAVNEET PALTANS, 3) CHALLENGERS, 4) FABULOUS FIGHTERS, 5) K. C. QUEENS, 6) ICONICS, 7) GOLDEN EAGLES

જેમાં પ્રથમ સેમિફાઈનલ GOLDEN EAGLES V/S K. C. QUEENS અને દ્વિતીય સેમિફાઈનલ MRS. TWISTER, V/S CHALLENGERS, રમાઈ હતી. અને ફાઈનલ મૅચ GOLDEN EAGLES V/S MRS. TWISTER, રમાઈ હતી,

- વિનર ટીમ - **GOLDEN EAGLES**
- રનરઅપ ટીમ - **MRS. TWISTER,**
- બેસ્ટ બૉલર - **દીપા શાહ (તલવાણા)**
- બેસ્ટ બેટર્સ્ - **હર્ષા દેઢિયા (નાંગલપુર)**
- પ્લેયર ઑફ ધ સિરીઝ - **છાયા શાહ (રાયણ)**

## ❂ લેજન્ડ કપ ❂

નવનીત લેજન્ડ કપ ક્રિકેટ ટૂર્નામૅન્ટમાં ૫૦ વર્ષથી ઉપરના કુલ ૧૩૫ વ્યક્તિઓએ ભાગ લીધેલ, જેની કુલ ૮ ટીમો **ડિવિઝન-એ** અને **ડિવિઝન-બી** એમ બે વિભાગમાં બનાવવામાં આવેલ.

**'A' DIVISON :** 1) RAJNI RISERS, 2) KAMLESH ATTACKERS, 3) HARISH HURRICANE, 4) JITIN JEWELS

**'B' DIVISON :** 1) RAJNI RISERS, 2) KAMLESH ATTACKERS, 3) HARISH HURRICANE, 4) JITIN JEWELS

ઉપરોક્ત ગ્રુપની (૧૫ ઓવરની) લીગ મૅચો **૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ અને ૭ માર્ચ, ૨૦૨૨ના રોજ DPC ગ્રાઉન્ડ, માટુંગા અને દાદર યુનિયન** ગ્રાઉન્ડ ખાતે યોજાઈ. **'A'** અને **'B'** ડિવિઝનની **ફાઈનલ મૅચ તા. ૧૭ માર્ચ, ૨૦૨૨ના રોજ DPC ગ્રાઉન્ડ, માટુંગા** ખાતે યોજાઈ.

**'A' DIVISON - FINAL**

- **JITIN JEWELS - ૧૩૨/૪-** સામે **RAJNI RISERS - ૧૩૩/૭**
- **RAJNI RISERS નો ૩ વિકેટથી વિજય**
- મૅન ઑફ ધી સિરીઝ - **ભાવેશ ગલિયા (લુણી) JITIN JEWELS**
- બેસ્ટ બૅટ્સમેન - **રજનીકાંત શાહ (કારાઘોઘા) RAJNI RISERS**
- બેસ્ટ બૉલર - **જીતીન દેઢિયા (નાના આસંબિયા) JITIN JEWELS**

**'B' DIVISON - FINAL**

- **HARISH HURRICANE- ૧૧૪/૩** સામે **JITIN JEWELS - ૧૧૫/૪**
- **JITIN JEWELS નો ૬ વિકેટથી વિજય**
- મૅન ઑફ ધી સિરીઝ - **વસંત વોરા (બગડા) HARISH HURRICANE**
- બેસ્ટ બૅટ્સમેન - **કમલેશ ગંગર (નાંગલપુર) HARISH HURRICANE**
- બેસ્ટ બૉલર - **ભરત રાંભિયા (પત્રી) JITIN JEWELS**

## ❂ ગામ ગ્રુપ ક્રિકેટ ટૂર્નામૅન્ટ ❂

આ વર્ષે ગામ ગ્રુપમાં (૧) મોટી ઉનડોઠ, (૨) કોડાય, (૩) પુનડી, (૪) ગુંદાલા, (૫) નવીનાર, (૬) રામાણિયા, (૭), દુર્ગાપુર, (૮) ડુમરા, (૯) ગોધરા, (૧૦) ભુજપુર, (૧૧) સમાઘોઘા, (૧૨) શેરડી, (૧૩) બિદડા, (૧૪) કારાઘોઘા, (૧૫) બેરાજા, (૧૭) બાડા, (૧૮) લાયજા, (૧૯) દેવપુર, (૨૦) સાડાઉ, (૨૧) ડોણ, (૨૨) નાંગલપુર, (૨૩) નાના આસંબિયા, (૨૪) કોટડા (રોહા), (૨૫) તલવાણા, (૨૬) દેશલપુર, (૨૭) ફરાદી, (૨૮) વડાલા, (૨૯) ગઢશીશા (૩૦) તુંબડી, (૩૧) નવાવાસ, (૩૨) મોટી ખાખર, (૩૩) નાની ખાખર, (૩૪) ભોજાય, (૩૫) કપાયા, (૩૬) દેઢિયા, (૩૭) પ્રાગપુર - એમ કુલ ૩૭ ટીમોએ ભાગ લીધેલ, જેમાં **ફાઈનલ તા. ૬ એપ્રિલ, ૨૦૨૨, બુધવારના રોજ સવારે ૯-૩૦ કલાકેથી MIG ગ્રાઉન્ડ, બાંદ્રા** ખાતે **ભુજપુર અને બિદડા** વચ્ચે યોજાઈ. જેમાં **ભુજપુર ગામ ટીમ સામે બિદડા ગામ ટીમનો ૫૦ રનથી વિજય.**

- **બિદડા (૧૪૭)** વિરેલ છેડા - ૫૫ નિશીત ગોગરી - ૪૦, ભાવિન ગાલા - ૨૧/૩
- **ભુજપુર (૯૭)** વીરેન દેઢિયા-૩૨, મેહુલ વીરા-૮/૩,
- મૅન ઑફ ધ ફાઈનલ - **વિરેલ છેડા - બિદડા**
- બેસ્ટ બૅટ્સમેન - **નિશીત ગોગરી - બિદડા**
- બેસ્ટ બૉલર - **પાર્થ સંગોઈ (ભુજપુર)**
- બેસ્ટ ફિલ્ડર - **નીરવ છેડા (બિદડા)**
- મૅન ઑફ ધી સિરીઝ - **મેહુલ વીરા (બિદડા)**

## ❂ T-20 ક્રિકેટ ટૂર્નામૅન્ટ ❂

આ વર્ષે પ્રથમ વાર **T-20** ક્રિકેટ ટૂર્નામૅન્ટ **ELITE GROUP** અને **PLATE GROUP** એમ બે વિભાગમાં યોજાઈ. **T-20 ફાઈનલ મૅચ તા. ૩-૫-૨૦૨૨ના રોજ ખાલસા કૉલેજ ગ્રાઉન્ડ, માટુંગા** ખાતે યોજાઈ.

### ELITE GROUP

- **બેરાજા (૧૭૩)** - સાહિલ શાહ -૧૦૮, આકાશ સાવલા -૫૪, જીવન દેઢિયા ૨૪/૨
- **ભુજપુર (૧૭૪/૪)** - તુષાર ગોગરી - ૮૫, પાર્થ સંગોઈ ૩૩, યશ સાવલા - ૨૧/૨
- **ભુજપુરનો ૬ વિકેટથી વિજય**
- મૅન ઑફ ધી સિરીઝ - **આકાશ સાવલા (બેરાજા)**
- મેન ઓફ ધ મેચ - **શાહિલ શાહ (બેરાજા) અને તુષારી ગોગરી (ભુજપુર)**
- બેસ્ટ બૅટ્સમેન - **તુષારી ગોગરી (ભુજપુર)**
- બેસ્ટ બૉલર - **મિહિર ગોસર (ડુમરા)**
- બેસ્ટ ફિલ્ડર - **જતની રાંભિયા (રામાણિયા)**

### PLATE GROUP

- **દેશલપુર (૧૧૪)** - પારસ વીરા - ૩૧ નિકેત ગડા-૧૪/૨ ,ચિરાગ ગડા - ૧૭/૨
- **બાડા (૧૧૭/૫)** - ચિરાગ ગાલા-૨૭, અમિત દેઢિયા - ૧૭/૪
- **બાડાનો ૫ વિકેટથી વિજય**
- મૅન ઑફ ધી સિરીઝ - **દીપ હરિયા (દેવપુર)**
- મૅન ઓફ ધ મૅચ - **અમિત દેઢિયા (દેશલપુર)**
- બેસ્ટ બૅટ્સમેન - **પારસ વીરા ( દેશલપુર)**
- બેસ્ટ બૉલર - **અમિત દેઢિયા (દેશલપુર)**
- બેસ્ટ ફિલ્ડર - **સાગર વિસરિયા (બાડા)**

# કચ્છી શબ્દમેળો

વાચક મિત્રો, આપેલ આડી અને ઊભી ચાવીઓની મદદ વડે તમને આપેલ ક્રોસવર્ડ-૨ને પૂરેપૂરું ભરીને સેવા સમાજની ઑફિસે મોકલી આપવાનું છે.

**નિયમો:**

૧) આ ક્રોસવર્ડ પગદંડીમાં આવેલ Originalમાં જ ભરવાનું રહેશે. સાથે પગદંડીનો ગ્રાહક નંબર લખવાનો રહેશે.

૨) એક ઘરમાંથી ફક્ત એક જ વ્યક્તિ ભાગ લઈ શકશે. આપ આપના વડીલોને પૂછી યોગ્ય કચ્છી શબ્દ ભરી શકો છો.

૩) આપ પગદંડીના ગ્રાહક બની અંક મેળવી ભાગ લઈ શકો છો.

૪) આપના ઘરમાં નાના - મોટા કુલ કેટલા સભ્યો રહે છે. [ ]

૫) ઘરમાં દરેક સાથે કઈ ભાષામાં વાત થાય છે.

કચ્છી - ગુજરાતી - હિંદી - અંગ્રેજી - અન્ય [ ]

૬) અધૂરા ભરેલા / છેકછાકવાળા / ઘૂંટેલા શબ્દવાળા ફૉર્મ રદ્દબાતલ ગણાશે.

૭) આ ક્રોસવર્ડ પૂરેપૂરું ભરી તા. ૧૮/૬/૨૦૨૨ સુધીમાં સંસ્થાની ઑફિસે મળી જાય એ અગત્યનું છે.

૮) બધા સાચા જવાબ આપનારને **પ્રથમ ઈનામ રૂા. ૧૦૦૦/-, બીજું ઈનામ રૂા. ૫૦૦/, તૃતીય ઈનામ રૂા. ૩૦૦/-.**

૯) જૂલાઈ મહિનાના અંકમાં સાચા જવાબ સાથે અંક પ્રસિદ્ધ થશે. ઈનામ મેળવનાર તથા ભાગ લેનારનાં નામો આપવામાં આવશે.

૧૦) ત્રણેય ગ્રુપમાં એકથી વધુ ઈનામ મેળવનાર હરીફો વચ્ચે ઈનામની વહેંચણી સરખે ભાગે કરવામાં આવશે.

**: કચ્છી શબ્દમેળાના ઈનામના સૌજન્ય દાતા :**




**DR NIRAV GADA** MDS
ORAL & MAXILLOFACIAL SURGEN
IMPLANTOLOGIST
IMPLANTED TEETHS WITHIN
72 HRS WITH SPECIAL TECHNOLOGY
MOBILE : 99208 20089 - DADAR

# કચ્છી શબ્દમેળો - ૪

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | ■ | ૪ | ૫ | ૬ | |
| | ■ | ■ | ૭ | | ■ | ૮ | | | ■ |
| ૯ | | ૧૦ | ■ | | ■ | ૧૧ | | | |
| | ■ | | ■ | ૧૨ | | | ■ | ■ | ■ |
| | ■ | ૧૩ | ૧૪ | ■ | ■ | ૧૫ | | | ૧૬ |
| ■ | ૧૭ | ■ | ૧૮ | ૧૯ | | | ■ | ■ | |
| ૨૦ | | ■ | ૨૧ | | ■ | ■ | ૨૨ | | |
| ૨૩ | | | ■ | ૨૪ | ૨૫ | ૨૬ | | ■ | |
| ૨૭ | | ■ | ૨૮ | | | | ■ | ૨૯ | ■ |
| ■ | ■ | ■ | ૩૦ | | | ■ | ૩૧ | | |

**આડી ચાવીઓ**

૧. વધારે છોકરાછૈયાવાળું કુટુંબ (૫)
૪. મરણપોક (૪)
૭. જમવાનો સમય (૨)
૮. પૈસેટકે ખુવાર થયેલ, રસ વગરની જિંદગી જીવનાર (૩)
૯. ભાથું (૩)
૧૧. પોકાર (૪)
૧૨. લખવાનું સાધન (૩)
૧૩. પ્રાણીઓની રૂંવાટીમાં થતું એક જંતુ (૨)
૧૫. કળા, કસબનો જાણકાર (૪)
૧૮. નવી મુંબઈ અને પનવેલ નજીકનો દરિયાકાંઠો જે માછીમારી તથા દાણચોરી માટે પ્રખ્યાત (૪)
૨૦. વણજારાઓ પોતાનો સામાન ......... ઉપર લાદીને વેપાર કરતા (૨)
૨૧. બૅન્કમાંથી ....... લઈને વ્યાપાર વિકસાવવાની એક સગવડ (૨)
૨૨. પગારદાર (૩)
૨૩. પ્રશ્ન (૩)
૨૪. દૂધ ન આપતી ગાય (૪)
૨૭. કચ્છ-કાઠિયાવાડમાં દરેક ગામના પાદરમાં સુરાપુરાની ........ હોય છે (૨)
૨૮. દિવાળીને દિવસે નિર્વાણ પામેલા તીર્થંકર (૪)
૩૦. ન કમાતો યુવાન માણસ (૩)
૩૧. અભિમાન (૩)

**ઊભી ચાવીઓ**

૧. ધાર્મિક હોવાનો દેખાવ કરનાર (૫)
૨. રસ્તો (૨)
૩. માથાકૂટ (૪)
૪. ઊંઘ્યા વગર પથારીમાં આળોટવું (૬)
૫. સંપત્તિનો દેખાવ અને અભિમાન કરનાર (૩)
૧૦. રૂની ગોદડી (૩)
૧૪. ........પદાર્થ પચાવવામાં ભારે અને હાનિકારક હોય છે (૩)
૧૬. નાના છોકરાની રાડારાડ (૪)
૧૭. ખાઈને બચેલું કાઢવું તે (૪)
૧૯. ક.વી.ઓ.નું મુંબઈમાં પ્રથમ પ્રૌઢ મંડળનું નામ (૫)
૨૦. વરસાદ પછી કામ ન થાય એવો દિવસ (૩)
૨૨. ઓળખાણ વગરની સ્ત્રી (૨)
૨૬. અથાણું (૨)
૨૮. ગોળ-ઘીમાં ચોળેલ બાજરા કે ઘઉંનો રોટલો (૨)
૨૯. પુરાણો પ્રમાણે સોનાની નગરી (૨)

કચ્છી શબ્દમેળો - ૪ ..................................................................................

ભરનારનું પૂરું નામ : પોતાનું નામ પિતાજી/પતિનું નામ દાદા/સસરાનુંનામ અટક

ગામ ............................. ઉંમર ............ અભ્સાસ..................................................

પોસ્ટલ સરનામું : .......................................................................................

..............................................મોબાઈલ ..................................

પગદંડી ગ્રાહક નંબર : ........................ શબ્દમેળો ભરનારની સહીઃ .........................

## કચ્છી શબ્દમેળો- ૩ જવાબ મોકલનાર ઈનામને પાત્રની યાદી નીચે મુજબ :

### પ્રથમ ઈનામ (સાચા જવાબ)

| | | | |
|---|---|---|---|
| ૧ | સાકરબેન પોપટલાલ લાલજી ગડા | ડુમરા | ઘાટકોપર |
| ૨ | જયશ્રી મોહન મોરારજી સાવલા | ગુંદાલા | લાલબાગ |
| ૩ | અમ્રિતા ભરત વશનજી છેડા | ગોધરા | પવઈ |
| ૪ | કુસુમ યતીષ હીરજી સાવલા | વડાલા | મુલુંડ |
| ૫ | ધીરજલાલ ભુલાભાઈ નરશી ગાલા | ડુમરા | વડાલા |
| ૬ | દિનેશ કલ્યાણજી કારૂ ગોસર | વિઢ | હૈદરાબાદ |

### દ્વીતિય ઈનામ (૧ ભુલ)

| | | | |
|---|---|---|---|
| ૧ | મધુ રમેશ વેલજી ગડા | મંજલ રેલડિયા | તાડદેવ |
| ૨ | ઝવેર બિપીન દેવચંદ ગાલા | દેવપુર | કાંદિવલી |

### તૃતીય ઈનામ ( ૨ ભૂલ)

| | | | |
|---|---|---|---|
| ૧ | મણિલાલ કેશવજી આસુ સોની | ટોડા | મુલુંડ |
| ૨ | મોના જિતેન્દ્ર રવજી ભેદા /શાહ | કાંડાગરા | હૈદરાબાદ |
| ૩ | હંસરાજ પેથરાજ કાનજી પાસડ | ભોજાય | સિકંદરાબાદ |
| ૪ | કુસુમ જયંત પ્રેમજી દેઢિયા | બિદડા | ભાઈંદર |
| ૫ | આશા ભરત હંસરાજ ગડા | મંજલ રેલડિયા | મુલુંડ |
| ૬ | વર્ષા જયંતી વિશનજી છેડા | રતાડિયા ગણેશ | બોરીવલી |

## કચ્છી શબ્દમેળો- ૩ જવાબ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ખ | ૨ બ | ૩ ર | ૪ પ | ત્રિ | ૫ કા | | ૬ ધી | ર | ૭ જ |
| ૮ ર | ક | જ | ક | | લ | | રા | | રા |
| ૯ ખ | રો | | ૧૦ વા | ૧૧ ર | | ૧૨ ને | ણ | ૧૩ ન | ક |
| રો | | ૧૪ દા | ન | વી | ર | | | ખ | |
| | ૧૫ ક | રો | | વા | | ૧૬ આ | ગો | ત | ૧૭ રો |
| ૧૮ ટેં | ટ | | ૧૯ ક | ર | ૨૦ સે | વા | | ર | જ |
| ૨૧ પ | ર | ૨૨ પો | ટો | | ૨૩ લ | વા | રો | | બ |
| ર | | ૨૪ લ | ક | ૨૫ વા | | ર | | ૨૬ આ | રો |
| વા | | ૨૭ કો | ટી | બા | | | ૨૮ આ | કા | જ |
| ૨૯ રી | સ | | | ૩૦ રી | ત | | ૩૧ વ | ર | |

## કચ્છી શબ્દમેળો-૩ ભરીને મોકલનાર સભ્યોનાં નામ નીચે મુજબ છે :

| નં | નામ | ગામ | હાલે |
|---|---|---|---|
| ૧ | શિલ્પા જિગર મનસુખલાલ વીરા | ભુજપુર | અંધેરી |
| ૨ | દમયંતી દેવજી શામજી દેઢિયા | મોથાળા | મીરા રોડ |
| ૩ | કુસુમ યતીષ હીરજી સાવલા | વડાલા | મુલુંડ |
| ૪ | વિનોદ લાલજી માલશી છેડા | વાંકી | ડોંબિવલી |
| ૫ | જ્યોતિ જયંત દેવરાજ મારુ | હાલાપુર | મુલુંડ |
| ૬ | હંસરાજ પેથરાજ કાનજી પાસડ | ભોજાય | સિકંદરાબાદ |
| ૭ | હરખચંદ ભાણજી મોણશી કેનિયા | બારોઈ | ઘાટકોપર |
| ૮ | ભવાનજી દેવજી અરજણ સતરા | મુંદ્રા | મુંદ્રા |
| ૯ | રૂક્ષ્મણી જયંતીલાલ ભાણજી ગડા | રાયણ | સાંતાક્રુઝ |
| ૧૦ | હેમલતા પદમશી હીરજી ગડા/શાહ | મંજલ રેલડિયા | મુલુંડ |
| ૧૧ | કુસુમબેન જયંત પ્રેમજી દેઢિયા | બિદડા | ભાઈંદર |
| ૧૨ | કુસુમ દિનેશ માલશી છેડા | કુંદરોડી | બોરીવલી |
| ૧૩ | ધીરજલાલ બાબુભાઈ નરશી ગાલા | ડુમરા | વડાલા |
| ૧૪ | ચુનીલાલ નાનજી વીરજી શેઢિયા | કારાઘોઘા | કુર્લા |
| ૧૫ | આશા ભરત હંસરાજ ગડા | મંજલ રેલડિયા | મુલુંડ |
| ૧૬ | દિનેશ કલ્યાણજી કારૂભાઈ ગોસર | વિઢ | હૈદરાબાદ |
| ૧૭ | રતન હરિલાલ રવજી ગંગર | મોટી ખાખર | કાંદિવલી |
| ૧૮ | કાંતા વિનોદ વસનજી વીરા | નાના ભાડિયા | અંધેરી |
| ૧૯ | મણિલાલ કેશવજી આસુ સોની | ટોડા | મુલુંડ |
| ૨૦ | અનિલા વાડીલાલ કરમશી ગડા | મોટી રાયણ | ડોંબિવલી |
| ૨૧ | મંજુલાબાઈ ડુંગરશી દેવજી દેઢિયા | — | સુજાલપુર (MP) |
| ૨૨ | જયંતીલાલ ભવાનજી પાંચારિયા ગડા | — | સોલાપુર |
| ૨૩ | પ્રભાવંતી નાનજી કેશવજી ગંગર | છસરા | અંધેરી |
| ૨૪ | ચુનીલાલ દેવશી પુનશી દેઢિયા | મોટી ખાખર | અંધેરી |

| નં | નામ | ગામ | હાલે |
|---|---|---|---|
| ૨૫ | સુશીલા ભવાનજી કેશવજી સાવલા | નાની તુંબડી | અંધેરી |
| ૨૬ | ઝવેર બિપીન દેવચંદ ગાલા | દેવપુર | કાંદિવલી |
| ૨૭ | અનિલા અરુણ લાલજી ગાલા | કાંડાગરા | શિવડી |
| ૨૮ | સુશીલા મણિલાલ ડુંગરશી લાપસિયા | કોડાય | મુલુંડ |
| ૨૯ | મંજુલા મહેન્દ્ર લખમશી વીરા | દેશલપુર કંઠી | ઘાટકોપર |
| ૩૦ | નરેશ કાનજી ઘેલાભાઈ દેઢિયા | નાની ખાખર | દાદર |
| ૩૧ | દમયંતી હીરજી રાયશી પાસડ | દેઢિયા | સાયન |
| ૩૨ | મણિબેન પ્રેમજી મેઘજી ગડા | રાયધણજર | ભાઈંદર |
| ૩૩ | નયના રીટીન જાદવજી ભારાણી | દેશલપુર (કંઠી) | માટુંગા |
| ૩૪ | મધુ રમેશ વેલજી ગડા | મંજલ રેલડિયા | તાડદેવ |
| ૩૫ | અમ્રિતા ભરત વિશનજી છેડા | ગોધરા | પવઈ |
| ૩૬ | સાકરબેન પોપટલાલ લાલજી ગડા | ડુમરા | ઘાટકોપર |
| ૩૭ | જયશ્રી મોહન મોરારજી સાવલા | ગુંદાલા | લાલબાગ |
| ૩૮ | મણિબેન મણિલાલ વેરશી ગોસર | ડુમરા | ભાયખલા |
| ૩૯ | મોના જિતેન્દ્ર લહેરીભાઈ ભેદા /શાહ | કાંડાગરા | હૈદરાબાદ |
| ૪૦ | મંજુલા ભરત લક્ષ્મીચંદ નાગડા | નરેડી | ભાયખલા |
| ૪૧ | સરલાબેન ભવાનજી નરશી શાહ/ગોગરી | ભુજપુર | અંધેરી |
| ૪૨ | વર્ષાબેન જયંત વિશનજી છેડા | રતાડિયા ગણેશ | બોરીવલી |
| ૪૩ | કલ્પના નરેશ ભાણજી છેડા | ડોણ | ભાઈંદર |
| ૪૪ | લતાબેન જગશી રવજી દેઢિયા | ગુંદાલા | બોરીવલી |
| ૪૫ | મીઠીબાઈ વિશનજી હરિયા | શેરડી | મુલુંડ |
| ૪૬ | મુલચંદ કેશવજી શિવજી ગાલા | કાંડાગરા | વિક્રોલી |
| ૪૭ | અનિલ રાઘવજી જેઠાલાલ રાંભિયા | નાનાભાડિયા | કોલ્હાપુર |
| | | | |

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ એપ્રિલ, ૨૦૨૨ થી તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૨)**

**ચક્ષુદાન : દેહ/ત્વાચાદાન : અવયવદાન :**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ચેતન વેલજી હરશી ગાલા | ૪૯ | દેવપુર | અંબરનાથ |
| યોગેશ ભવાનજી રવજી ગાલા | ૫૯ | રાયધણજર | ડોંબિવલી |
| દિનેશ માવજી દેવરાજ સાવલા | ૬૦ | ફરાદી | મલાડ |
| હિતેશ મણિલાલ વેલજી ગોગરી | ૫૧ | નવાવાસ | વિલે પાર્લે |
| અ.સૌ. પ્રીતિબેન ભૂપેન્દ્ર વીરજી નાગડા | ૫૪ | કોટડી (મહા) | ડોંબિવલી |
| ગુણવંતીબેન ખુશાલચંદ ટોકરશી નાગડા | ૭૨ | ચાંગડાઈ | મુલુંડ |
| મણિબેન કરમશી પાલણ દેઢિયા | ૮૮ | ભુજપુર | મુલુંડ |
| નૂતન પુનશી ભીમશી દેઢિયા | ૬૩ | ગુંદાલા | જયસિંગપુર |
| અ.સૌ. માલતી મણિલાલ રવજી દેઢિયા | ૬૬ | લુણી | વલસાડ |
| જાદવજી મેઘજી ઓભાયા કેનિયા | ૭૧ | વડાલા | ગોવંડી |
| મા. લીલાવંતીબેન લક્ષ્મીચંદ ધનજી મારુ | ૯૦ | ચિઆસર | સાયન |
| ભરત જેઠાલાલ વેલજી મારુ | ૫૦ | લાખાપુર | ડોંબિવલી |
| મનીષાબેન ચાંપશી નાગશી છેડા | ૪૪ | ડોણ | નાલાસોપારા |
| નીતિન ભવાનજી મેઘજી ગાલા | ૫૫ | સાડાઉ | માટુંગા |
| અ.સૌ. રશ્મિ સુરેશ કરમશી મોતા | ૬૫ | દેવપુર | સાયન |
| જેઠાલાલ વીરજી પાલણ છેડા | ૮૦ | લાયજા | દહીંસર |
| ભારતી ગિરીશ ખીમજી રાંભિયા | ૬૦ | નાના રતાડિયા | વાશી |
| અ.સૌ. મધુરી મુલચંદ ભવાનજી છેડા | ૬૮ | ગોધરા | સાત રસ્તા |
| પોપટભાઈ જેઠુ ટોકરશી ગોસર | ૭૯ | સાભરાઈ | કલ્યાણ |
| ગાંગજી હીરજી શામજી માલદે | ૯૫ | ભુજપુર | વિલે પાર્લે |
| મણિબેન લક્ષ્મીચંદ લાલજી ગડા | ૭૫ | ભીંસરા | માટુંગા |
| ખેરાજ લખમશી દેવસી જાગાણી | ૯૮ | માપર | ડોંબિવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અ.સૌ. જ્યોત્સ્નાબેન જયંતીલાલ પુનશી સાવલા | ૭૨ | ભીંસરા | કાંદિવલી(૭૭) |
| દામજી હેમરાજ ભારમલ ગાલા | ૬૪ | કોટડા રોહા | મુલુંડ |
| તલકસી પાસુ મણશી ગંગર | ૮૨ | મોટી ખાખર | અંધેરી |
| કિશોર પદમશી ગાંગજી ગાલા | ૬૪ | મોટા આસંબિયા | બોરીવલી |
| હંસાબેન ચાંપશી લાલજી નાગડા | ૮૦ | રામાણિયા | મલાડ |
| મુક્તાબેન વલ્લભજી નાનજી કેનિયા | ૮૨ | સમાઘોઘા | માટુંગા |
| મા. મણિબેન કેશવજી નરશી લાપસિયા | ૮૫ | મોખા | ડોંબિવલી |
| નિર્મળાબેન શામજી કાનજી ગાલા | ૭૬ | વાંઢ | નાલાસોપારા |
| પદમશી કોરશી પાલણ કારાણી | ૭૫ | નારાણપુર | નાલાસોપારા |
| મગનલાલ વેલજી લધા છેડા | ૮૪ | રતાડિયા ગણેશ | ગ્રાન્ટ રોડ |
| જયેશ શામજી રામજી દેઢિયા | ૫૩ | ગજોડ | ડોંબિવલી |
| શ્રીમતી હેમાબેન કાંતિલાલ વિશનજી દેઢિયા | ૬૮ | ટુંડા | ભરૂચ |
| શાંતાબેન શામજી આસુ સાવલા | ૮૩ | સાડાઉ | મુલુંડ |
| અ.સૌ. નીતાબેન શૈલેશ રાઘવજી સાંઈયા | ૫૦ | લાખાપુર | મદુરાઈ |
| પરેશ દામજી ગાંગજી ગાલા | ૫૨ | ભચાઉ | ઘાટકોપર |
| ભાવના ભરત ભવાનજી વીરા | ૫૫ | દેશલપુર(કંઠી) | વિલે પાર્લે |
| અ.સૌ. દિવ્યાબેન રસિક ચાંપશી વીરા | ૭૦ | ભુજપુર | ઘાટકોપર |
| ભવાનજી મુલજી નેણસી દેઢિયા | ૯૦ | નાની ખાખર | જોગેશ્વરી |
| મા. તેજબાઈ લખમશી ચના નાગડા | ૯૬ | વિઢ | મુલુંડ |
| મા. લક્ષ્મીબેન દામજી દેવજી ગંગર | ૭૯ | દેશલપુર (કંઠી) | ઘાટકોપર |
| મા. રાજબેન રણમલ તેજશી બૌઆ | ૮૯ | નૂતન ત્રંબૌ | મુલુંડ (૨૪૭) |
| જેતબાઈ રતનશી ભારમલ ગડા | ૯૦ | મોટા રતાડિયા | વસઈ (૧ ૭) |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| અશોક (બિદડાનાં મા. મેઘબાઈ વેલજી | ૭૩ | — | પરેલ |
| પચાણ સાવલાના જમાઈ) | | | |
| સુશીલાબેન ભવાનજી શિવજી વિસરિયા | ૮૧ | કોડાય | બેંગલોર |
| અનિલ લખમશી ખીમજી નંદુ | ૬૩ | પુનડી | બોરીવલી |
| અ.સૌ. પ્રભાબેન પ્રેમજી પુનશી સાવલા | ૭૮ | નાંગલપુર | ગોરેગામ |
| અનિક રતનશી રામજી સોની | ૨૭ | ટોડા | મલાડ |
| દેવાંગ ભરત મેઘજી ગાલા | ૩૩ | ફરાદ્રી | ખેતવાડી |
| જયાબેન પ્રવીણ ભવાનજી લાલન | ૭૨ | કોડાય | વસઈ |
| નયન ધીરજલાલ પોપટલાલ ગંગર | ૫૬ | નાંગલપુર | વડોદરા |
| નિતેશ શાંતિલાલ કાનજી સાવલા | ૪૭ | પત્રી | કુર્લા |
| નરેન્દ્ર નાનજી ગાંગજી સાવલા | ૬૭ | વાંકી | કર્ણાટક |
| લાલજી જેવત  નાગશી સંગોઈ | ૮૬ | સાડાઉ | પરેલ |
| ખીમજી દેવજી મોનજી ભેદા | ૯૬ | નાંગલપુર | કાંદિવલી |
| ઉષા કિર્તી કુંવરજી દેઢિયા | ૬૬ | પત્રી | મીરા રોડ |
| વિનોદ ખીમજી મોનજી સાવલા | ૬૮ | કોડાય | ભુજ |
| જયંત વિશનજી ખીમજી છેડા | ૬૭ | કારાઘોઘા | મુલુંડ |
| કાંતિલાલ લાલજી ડાહ્યા નાગડા | ૭૭ | મોથારા | થાણા |
| નીલ રમણીક ગાંગજી ગડા | ૪૦ | નાના ભાડિયા | ડોંબિવલી |
| પૂનમબેન નવીનચંદ્ર લાલજી દેઢિયા | ૬૩ | કપાયા | ડોંબિવલી |
| ગુણવંતીબેન લાલજી જેઠી નિસર | ૮૧ | દેવપુર | નેરૂલ |
| જયંતીલાલ પ્રેમજી વલ્લભજી નાગડા | ૭૨ | વિંઢ | મુલુંડ |
| રમણીકલાલ રામજી લધા વિક્મ | ૭૪ | ગજોડ | થાણા |
| મણિલાલ ખેતશી ચના દેઢિયા | ૭૬ | કોડાય | મુલુંડ |
| ખીમજી કાનજી કેશવજી શાહ/સંગોઈ | ૭૭ | મેરાઉ | કાંદિવલી |
| ધારશી લખમશી રાઘવજી દેઢિયા | ૮૦ | પ્રાગપુર | થાણા |
| મોહનલાલ ચના ભાણજી ગોસર | ૮૯ | હમલામંજલ | ડોંબિવલી |
| હરખચંદ માલશી વીધુ મોતા | ૭૧ | નાંગલપુર | ડોંબિવલી |
| હસમુખ લાલજી મોણશી છેડા | ૬૩ | રતાડિયા ગણેશ | ડોંબિવલી |
| મા. મઠાંબાઈ ગાંગજી રામજી નંદુ | ૧૧૦ | વાંઢ | માટુંગા |
| ભરત પ્રેમજી ઉમરશી વિસરિયા | ૬૦ | કોડાય | ઠાકુરદ્વાર |
| રતનબેન રાયશી ભાણજી ગડા | ૮૭ | રાયધણજર | લાલબાગ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| ગીતા હરેશ મેઘજી છાડવા | ૫૭ | નાંગલપુર | બોરીવલી |
| અજિત ડુંગરશી ટોકરશી વિકમાણી | ૫૬ | કોટડા રોહા | મુલુંડ |
| કલ્પેશ નવીનચંદ્ર ગાંગજી વીરા | ૫૨ | નાના ભાડિયા | વડાલા |
| મા. હેમલતાબેન જાદવજી શામજી સાવલા | ૮૮ | લાખાપુર | માટુંગા |
| અ.સૌ. હીના પ્રવીણ હંસરાજ સાવલા | ૫૫ | દુર્ગાપુર | ડોંબિવલી |
| નવીન શામજી પાંચારિયા દેઢિયા | ૮૧ | બિદડા | મુલુંડ |
| મા. મોંઘીબેન હીરજી પ્રેમજી પાસડ | ૮૨ | ભોજાય | ડોંબિવલી |
| જવેરબેન જાદવજી ભારમલ સાવલા | ૯૨ | કારઘોઘા | વાશી |
| તન્વી મહેન્દ્ર દામજી સૈયા | ૨૭ | મોખા | જોગેશ્વરી |
| અ.સૌ. સરલાબેન કરમશી ધારશી દેઢિયા | ૭૨ | કપાયા | દાદર |
| અ.સૌ. લીલાવંતીબેન હરખચંદ ખીમજી છેડા | ૭૫ | ફરાદી | માટુંગા |
| દિપન શશિકાંત મુરજી ગાલા | ૪૩ | બિદડા | ગોરેગામ |
| રતનશી ભાણજી કરમશી ગડા | ૯૧ | રાયણ | દાદર |
| અ.સૌ. શેફાલી મનીષ દેવચંદ ગાલા | ૪૯ | દેવપુર | હૈદરાબાદ |
| દેવકાંબેન જગશી લાલજી વીરા | ૮૭ | નાંગલપુર | દાદર |
| હરેશ ડુંગરશી રતનશી છેડા | ૬૨ | કાંડાગરા | ઘાટકોપર |
| કંચનબેન જયંતીલાલ કુંવરજી કેનિયા | ૭૨ | બારોઈ | વડાલા |
| મા. પુષ્પાબેન પ્રેમજી રવજી ગોસર | ૯૦ | મોટા રતાડિયા | કોલકાતા |
| દિલીપ નરશી મોનજી સાવલા | ૬૨ | દેશલપુર (કંઠી) | ઘાટકોપર |
| તારાચંદ જગશી ચાંપશી છેડા | ૭૧ | મો. કાંડાગરા | ભુજ |
| મા. લીલાવંતીબેન હીરજી ધનજી પાસડ | ૭૯ | કોટડા રોહા | ઘાટકોપર |
| કુસુમ જયંતીલાલ વેલજી ફુરિયા | ૬૫ | બિદડા | મલાડ |
| હિના પ્રવીણ હરખચંદ મોતા | ૭૩ | નવાવાસ | પરેલ |
| સુશીલા જયંતીલાલ શામજી સતરા | ૭૩ | ગુંદાલા | ડોંબિવલી |
| હીરાબેન હીરજી મણશી વોરા | ૮૬ | દેવપુર | માટુંગા |
| **કાળધર્મ પામેલ છે** | | | |
| પૂ. કીર્તનમુનિ મ.સા. | ૮૨ | ---- | ---- |

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન







સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) JUNE 2022 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022



# DIVERSE RANGE | UNMATCHED QUALITY

Industry Leading Technology, Driving Sustainable Growth.

**Trusted Products, Proven Expertise.**



## MOLDED INDUSTRIAL PACKAGING



## HOSPITAL FURNITURE PARTS



## AUTOMOTIVE COMPONENTS



## INFRASTRUCTURAL FURNITURE PARTS

## WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rain Water Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Mitsu
You visualise...we mold

**Mitsu Chem Plast Ltd.**
Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.